

ચંદ્રકાંત બક્ષી (૧૯૩૨-૨૦૦૬)

# દેશ વિદેશ

ગુજરાતી લિટરરી એકેડેમી
ઓફ નોર્થ અમેરિકાનું મુખપત્ર

**મે ૨૦૦૬**

**ગદ્યવિશેષાંક**


આમંત્રિત સંપાદક : મધુ રાય
સંપાદક : અશોક મેઘાણી



| કૃતિ | કર્તા | પૃ |
|---|---|---|
| સાચી સાચી વાતો | પન્ના નાયક | ૨ |
| અબ્દુલ જેનું નામ | પ્રીતિ સેનગુપ્તા | ૩ |
| ભુલાઈ ગયેલો ટહુકો | વસુધા ઈનામદાર | ૬ |
| ફ્લાય રાઇટ | સુચિ વ્યાસ | ૮ |
| દાદાની દાદાગીરી | કિશોર રાવળ | ૧૦ |
| હાથ | રમેશ શાહ | ૧૨ |
| ડિઝાઇનર ગર્લ | રજની પી. શાહ | ૧૪ |
| સપ્તર્ષિ | હરનિશ જાની | ૧૬ |
| મીરા કે પ્રભુ ગિરિધર | રાહુલ શુક્લ | ૧૮ |
| નિદ્રાવિયોગ | બાબુ સુથાર | ૨૧ |
| બક્ષી, આઈ મિસ યુ | મધુ રાય | ૨૨ |
| સાહિત્ય સંમેલન ૨૦૦૬ | …… | ૨૬ |
| પ્રમુખનો પત્ર | રામ ગઢવી | ૨૮ |
| સંપાદકીય | | ૨૮ |



Published for Gujarati Literary Academy of North America by Ram Gadhavi, 4 Ales Place, Wayne, NJ 07074

# સાચી સાચી વાતો



**પન્ના નાયક**
ફિલાડેલ્ફિયા, પેન્સિલ્વેનિયા

કે એ ખુશનુમા સવારે તારી આંખની કીકીઓ સામે મીટ માંડી બોલાઈ ગયું: મારે હવે કોઈની જરૂર નથી, જોઈએ છે કેવળ હું, તું, દરિયો ને નાળિયેરી!

તેં હાથમાં હાથ લઈ દાબી દીધો અને ટેરવાંને વાચા આવી : સાચે જ અને એ જ ઘડીએ પવન આવ્યો, નાળિયેરી ઝુકીને બોલી : સાચે જ ભરતીટાણું નહોતું ને મોજાં પર મોજાં ઊભરાયાં, ને સફેદ ફીણોએ કિનારે આવી, અડીને કહ્યું : સાચે જ વાત નાની હતી ને નાજુક આટલી નાની વાતમાં આવડી ઊંચી નાળિયેરી ને આવડો વિશાળ દરિયો સંમત થયાં એનો પડઘો પડ્યો: સાચે જ!

મેં દરિયાકિનારા જોયા છે, માઈલો સુધી વિસ્તરેલા દરિયાનું મને આકર્ષણ છે. દરિયો જોઉં, દરિયાની રેતીમાં ડહોળાઉં મોજાંને સાંકળું, દરિયે પગ લંબાવી બેસી રહું. સાત દરિયાએ મને સાત સાચી વાતો કહી છે એ વરણાગી વાતો હું ફરી કહું તો નાળિયેરીના કાન ફાટે. હું વાતોની વરણાગણ: કોઈ વાત કરે ને મને પાન ઊગે. પૂનમની મસ્તી હોય, અમાસનો વૈભવ હોય, તોફાન, આનંદ, ઉદાસી! સમજાય નહીં કે મારા મનમાં ઊગે છે એ દરિયાના ભાવ છે? કે મારા ભાવથી દરિયો પાણી પાણી થાય છે : સાચે જ!

નાળિયેરીના સુગંધવનમાં હું સાપણની જેમ વિહરૂં. ઊંચી ઊંચી કાયાનાં ચંદ્રાકાર પાનમાંથી પૂનમની ચાંદની તમે ઝીલો ને ઘાયલના 'ઘ' થઈને પડો, અને ઊડતા પવનને ગળે દરિયાનો રવરવતો રવ દરિયાના પેટાળમાં પરવાળું થઈ પડી, કાચબાની પીઠે ચડી, નાળિયેરીની નસોને એકીટસે જોવાનું માર્દવ : સાચે જ!

અનાયાસદરિયોનેનાળિયેરીઅડોઅડથઈગયાં. નાળિયેરી લળી પડી દરિયા તરફ દરિયાએ છીપલાં ખોલી છાની છાની વાતો રેડી નાળિયેરીના કાનમાં! આપણી સાચી સાચી વાતો!

આદરિયોનેનાળિયેરીનાંટેરવાંએકવારઅડોઅડથયાં સાંજની ચુપકીદીમાં ગુસપુસ કરતું કોઈ બોલ્યું : 'સોહામણાં!' ટેરવાં સચેત થઈ ગયાં, આંખોમાં આસવ અંજાયો. પડખું ફરીને ગુસપુસ બોલી : સાચે જ!

ખુલ્લી આંખોમાં સાંજનો ખુમાર હતો.

પડદાનીપાંપણોઉલેચીઆપણેબારીપાસેઊભાં. ક્ષિતિજ પર ફાટેલા જ્વાળામુખી જેવા સૂરજનું લાલચોળ મોં નમ્યું. બે નાજુક પંખીની પાંખો વચ્ચે વિસામો લેવા દરિયાને હાંફ ચઢી સૂરજના પિપાસુ હોઠ બોલી ન શક્યા : સાચે જ!

ને પછી એ ગુલાલી સાંજે તારી આંખની કીકીઓ સામે મીટ માંડી : મારે હવે કોઈની જરૂર નથી

હું, તું, પૂનમનો દરિયો ને

ચાંદની
ઝ
ર
તી
ના
ળિ
યે
રી....

(વાર્તાસંગ્રહ 'ફ્લેમિન્ગો')માંથી

ગુજરાત રાજય ૧૯૯૭ની પહેલી મેને દિવસે ૩૭ વર્ષનું થઈ ગયું. ૧૯૪૮માં મુંબઈમાં ભાઉચા ધક્કાથી સ્ટીમરમાં બેસીને મારા કઝિન રસિકભાઈ પરીખ 'વિલાયત' ગયા ત્યારે સ્ટીમરમાં ઈંગ્લૅન્ડ જવાતું હતું... ! વિલાયત રહ્યું નથી. આજે અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પરથી સીધા ઊડીને લંડન હીથરો પર ઊતરી શકાય છે. સમયચક્ર ફરી ગયું છે. નૉન-રેઝિડન્ટ-ઈન્ડિયન અથવા એનઆરઆઈ નામનું પ્રાણી જન્મી ચૂક્યું છે. મને 'નૉન'થી શરૂ થતા શબ્દો ક્યારે ય ગમ્યા નથી, એ આપણી નકારાત્મક માનસિકતા દર્શાવે છે. ચીનમાં જે રોકાણ થયું છે એમાંથી ૮૦ ટકા રોકાણ અગ્નિ એશિયાના દેશો હૉંગકૉંગ, તાઇવાન, મલેશિયા, ઈન્ડોનેશિયા, થાઈલૅન્ડ, સિંગાપુરના લોકોએ કર્યું છે. ચીનમાં એમને નૉન-રેઝિડન્ટ (ચાઇનીઝ) ચીના કહેતા નથી, એમને 'ઓવરસીઝ ચાઇનીઝ' કહેવામાં આવે છે. આપણે આપણા એનઆરઆઇ લોકોને શા માટે ઓઆઇએ (આવર ઇન્ડિયન્સ અબ્રોડ) કે ઓઆઇઓ (આવર ઇન્ડિયન્સ ઓવરસીઝ) કહેતા નથી? ચીનની બહારના સાડાપાંચ કરોડ ચીના 'નૉન' નથી. આપણાં દોઢેક કરોડ વિદેશી ભારતીયો શા માટે 'નૉન' છે? કોણ છે એ લોકો? રાજ કપૂરની ફિલ્મના ગીતની લીટી છે : રસ્તા વોહી ઔર મુસાફિર વોહી, ઈક તારા ન જાને કહાં છૂટ ગયા... ! આ આવર ઈન્ડિયન્સ ઓવરસીઝ છૂટેલા તારાઓ છે.
ચંદ્રકાંત બક્ષી

# અબ્દુલ જેનું નામ



**પ્રીતિ સેનગુપ્તા**
વ્હાઇટ પ્લેઇન્સ, ન્યૂ યોર્ક

અણગમતી યાદને દૂર કરવી હોય એમ છોકરીએ માથું હલાવ્યું. ઊંડો શ્વાસ લીધો. 'મોહંમદ એલ ખામિસ' માર્ગની બન્ને બાજુ નારંગીનાં ઝાડ હતાં. કેસરી ફળ દૃશ્યમાં રંગ પૂરતાં હતાં. ફૂલોનો સ્પર્શ હવામાં અનુભવાતો હતો. છેવટે એ મોરૉક્કોના એવા એક શહેરમાં હતી કે જ્યાં હળવાશ સાથે ટહેલવું શક્ય હતું. આ ફેઝ શહેરના રસ્તાઓ પર સિસકારા સાંભળ્યા વગર, જુવાનિયાની કનડગત વગર ફરી શકાતું હતું.

છોકરી બસસ્ટૅન્ડ પર આવી. ભુલભુલામણી જેવી જૂના શહેર મદિનાની ગલીઓ સુધી લઈ જતી બસ ઊપડવાની તૈયારીમાં હતી. જૂની મસ્જિદો અને મદરેસાઓ ફરીથી એને જોવી હતી, પણ બસમાં ચડવાનો ધસારો જોઈને એણે એ વિચાર માંડી વાળ્યો.

એના હાથમાં શહેરનો નકશો હતો. દિશાની ખાતરી કરવા ચાલવાનું જરા ધીમું કરી એણે નકશા પર નજર કરી લીધી. રાજમાર્ગ 'હસન તેનિ'ની ફૂટપાથ પરના કાફેથી એ દૂર હતી. છોકરીને ત્યાં આવેલા કાફે વિશે ખબર હતી. બહાર ખુરશીઓ પર પુરુષો બેઠા હશે અને રસ્તા પર પસાર થઈ રહેલા રાહદારીઓને જોતા હશે.

એ જ્યાં ચાલતી હતી તે તરફ કુદરતી ઉદ્યાન શરૂ થતું હતું. એના નીચે ઢોળાવોમાં થઈને નાનકડી ફેઝ નદી વહેતી હતી. એ એક બેન્ચ પર બેઠી. દૂર દેખાતા પર્વતોના ઝાંખા લીલા આકારને જોતી રહી. સાંજ પડી ગઈ હતી. આસપાસ નીરવતા હતી. આવા શાંત એકાંતમાં એ ફરી ઊંડા વિચારમાં સરી પડી. માર્રાકેશમાં બનેલા બનાવો એના મનમાં ઊપસવા લાગ્યા.

* * *

એ માર્રાકેશ પહોંચી ત્યારે હવા ખુશનુમા હતી. હોટેલ શોધી ઓરડામાં સામાન મૂક્યા પછીનું કામ હતું બસ-ડેપોની શોધ. હવે આગળનો કાર્યક્રમ ગોઠવવા માટે બસના સમય જાણવા જરૂરી હતા.

માર્રાકેશ શહેરનો નકશો બહુ કામમાં આવે એવો લાગતો નહોતો. એક-બે વાર ખોટે રસ્તે ચઢ્યા પછી ત્યાંથી પસાર થતી એક મોરૉક્કન સ્ત્રીની એણે મદદ માગી. એ સ્ત્રીએ ભાંગીતૂટી અંગ્રેજીમાં છોકરીને બસ-ડેપોનો રસ્તો સમજાવ્યો.

અહીં મોટી તકલીફ ભાષાની થતી હતી. આમેય મોરૉક્કો ફરવા માટે અઘરું પડે એવું સ્થળ હતું, વળી અરબી કે ફ્રેન્ચ ભાષામાં જ વહેવાર ચાલે. અરબીના બેચાર અને ફ્રેન્ચના બારપંદર આવડતા શબ્દો વાપરીને એ કામ ચલાવતી હતી.

હજી એ રસ્તાનો પૂરો ખ્યાલ આવ્યો નહોતો, છતાં મક્કમ ગતિએ બસ-ડેપોની અજાણી દિશા તરફ જવા એ વળી. એ જેવી વળી કે ત્યાં જ એક યુવાન તેની પાસે આવ્યો અને મદદ કરવાની તૈયારી બતાવી. એ એકદમ સાવધાન થઈ ગઈ. આવી રીતે જ તકલીફો શરૂ થાય છે તેવી ચેતવણી પ્રવાસ-પુસ્તકોમાં એણે વાંચી હતી. શરમ રાખ્યા વગર એણે સ્પષ્ટ ના જ પાડી દીધી કે એને ગાઇડની જરૂર નહોતી. યુવાને જવાબ આપ્યો કે પોતે વિદ્યાર્થી હતો ને એને અંગ્રેજી બોલવાનો મોકો જોઈતો હતો - એટલું જ, બસ. અલબત્ત, એણે કશું નવું કહ્યું નહોતું. બધા આવું જ કહેતા હોય છે. પણ છોકરીને થયું કે વાંધો નહિ આવે અને કોઈ મદદ કરનારું હોય તો ખોટું પણ નહિ.

યુવાને કહ્યું કે એનું નામ અબ્દુલ હતું. બસ-ડેપો ઘણો દૂર હતો. ત્યાં પહોંચવા માટે ઘણું ચાલવું પડ્યું, પણ કામ તો થયું. છોકરીને થયું હવે નિરાંતે માર્રાકેશમાં રખડી શકાશે. અબ્દુલ એને 'બાબ દુકાલા' નામના પુરાણા દરવાજામાં થઈ પાછલી ગલીઓ વટાવીને જૂના શહેરમાં બજાર તરફ લઈ ગયો. મોરૉક્કોનાં શહેરોની આ ગલીકૂંચીઓ ગંદી અને કુરૂપ હતી, છતાં તેમાં એક પ્રકારનું આકર્ષણ અનુભવાતું હતું. બજાર જોવાઈ ગયું તેવું લાગે, ત્યાં જ પહેલાં નહિ જોયેલી ગલીઓ અને જેમાં ડોકિયું કર્યું ન હોય તેવી દુકાનો દેખાય.

બજારની ગલીઓમાં ઘોંઘાટભર્યો આછો અંધકાર હતો. ત્યાં ફરવામાં થોડા કલાકો વીતી ગયા. હવે છોકરી થાકી હતી. કંટાળી પણ હતી. એ ખુલ્લી જગ્યામાં જવા માગતી હતી. ખભા પર લટકતા કૅમેરાનું પણ વજન લાગતું હતું. અબ્દુલે કૅમેરાનો થેલો ઉપાડી લેવાની તૈયારી બતાવી હતી, પણ છોકરીએ ના પાડી હતી.

એને વિખ્યાત 'બેન યોસેફ મદ્રેસા' અને બીજી પ્રાચીન ઈમારતો પણ જોવી હતી, પણ અબ્દુલ એને બજારની ગલીઓમાં જ ફેરવતો રહ્યો. છોકરીને વહેમ ગયો. કદાચ દુકાનદારો અબ્દુલને કંઈક વળતર આપતા હશે; વેચાણમાંથી જ નહિ - ગ્રાહકને દુકાનમાં લઈ આવવા માટે પણ તેને વળતર મળતું હોવું જોઈએ.

એ અબ્દુલ સાથે ચાલવા લાગી. એને લાગ્યું કે એ ચીજોના ભાવ ઓછા કરાવવામાં સફળ થઈ હતી અને કંટાળો આપે તેવા દુકાનદારો તરફ ઉપેક્ષાભાવ પણ બતાવી શકી હતી. પરંતુ એને ક્યાં ખબર હતી કે અહીં દરેક પ્રવાસી શિકારની શક્યતા જેવો હતો. છેલ્લી ચાલ અને જીતની બાજી તો ફક્ત મોરૉક્કનોના હાથમાં જ હતી.

આખરે અબ્દુલ અને એ સાંકડી ગલીઓમાંથી બહાર નિકળ્યાં. થોડી વાર આરામથી બેસવાની બહુ જરૂર હતી. 'જેમા એલ-ફ્ના' મેદાનના મોટા વિસ્તારની એક બાજુએ 'કાફે ફ્રાન્સ'નું મકાન દેખાયું. એ કાફેની અગાશી પર ગયાં. ત્યાંથી મેદાનમાંની મેદની જોઈ શકાતી હતી. ઢોલક વગાડનારા, જાદુના ખેલ કરનારા, સાપ સાથે રમતા મદારીઓ, નાચનારાઓ; વળી ખૂલતા ઢીલા ઝભ્ભાવાળા મોરૉક્કનો અને જૂદા તરી આવતા પ્રવાસીઓ. થોડી વાર પહેલાં એ ક્યાંય પૂરાં થવાનાં ન હોય તેવાં બજારોની ગૂંચવી નાખતી ગલીકૂંચીઓમાં ફરતી હતી. હવે અહીં આવ્યા પછી છોકરી મુક્તિ અને શાંતિનો અનુભવ કરવા લાગી હતી.

કૉફી ખરાબ નહોતી અને હજી એને બેસી રહેવાની, આરામ કરવાની જરૂર હતી. એણે હોટેલમાં પાછા ફરવાનું નક્કી કર્યું.

અબ્દુલે બે કલાક પછી ફરી મળવાનું સૂચન કર્યું. છોકરીએ વિચાર્યું કે અબ્દુલ જો હોટેલ પર આવવાનો હોય અને બાજુના કાફેમાં જાહેરમાં કૉફી પીવા બેસવાનું હોય તો એમાં કોઈ દુ:સાહસ જેવું નહોતું. એ ફરી મળવા કબૂલ થઈ.

થાક એવો લાગેલો હતો કે હોટેલ સુધી જવા ટૅક્સી અથવા બસ લેવી જોઈતી હતી, પણ એણે ચાલવું જ પસંદ કર્યું. માંડ દસેક મિનિટનો રસ્તો હતો. રસ્તા પર ઘણી અવરજવર હતી. ગુલાબી રંગે રંગેલાં મકાનોને કારણે માર્રાકેશ શહેર સૂકા રણમાં

ખીલેલા કોઈ ફૂલ જેવું લાગતું હતું.

એ જ ક્ષણે, બરાબર અડધે રસ્તે, સાવ અચાનક, શહેરની પેલી પાર આવેલા રણની રેતીની આંધી ચઢી આવી. ઘૂમરી લેતી રેતી વીંઝાવા માંડી. એની તીક્ષ્ણ કણીઓ છોકરીની આંખોમાં ખૂંચવા માંડી. આંખો બંધ પણ ન કરાય ને ખુલ્લી પણ ન રહે. એની આંખોમાંથી પાણી વહેવા લાગ્યું. એના મોઢા પર રેત તીરની જેમ વાગી અને હોઠો પર એવી ચોંટી કે જીભ પણ ન ફેરવાય. પવનના ઝપાટામાં પુરુષોના લાંબા ઝભ્ભા અને પાઘડીઓ ઊડવા માંડ્યાં, સ્ત્રીઓનાં મોઢાં પરથી નકાબ ખસી જવા લાગ્યા. આંધીના હુમલા સામે છોકરી માંડ માંડ ટકી શકી.

ખાસ્સો તરખાટ મચાવી વાયરાનું સૈન્ય થોડી વારમાં તો પાછું પણ વળી ગયું, પણ રેતીની કણીઓ એના શરીર પર, વાળમાં અને કપડાં પર બધે જ ચોંટી ગઈ હતી. હોટેલના કમરામાં પહોંચીને થોડી વાર એ આડી પડી. છતાં મન પર રણનો જે લેપ લાગી ગયો હતો તે જલદી સાફ થાય તેવું લાગતું નહોતું.

સમય થતાં એ નીચે ઊતરી. હોટેલના દરવાજા પાસે થોડી વાર રાહ જોયા પછી એણે અબ્દુલને ટૅક્સીમાં આવતો જોયો. 'વાહ ભાઈ,' એણે સ્વગત કહ્યું, 'પ્રવાસીઓ ભલે પગે ચાલે કે બસમાં ફરે, પણ મોરૉક્કોના યુવાનો ફૅશનપરસ્તી અને વિલાસી શોખોની પાછળ પડેલા હતા. મોંઘી ટેવોને પોષવા જ એ લોકો ચોરી ને છેતરપિંડી કરતા થઈ જતા હશે.' ઓહ, હંમેશા સચેત રહેવાની આવશ્યકતા કેટલી થકવી દેનારી છે, છોકરીને થયું. એક અલીબાબાએ ચાલીસ ચોરોને કઈ રીતે સાચવ્યા હશે!

પવન સાવ બંધ થઈ ગયો. રાત સરસ હતી. છોકરીની હોટેલ સામેના જ કાફેમાં બન્ને બેઠાં. ગરમ અને ધૂળિયા દિવસ પછી શાંતિથી બેસવું છોકરીને બહુ સારું લાગ્યું. અબ્દુલ આખો દિવસ ઓછાબોલો લાગ્યો હતો અને મદદરૂપ મિત્રની જેમ વર્ત્યો હતો. એનો સાથ કંઈ ખોટો નહોતો. એ શુષ્ક લાગે તેવી અર્થ વગરની ચર્ચા પણ કરતો નહોતો. અબ્દુલ સજ્જનની જેમ વર્ત્યો હતો ને તેથી છોકરીને થોડો ગમવા પણ માંડ્યો હતો.

તેવામાં જ અબ્દુલે બાજુના ડિસ્કોથેકમાં જવાનો પ્રસ્તાવ મૂક્યો. એને નવાઈ લાગી. એ પોતે પણ આખો દિવસ પ્રવાસીની જેમ વર્તી હતી, કોઈ ચંચળતા બતાવી નહોતી. વળી અબ્દુલનો સાથ એને ગમ્યો હતો ખરો, પણ તે ગામમાં ટહેલવા કે જાહેર જગ્યાએ જઈ, સાથે બેસવા પૂરતો.

તેમ છતાં અબ્દુલે નિકટતાનો કોઈ જુદો અર્થ કાઢ્યો હશે? છોકરીએ ડિસ્કોથેકમાં જવાની ના પાડી, છતાં થોડી વાર પછી અબ્દુલે ફરી એ જ પ્રસ્તાવ મૂક્યો. એ વિચારવા લાગી - અબ્દુલ બુધ્ધુ હશે કે સામેની વ્યક્તિની અનિચ્છા સમજી ન શકે? કદાચ હું વિચાર બદલીશ કે મને વધારે આગ્રહની જરૂર હશે એમ માનતો હશે? કદાચ બીજી એકલી પ્રવાસી સ્ત્રીઓ સાથેના એના અનુભવો જુદા હશે.

અબ્દુલે સ્વીડનથી આવેલું એક પોસ્ટકાર્ડ એને બતાવ્યું હતું. મોરૉક્કો ફરવા આવેલી કોઈ સ્ત્રી અબ્દુલ સાથે ગાળેલો સમય તીવ્રતાથી યાદ કરતી હતી, એવું કંઈક પોસ્ટકાર્ડમાંના લખાણથી છતું થતું છોકરીને લાગ્યું હતું, વાંચવુંય ગમ્યું નહોતું. ત્યારે જ એને થયું હતું કે અબ્દુલે એને કોઈનો પત્ર શા માટે બતાવ્યો હશે? એણે ફરીથી અબ્દુલને ડિસ્કોથેકમાં જવાની ના પાડી.

રાતની નિશ્ચલતા છોકરીને અડકી ગઈ હતી. એણે કૉફી હલાવ્યા કરી. બીજી એક તેજ, મોંઘી અમેરિકન સિગારેટ સળગાવી એનો કશ ખેંચતા અબ્દુલ શાંત અને ધીમા અવાજમાં વાત કરતો રહ્યો. અબ્દુલ કહેતો હતો, 'ડિસ્કોની ભીડ ને ત્યાંનો ઘોંઘાટ ન ગમે તે સ્વાભાવિક છે. તો પછી મારે ઘેર જવું છે?' એ એના કુટુંબ સાથે રહેતો હતો ને ઘરમાં પોતાનો અલાયદો કમરો હતો. 'ત્યાં બેસીને પશ્ચિમી સંગીત નિરાંતે સાંભળી શકાશે.'

અબ્દુલ હઠપૂર્વક પ્રયત્ન કરતો હતો. ઘેર જવાની વાત તો એવી હતી કે છોકરી તેના પર ધ્યાન પણ આપવા તૈયાર નહોતી. એણે તોછડાઈ ન બતાવી, પણ એ દૃઢ અને અડગ રહી. ઇચ્છા તો થતી હતી ચીસ પાડવાની, લડીને અબ્દુલને કહેવાની કે એ સૂચન કેટલું મૂર્ખામી ભરેલું હતું. એને બદલે એણે ટૂંકો અને સીધો નકારાત્મક જવાબ આપ્યો. વાત ત્યાં જ પૂરી થઈ ગઈ.

એ હોટેલમાં જવા ઊભી થઈ. અબ્દુલે કહ્યું કૉફીના પૈસા હું આપી દઉં છું અને કાલે સવારે કાફે ફ્રાન્સમાં આપણે મળીએ, જેથી બાકીની ઇમારતો તમને બતાવી શકું.' અબ્દુલનું આ સૂચન પણ એણે નકારવું જોઈતું હતું, પણ આખા દિવસના થાક પછી એ ડહાપણવાળો નિર્ણય ઝડપથી લઈ શકી નહિ.

બીજા દિવસની સવાર સરસ હતી. કાફે ફ્રાન્સમાં નાસ્તો પતાવીને એ ફરી એક વાર અબ્દુલની પાછળ મદિનાની ગલીઓના દુર્ગમ જંગલમાં પ્રવેશી. સૌથી પહેલા મદરેસા 'બેન યોસેફ' જોવાની હતી. ૧૪મી સદીની આ ઇમારતમાં નીચેના પ્રાર્થનાખંડની દિવાલોની કોતરણી જોઈને એ દંગ થઈ ગઈ, પણ ઉપરની નાની નાની કોટડીઓવાળો ભાગ એને વ્યગ્ર કરી ગયો: બારીઓ વગરની, હવા અને ઉજાસ વગરની આ કોટડીઓમાં વિદ્યાર્થીઓ કુરાનનો અભ્યાસ કઈ રીતે કરતા હશે?

જોવાનું તો હજી ઘણું બાકી હતું, પણ જૂના શહેરમાંથી બહાર નીકળવા માટે સર્પાકાર બજારમાં આડાઅવળા જવું પડ્યું. ફરીથી ભીડ, ગંદકી, સાદ પાડતા દુકાનદારો, ઢગલેઢગલા વસ્તુઓ. જૂના શહેરમાંથી બહાર નીકળતાં સુધીમાં તો એ સાવ નંખાઈ ગઈ હતી.

'જેમા ઇ-ફ્ના'ની પાછલી બાજુના રસ્તા પરની એક નાની દુકાનમાં જમતાં જમતાં દીવાલ પર ચોંટાડેલા ફોટા બતાવીને અબ્દુલ ૬૦ માઈલ દૂર આવેલા પર્વત-પ્રદેશોની વાત કરવા લાગ્યો. વર્ણન પરથી એ સ્થળો રમણીય અને શહેર કરતાં જુદાં જ લાગ્યાં. છોકરીએ દક્ષિણ મોરૉક્કો અંગેના ચોપાનિયામાં એ સ્થળના ફોટા જોયા હતા અને વર્ણન વાંચ્યું હતું. એને ત્યાં જવાનો લોભ થઈ આવ્યો.

તો પછી ફેઝ જવાનું શું? ટિકિટ બદલવા ફરી બસ-ડેપો પર જવું પડે. ખરેખર તો એને હોટેલ પર જઈ જરા સૂઈ જવું હતું. કદાચ એને તાવ આવી રહ્યો હતો. અબ્દુલનો પ્રસ્તાવ એ જ બપોરે તરત જ નીકળી જવાનો હતો.

અબ્દુલ પર્વત-પ્રદેશની ઉપર સુધી પહોંચવા માટે ટૅક્સીની કિંમત ટાંકી રહ્યો હતો. 'બસ તો કંટાળાજનક હોય છે ને બહુ ઊભી રહે છે.' એણે દલીલ કરી.

છોકરીએ સામો જવાબ આપ્યો, 'હું તો પ્રવાસી છું ને બસમાં જ જવા માગું છું. તે પણ આવતી કાલે, અને કદાચ.'

'સારું, તો પછી અત્યારે ઘોડાની બગીમાં ફરવા જઈએ તો કેવું?'

અબ્દુલ પાસે તુક્કાઓની ખોટ નહોતી. માર્રાકેશ ઘોડાગાડીની સહેલ માટે જાણીતું હતું. પણ અચાનક આવતી રેતીની આંધીની જેમ બધું સામટો હુમલો કરી રહ્યું હતું: હોટેલ, ફેઝ, પર્વતો, ઘોડાગાડી, બગીચા, મહેલો, મદિના, મદરેસા. કશુંક બરાબર નહોતું. કશુંક એને હેરાન કરી રહ્યું હતું. એ જાણે પેલી કોટડીઓમાં ગૂંગળાઈ રહી હતી. ત્યાંની બારી વિનાની દીવાલોની વચ્ચે એ ભીંસાઈ રહી હતી. એને તો ઓમર ખય્યામવાળી પાર્શ્વભૂમિ જોઈતી હતી: ઝાડ નીચે આસન, હાથમાં પુસ્તક, પાસે સુરાઈ હોય અને આસપાસ બીજું કોઈ જ ન હોય.

એને એ જ ઘડીએ, પોતે શું કરી રહી હતી તેની ખબર પડે તે પહેલાં જ છોકરીએ ઘોડાગાડીવાળાને આપવા માટે પૈસા કાઢ્યા. અબ્દુલે કહ્યું કે ઘોડાગાડીની સહેલ માટે અડધા પૈસા પોતે આપશે. છોકરીને એ પ્રસ્તાવ ઠીક લાગ્યો. એણે પોતાના ભાગના પૈસા અબ્દુલને આપ્યા. પૈસા લઈને અબ્દુલ ગયો.

છોકરી એની રાહ જોતી રહી. સારો એવો સમય પસાર થયો છતાં અબ્દુલ પાછો આવ્યો નહિ. છોકરીને ભાન પાછું આવ્યું. આંચકા સાથે એને સમજાયું કે એ છેતરાઈ હતી. કોઈ વ્યક્તિ માટે સંદેહ રાખવો એના સ્વભાવમાં નહોતું, પણ લાંબા સમય પછી

અબ્દુલ પાછો આવ્યો નહિ ત્યારે એને ખાતરી થઈ ગઈ કે એ હવે આવશે નહિ. પૈસા તો થોડા ગયા હતા, અને તે વાતનો એને વસવસો પણ નહોતો, છતાં છોકરીને લાગ્યું કે એ જાણે છતી થઈ ગઈ હતી. એ વિચારે એનો જીવ ચચરતો હતો.

એણે ઉદાસ ભાવે અબ્દુલ કેવો માણસ હતો એ વિશે વિચારવા માંડ્યું. ખાખી કપડાંમાં, પાતળી મૂછોવાળો એ ખરાબ નહોતો દેખાતો. બાંધો એકવડો હતો અને મોઢું સુરેખ હતું. એ ફૅશનેબલ ગૉગલ્સ પહેરતો, મોંઘી સિગારેટો પીતો, ટૅક્સીમાં ફરવું પસંદ કરતો, અત્યારના પાશ્ચાત્ય સંગીતમાં દિલચસ્પી ધરાવતો હતો. એના ઘરમાં એના ભપકા પોષાતા હશે? એના પિતાની એક નાની ફૅક્ટરી હતી ને ઘેર એની મોટરસાઇકલ પડેલી હતી એમ અબ્દુલે કહ્યું હતું. એની વાતોમાં થોડું પણ સત્ય હતું કે એ સ્વાભાવગત રીતે જ જુઠ્ઠો હતો? જીવન પાસેથી શું માગતો હશે એ?

અબ્દુલે બેત્રણ વાર છોકરીનુ નામ પૂછ્યું હતું ને પછી ફરી ભૂલી ગયો હતો. અબ્દુલને માટે એ એક વ્યક્તિ હતી કે ફક્ત એક શિકાર? હવે છોકરીને સમજાયું કે અબ્દુલે ફોટો પડાવવાની કેમ ના પાડી હતી. જો એણે અબ્દુલને કૅમેરા ઊંચકવા આપ્યો હોત તો એ બધું લઈને તરત ક્યાંય ભાગી ગયો હોત.

ભરબપોરે, ગામની વચમાં એ જાણે ખોવાઈ ગઈ, વિચિત્ર રીતે અશક્ત થઈ ગઈ. અબ્દુલે ધાર્યું હશે તે કરતાં લાંબો સમય એ અડીખમ રહી શકી હતી. જો એ જરા વધારે વાર અડગ રહી હોત તો ચોક્કસ અબ્દુલે એનાથી હાથ ધોઈ નાખ્યા હોત. અબ્દુલે એના પ્રયત્ન લગભગ છોડી દીધા હતા ત્યારે જ એ જીતી ગયો હતો. જોકે અબ્દુલની જીત સાવ સાધારણ હતી. ફક્ત એક કે બે જ દિવસ ચાલે એટલા પૈસા એ પડાવી શક્યો હતો અને તે પણ કેટલી બધી મહેનત પછી.

એ 'જેમા એલ-ફ્ના'માંથી ધીરે ધીરે નીકળીને બહાર જતી હતી ત્યાં એક ઊંચો, પાતળો, સારાં કપડાંમાં સજ્જ યુવક એની પાસે આવ્યો. સરસ સ્મિત સાથે નિખાલસતાથી બોલ્યો, 'શહેરમાં ફરવા જવું હોય તો હું તમારી સાથે આવવા તૈયાર છું. મારું નામ અબ્દુલ છે.'

બીજો અબ્દુલ? આટલી વારમાં? જોકે આ અબ્દુલ ઘણો ધીરજ વગરનો લાગ્યો. એ બજારમાં જઈ આવી હતી ને ખરીદી પતાવી આવી હતી એમ સાંભળ્યા પછી એણે કશો આગ્રહ ન કર્યો. એવા જ સરસ સ્મિત સાથે વિદાય માગીને જતા રહેતાં પણ એને વાર ન લાગી.

છોકરીએ આછા નિ:શ્વાસ સાથે નોંધ્યું: મોરૉક્કોના યુવાનો કોઈ વિચિત્ર ઘટના જેવા છે. એમની કનડગત શારીરિક રીતે આક્રમક નથી, એમને રસ છે ફક્ત ભૌતિક વસ્તુઓમાં.

બીજા દિવસે ફેઝ જવા માટે એ બસમાં પ્રવાસ કરી રહી હતી ત્યારે પણ ચચરાટીભર્યો ભાવ છોકરીના મનમાં તરવરતો રહ્યો હતો - જાણે સૂકું અને શુષ્ક રણ આખા રસ્તામાં એની સાથે જ ખેંચાયા કરતું હતુ.

* * *

આખરે ફેઝ શહેરની સુંદરતા છોકરીને ફરી સ્વાભાવિક અને સ્વસ્થ બનાવી રહી હતી. એની વિનોદવૃત્તિ પાછી આવી રહી હતી. એણે નિર્ણય કર્યો: હવેથી હું શસ્ત્ર સજીને તૈયાર રહીશ - તીર અને ઢાલ બન્નેની સાથે. મોરૉક્કો છોડીને ભાગી નહિ જાઉં, પણ નક્કી કર્યું છે ત્યાં સુધી રહીશ ને લડી લઈશ. એનું મન હળવું થઈ રહ્યું હતું. એના હોઠ પર સ્મિતની છાયા પણ આવી ગઈ હતી. બરાબર એ જ વખતે એક પ્રગલ્ભ યુવાન એની પાસે આવ્યો અને બોલ્યો: 'કેમ છો? ફેઝ શહેરમાં ફરવા આવ્યાં છો?'

છોકરી એને જોઈ રહી.

'હું એક વિદ્યાર્થી છું. હું ગાઇડ પણ છું. હું તમને મારું શહેર બતાવી શકીશ.'

છોકરી જાણે ફરીથી સુસજ્જ અને સશસ્ત્ર થઈ ગઈ. એણે કૅમેરાનો થેલો ખભા પર ભરાવ્યો, શહેરનો નકશો ઉપાડ્યો ને જાણે ધસી જતી હોય તેમ બેન્ચ પરથી ઊઠી. યુવાન બોલ્યે જતો હતો:

'મારું નામ અબ્દુલ છે.'

'શું?' છોકરી સ્તબ્ધ થઈ ગઈ. એણે બરાબર સાંભળ્યું તો હતું ને? આ પણ અબ્દુલ? આ કોઈ મજાક હતી કે આખા દેશમાં ફેલાયેલું કાવતરું?

છોકરીએ એ યુવાનની સામે જોયું પણ નહિ. એ ઝડપથી ચાલવા લાગી. યુવાનનો અવાજ હજી પાછળ ઘસડાતો હતો: 'મારું નામ અબ્દુલ છે. તમારું નામ શું છે?'

હવે છોકરીના હોઠ પર પેલું સ્મિત તોફાની હાસ્યમાં ફેરવાઈ ગયું. રસ્તો ઓળંગવા જતાં એણે સહેજ છોકરમત સાથે યુવાન તરફ જવાબ ફેંક્યો:

'મારે કોઈ નામ જ નથી... આવજો.'

(વાર્તાસંગ્રહ 'એક સ્વપ્નનો રંગ'માંથી)

પઠાણોના મુલ્કમાં એક ગામડામાં એક ધાર્મિક પુરુષ ગયા અને પૂછ્યું: તમારે ત્યાં કોઈ પીરની કબર નથી? પઠાણોએ કહ્યું ના, હુઝૂર, અમારે ત્યાં પીરની એક પણ કબર નથી! ધાર્મિક પુરુષે પઠાણોને ધમકાવ્યા: કેવા ધર્મહીન માણસો છો તમે? પીરની એક કબર પણ નથી? પઠાણોએ એકબીજા સામે જોયું, પીરનું એક સ્થાનક પણ ન હોય એ તો બહુખરાબ કહેવાય! બધાએ ધાર્મિક પુરુષને પકડ્યા, એમને જ કતલ કરીને તરત કબર બનાવી દીધી -- અને ઈબાદત કરવા બેસી ગયા!

'યહ તો વહી જગહ હૈ ગુઝરે થે હમ જહાં સે'માંથી

ચંદ્રકાંત બક્ષી

પૂર્વ આફ્રિકામાં જૈન ઓશવાળ છે, દક્ષિણ આફ્રિકામાં નથી. પૂર્વ આફ્રિકામાં લુહાણા વધારે છે, દક્ષિણ આફ્રિકામાં બહુ ઓછા છે. પૂર્વ આફ્રિકામાં પટેલ છે, દક્ષિણ આફ્રિકામાં ચરોતર પટેલો નથી. દક્ષિણ આફ્રિકામાં ગુજરાતની શ્રમિક જાતિઓ પ્રથમ ગઈ. ૧૮૬૦માં ટુરો જહાજમાં પ્રથમ ગિરમીટિયા મદ્રાસી મજૂરો ડરબન કિનારે ઊતર્યા હતા, એ કરાર કે એગ્રીમેન્ટ પર આવેલા મફત પ્રવાસીઓ હતા. ગુજરાતીઓ દક્ષિણ આફ્રિકાની ધરતી પર ઊતરનારા પ્રથમ સ્વતંત્ર ભારતીયો હતા. એ 'પૅસેન્જરો'
કહેવાતા હતા, કારણ કે એમણે પૈસા ખરચીને બોટ પર પૅસેજની ટિકિટો લીધી હતી. એ કૉન્ટ્રૅક્ટ પર વેઠિયા તરીકે નહીં પણ સ્વતંત્ર વેપાર માટે આવ્યા હતા.

ચંદ્રકાંત બક્ષી

મોઝામ્બિક તૂટ્યું અને પોર્ટુગીઝ ખસી ગયા એટલે ત્યાં રહેતી ગુજરાતી પ્રજા પોર્ટુગલમાં આવીને સ્થીર થઈ છે. કેટલાં ય કુટુંબો છે જે પોર્ટુગીઝ જાણે છે અને પોર્ટુગલમાં એમણે ધંધો જમાવ્યો છે. એવી જ રીતે કેટલાક મુસ્લિમ ગુજરાતી પરિવારો ઉત્તર ઈંગ્લૅન્ડથી સ્કૉટલૅન્ડ વચ્ચે વર્ષોથી સ્થાયી છે. એમનો ગુજરાત સાથે કોઈ સંપર્ક નથી પણ એમણે ગુજરાતી જીવન બરાબર ચાલુ રાખ્યું છે. કોઈકે આ બધા વિશે
લખવું પડશે.

ચંદ્રકાંત બક્ષી

પચાસ વર્ષ પહેલાં નાત જમતી, પંગત બેસતી, જ્ઞાતિ સહભોજન થતાં, પીવાના પાણીની પણ અભડાઈ જવાની શક્યતાઓ હતી. એક જ ગ્લાસ અને એક જ સુરાહીમાંથી પાણી પીવાનું, ગુજરાતને ૫૦૦ વર્ષનો સંસર્ગ હોવા છતાં , ગુજરાતી સમાજ સ્વીકારી શક્યો નહીં. ગુજરાતી હિંદુ ભાઈચારાનો ખરો અર્થ ગુજરાતી હિંદુ જ્ઞાતિભાઈચારો હતો. પેઢીઓ મધ્યમ કક્ષાના ટાઉનો કે શહેરો છોડીને સિટી કે નગરોમાં આવી અને નગરો મહાનગરો બનતાં ગયાં, બહાર સડકો પર કે હોટેલોમાં જમવું એ શોખ નહીં પણ મજબૂરી બનતી ગઈ. આરંભમાં નગરમાં આવેલા લોકો સ્ત્રીઓ વિનાના પુરુષો હતા અને રોટી પહેલી સમાનતા લાવી.

ચંદ્રકાંત બક્ષી

# ભુલાઈ ગયેલો ટહુકો



**વસુધા ઈનામદાર**
એજવૉટર, ન્યૂ જર્સી

રોહન અને માનસીને બેચાર મહિને એકાદ ટ્રિપ મારવાની આદત છે. તેઓ પોતાનાં બન્ને બાળકો કંચનબહેનને સોંપીને જતાં રહેતાં. બાળકો નાનાં હતાં ત્યારે કંચનબહેનને થતું, 'હશે, ભલે ફરતાં. લગ્ન પછીનાં પાંચ વર્ષમાં બે બાળકો થયાં. એમને પોતાને પણ દાદી બન્યાનો ઉમંગ હતો. બાળકોના જન્મ પછી એમનું જીવન પાછું હર્યુંભર્યું બન્યું, પણ સમય જતાં તેઓ માત્ર બેબીસિટર બની રહ્યાં. દીકરાની વહુ માનસીને મદદ કરવાનો આનંદ ધીરે ધીરે ઓસરતો ગયો. બાળઉછેરની સમગ્ર જવાબદારી જાણેઅજાણે એમના શિરે આવી. સવારનાં બાળકોને સ્કૂલે મૂકવા જવાથી માંડીને તે એમના હોમવર્કની જવાબદારી પણ એમની જ!

એ દિવસે સાંજના માનસીને એના બેડરૂમમાં સૂટકેસ ભરતા જોઈ ત્યારે એમને બહુ આશ્ચર્ય ન થયું. બાજુમાં જ ઊભેલી પૌત્રી સરીનાએ કહ્યું, 'મૉમ અને ડૅડ યુરોપની ટૂરમાં જઈ રહ્યાં છે. હું મારી જોઈતી વસ્તુઓનું લિસ્ટ બનાવવાની છું. બા, તમારે કંઈ જોઈએ છે?'

કંચનબહેને માનસીની સામે જોયું. એમને પૂછવું હતું, 'ક્યારે જાઓ છો? ક્યાં ક્યાં જાઓ છો? કેટલા દિવસે પાછાં આવશો?' પણ માનસીની સામે જોયા પછી એ પ્રશ્નો પૂછવાની એમને ઇચ્છા જ ન થઈ. સરીનાએ જ સામે ચાલી કહ્યું. 'બા, અમે તો તમારી સાથે જ રહીશું. એ લોકો લૉંગ વીકએન્ડમાં જવાનાં છે.' એ વિચારતાં રહ્યાં. બે દિવસ પછી જવાનાં છે, મને કોઈ કાંઈ કહેતું નથી. આપણને શાનાં પૂછે? એમને ગુસ્સો આવ્યો - હવે હદ થઈ!

તેઓ રસોડામાં આવ્યાં. ડાઇનિંગ ટેબલ પર પડેલાં વાસણો સિંકમાં મૂક્યાં. હાથ રસોડાના કામમાં પરોવાયા પણ મન ભૂતકાળમાં સરી પડ્યું. ભારતથી આવ્યાં પછી પોતે ભણ્યાં, પતિના ખભે ખભા મિલાવીને નોકરી કરી. લોકોને ત્યાં રસોઈ કરવાથી માંડીને કપડાં સીવવાનું કામ કર્યું. પૈસા ભેગા થતાં જ ધંધામાં રોકાણ કર્યું. આજે પોતાના નામે મકાન છે, બૅંકમાં સારું એવું બૅલેન્સ છે. મોટો દીકરો કૅનેડા છે. અવારનવાર તેના પરિવાર સાથે આવે છે. દીકરી પણ એનાં બાળકોને લઈને આવતી હોય છે. મારા સંતાનો વિસામો લેવા આવે છે, ક્યારેક મોટો દીકરો એમની નજીક બેસીને હકથી કહે છે, 'મૉમ, ધિસ ઇઝ આવર વેકેશન હોમ!' તેઓ વિચારતાં, કોઈને એમ થાય છે કે માને પણ વિસામાની જરૂર છે! અહીં આવીને પોતાનાં બાળકો મને સોંપીને શૉપિંગ કરવામાં કે પોતાના મિત્રોને મળવામાં વ્યસ્ત થઈ જાય છે.

તે દિવસે માનસી વાત વાતમાં કહેતી ગઈ, 'બા, તમે મને હું ક્યાં જઉં છું એવું પૂછો ને, ત્યારે મને જૂના જમાનાના મધર-ઇન-લૉ યાદ આવી જાય છે!' ત્યારથી કંચનબહેને એને પૂછવાનું બંધ કર્યું હતું.

કંચનબહેનને ક્યારેક થતું કે રોહન અને માનસીને કહું આ દેશમાં છેલ્લાં વીસ વર્ષથી રહું છું. તમારી જેમ હવે આ મારો દેશ છે. તમારાં રૂટ આ દેશમાં મજબૂત કરવામાં મારો ફાળો કાંઈ નાનોસૂનો નથી. એમનું મન ઉદાસ થયું. ધીરે ધીરે ગ્લાનિભર્યા મનમાં ગુસ્સાએ સ્થાન લીધું.

ધીરે ધીરે સ્વસ્થ થયાં ને તે વિચારવા લાગ્યાં. 'હું માનસીની મા ન બની શકું તે સમજાય એવી વાત છે. શરૂઆતમાં હું વિચારતી કે એક દીકરી ગઈ તો બે ઘરમાં આવી; હું એમને માની ખોટ નહીં સાલવા દઉં... પણ જીવનમાં માનીએ છીએ એટલું કરવું તે સહેલું અને સરળ નથી હોતું. મેં સમજણપૂર્વક માનસીની મમ્મી નહીં પણ સારી સાસુ બનવાનો પ્રયત્ન કર્યો.

કંચનબહેને બાળકોને મોટાં કર્યાં. હિંમતપૂર્વક જીવ્યાં. પોતાનું બિઝનેસ સંભાળીનેય બાળકોને ભરપૂર પ્રેમ આપ્યો. પોતાનાથી શક્ય એટલા પૂર્વ અને પશ્ચિમના સંસ્કારો આપ્યા. પૌત્ર અને પૌત્રીનું ઘડતર કરવામાં એમનો મોટો ફાળો છે. આ ઘરની હરેક ચીજ પર એમનો હક્ક છે. દરેક ચીજ સાથે લાગણીના તંતુથી તે જોડાયેલાં છે. પોતે કર્તવ્યદક્ષ અને સફળ બિઝનેસવુમન હતાં એનો અહેસાસ એમને હજીય છે.

પોતાની જીવન પ્રત્યેની સમજણ વિશે એમને ગર્વ હતો. એ માનતા હતાં કે એમની છાયામાં બાળકો સુખી અને સુરક્ષીત હતાં, પણ હવે સમગ્ર પરિસ્થિતિ પલટાવા લાગી હતી.

કાલે રોહન અને માનસી જવાના. આખા દિવસના વિચારોને અંતે એમણે નિર્ણય લીધો. થોડાંક કપડાં, ક્રેડિટ કાર્ડ, ચેક બુક અને થોડીક કૅશ લઈને તેઓ બહાર નીકળ્યાં. જવું ક્યાં? કોને ત્યાં? ઘરનું બારણું પાછું ખોલ્યું, ટૅક્સી માટે ફોન કર્યો. થોડીવારમાં જ ટૅક્સી આવી. તે બોલ્યાં, 'ઍરપોર્ટ...'

સાંજ પડવા આવી હતી. માનસીએ રોહનને કહ્યું, 'હજી બા નથી આવ્યાં.'

'અરે આવશે. કોઈકની રાઇડ મળી હશે તો મંદિર ગયાં હશે, નહીં તો કોઈકની ખબર કાઢવા હૉસ્પિટલ ગયાં હશે.'

'ગયાં હોય તો પણ આટલે મોડે સુધી રોકાય નહીં.' માનસી રસોડામાં જઈને જુએ છે , રોજની જેમ આજે ટેબલ પર ડિનર મુકાયેલું નહોતું.

રાતના દસ વાગ્યા. બાળકો પણ દાદીને શું થયું, ક્યાં હશે વિચારતાં સૂઈ ગયાં. રાત ઘડિયાળના કાંટે દોડી રહી હતી. રોહન ફોનની બાજુમાં જ બેસી રહ્યો. માનસી એની સામે જોઈ રહી. ક્યાંય સુધી વાતાવરણમાં ચૂપકીદી છવાઈ રહી.

ને માનસી ઊંચા સાદે બોલી : 'તમારી માનાં લક્ષણ કંઈ સારાં નથી. તમારી ઑફિસનો જૂનો મૅનેજર અવારનવાર ફોન કરતો હોય છે.'

'ચૂપ રહે, એની કાંઇ ઉંમર છે? સાંઈઠની ઉપર થયાં મારી બાને...'

'વાહ ભાઈ વાહ, આટલાં વર્ષે માંડ પચાસનાં લાગે છે. એમનું શરીર કેવું એકવડું છે! મોઢામાંના બત્રીસે દાંત સલામત છે, એટલુંજ નહીં - મારી કરતાંય એમના વાળ તો જુઓ! પાછળથી કોઈ જુએ તો ભૂલથાપ ખાઈ જાય! આ બધા પર મુગટ ચઢાવવાનો બાકી હોય તેમ યુવાન સ્ત્રીને શરમાવે એવી એમની ગરવી ચાલ! અને ચહેરા પર કરચલીનું નામોનિશાન નથી. અમે સાથે જઈએ તો મારાં મોટાં બહેન લાગે. તે દિવસે સરીનાની સ્કૂલમાંથી કોઈએ પૂછ્યું હતુંઃ આ તારી મમ્મી છે? આ તો અમેરિકા છે, સમજ્યા!'

'તું હવે મારી મા વિશેની અતિશયોક્તિભરી વાત બંધ કરીશ!'

'કેમ સાચી વાત કડવી લાગી?

આ જુઓ મારા વાળ ઊતરે છે... તમે હવે તમારી માને શોધી કાઢો, નહીં તો આપણી આ યુરોપની ટ્રિપ તો ગઈ ને રીફંડ પણ મળશે નહીં.'

'એમ કર, તારી મોટીબહેનને બોલાવ...'

'શું વાત કરો છો? એને ટાઇમ છે? આપણે સાજાંમાંદાં હોઈએ અને એ આવે એ વાત જુદી. આ તો આપણે લહેર કરવાની ને એ આપણાં છોકરાં સાચવે?'

'એવું જ તો મારી મા સાથે છેલ્લાં દસ વર્ષથી થઈ રહ્યું છે.'

માનસીએ જાણે રોહનની વાત સાંભળી જ ન હોય તેમ 'તમારી માએ ખોટાં લાડ લડાવ્યાં છે. મોટાને આખો દિવસ કમ્પ્યૂટર અને ટી.વી.... અને આવડી અમથી સરીનાને ટેલિફોન અને ફ્રેન્ડ્સ. કોણ સાચવે આપણાં છોકરાંને અમેરિકન છોકરાંની જેમ...'

એને અધવચ્ચેથી અટકાવીને, 'માનુ, મને સમજાતું નથી કે તું વારંવાર મારી માને કેમ બ્લેઇમ કરે છે. એ તોફાની બરકસોની મા તો તું છે. તું થોડોક સમય કાઢ ને! નોકરી છોડીને બાળકોને સાચવ!'

'હવે તમારું ભાષણ બંધ કરી તમારા માની તપાસ કરો. ખરે ટાઇમે એમને શું સૂઝ્યું તે આમ કહ્યા વગર જ... ! મેં એમની બહેનપણીઓને ફોન કર્યા, ન્યૂ યોર્ક તમારી બહેનને પણ કર્યો. એ તો સામેથી મને જ ચોંટ્યાં — તમે મમ્મીનું ધ્યાન નથી રાખતા, એમને બેબીસિટર બનાવી દીધાં છે, પહેલાં તો એ કેટલાં ઍક્ટિવ હતાં...!' રોહન માનસીની સામે જોઈ રહ્યો. 'મેં તો એમને સંભળાવી દીધું કે બહુ લાગણી ઊભરાય છે તો લઈ જાઓ થોડો વખત. તો બસ કહેવા માંડ્યાં, તમારે એને રાખવી નથી, એના ઘરમાં મફત રહો છો, બહાર ભાડું ભરીને રહો ત્યારે ખબર પડશે. મને તો એમ લાગે છે કે તમારાં બા ત્યાં જ છે.'

રોહન બોલ્યો, 'ના, બા ત્યાં ના હોય. ત્યાં હોય તો અનુ તો આપણને કહે જ ને!'

'તો બા આમ ખરા વખતે ક્યાં ગયાં? તમારી ફૅમિલીમાં તો ...'

'માનુ, પ્લીઝ, તારી ફૅમિલી વિશે તો મને બોલાવીશ નહીં. ચાર દિવસ માટેય હેલ્પફુલ થયાં છે?'

રાત આમ જ પસાર થઈ.

બીજે દિવસે બપોર થતામાં બાનો ફોન આવ્યો, 'હલો!'

'હાં, બોલો બા, તમે ઠીક છો ને?'

'રોહન, હું મજામાં છું. બે દિવસમાં આવી જઈશ. મારી ચિંતા ના કરશો.'

માનસી દોડીને આવી. 'ક્યાંથી બોલો છો? બા તમે ક્યાં છો?' ફોન કટ થઈ ગયો.

રોહન અને માનસીને ટ્રિપ કૅન્સલ કરવી પડી. બા ગયાં ત્યારની માનસી ઘરે જ છે. મનમાં બા પ્રત્યે રોષ લાવાની જેમ ઊકળતો હતો. એ કારણ વગર જ બાળકો પર ગુસ્સો કરતી. આજે રજાનો છેલ્લો દિવસ. આજેય બા ના આવે તો કાલે કામે નહીં જવાય. રોહને એને આશ્વાસન આપ્યું, 'બાએ મને કહ્યું છે તો તે આવશે જ, ઓ.કે.!'

જ્યારે કંચનબહેન પોતાના ઘર આગળ આવીને ઊભાં રહ્યાં ત્યારે ખાસ્સું અંધારું થવા આવ્યું હતું. બારણાનો ડોરબેલ વાગ્યો. બા બારણે ઊભાં હતાં. 'માનસી, જરા પાણી આપ અને ઓછી ખાંડવાળી ચા બનાવ... ને જો, હું જમવાની નથી. હાં, છોકરાંને કહી દેજે મને ડિસ્ટર્બ ન કરે!'

માનસીએ એમની વાત તરફ દુર્લક્ષ કર્યું ને તે બોલી ઊઠી, 'પણ તમે આમ અચાનક કોઈનેય કહ્યા વગર કોની સાથે ગયાં હતાં?'

'કહ્યું ને હમણાં કોઈ વાત નહીં? ચા લઈ આવીશ?'

રોહને કહ્યું, 'જા, ચા બનાવ. મારી પણ બનાવજે.'

બા એમની નવી પૈડાંવાળી બૅગ એમના રૂમમાં લઈ ગયાં. માનસી જોતી જ રહી. એણે રોહનની સામે જોયું.

ત્યાં તો ફોન રણક્યો. રોહને જ ઉપાડ્યો. 'હલો, હા કોણ? વાત કરવી છે? ... ના ...ના છેને! બે દિવસ બહારગામ ગયાં હતાં. હા... હા... તમારો ફોન હતો એવું એમને કહીશ.'

ત્યાં તો બાએ અંદરના રૂમમાંથી ફોન ઉપાડ્યો. માનસી ચાનો કપ લાવી. બા આનંદપૂર્વક વાતો કરતાં હતાં. એમના રૂમમાંથી બહાર નીકળતાં માનસીના કાને શબ્દો પડ્યા... 'હા, હા, હવે કંચન બનીને જ જીવવાની છું.'

સૂતાં પહેલાં એમણે રોહન અને માનસીને કહ્યું, 'સવારે છોકરાંને મૂકવા નહીં જવાય. હવેથી ત્રણ દિવસ તમે જજો, બાકીના બે દિવસ હું જઈશ.'

માનસી ન બોલવામાં નવ ગુણ સમજીને કામ પર મોડું અવાશે એવો ફોન કરીને બાળકોને સ્કૂલે મૂકી આવી.

તેઓ હવે સવારના નિયમિત ફરવા જાય છે. ત્યાંથી ક્યારેક પુસ્તકાલયમાં જાય છે. સિનિયર સિટિઝનની ક્લબમાં જાય છે. બૅકયાર્ડમાં હીંચકે બેસી નિરાંતે મનગમતાં પુસ્તકો વાંચે છે. બાળકોના હોમવર્કમાં માથું મારવાને બદલે બાગમાં કામ કરે છે. મન થાય ત્યારે બાળકો માટે ભાવતી વસ્તુઓ બનાવે છે. રોહન અને માનસીને એમણે કહી રાખ્યું છે, કામ પરથી વહેલાંમોડાં આવવાના હો તે દિવસે મને અનુકૂળ હોય તો રસોઈ બનાવી રાખીશ. હવે માનસી રસોઈ કરે છે.

એક દિવસ ઘરે કમ્પ્યૂટરની ડિલિવરી થઈ. માનસી બોલી, 'ઘરમાં કમ્પ્યૂટર ઓછાં હતાં?'

કંચનબહેને કહ્યું: 'આ મારું છે.'

'હવે આ ઉંમરે શીખવાના?'

'શીખનારને ઉંમર નહીં, ઇચ્છા અને મન હોય છે.' ત્યાં તો એમની પર્સમાંથી ટેલિફોનની ઘંટડી સંભળાઈ.

'બા, આ શું?'

'સેલ્યુલર ફોન!'

'મને ખબર છે, પણ તમારે... !'

'અરે હા, સિનિયર સિટિઝનની ક્લબમાંથી અવારનવાર ટ્રિપમાં જવાનું હોય છે. મને તમારો સંપર્ક સાધવો હોય તો...!'

એમણે ફોન ઉપાડ્યો, 'હા, હું કંચન બોલું છું. બોલો... આવતી કાલથી? કેટલા વાગે? ... વાહ, ખૂબ સરસ!'

માનસી ઉદ્વિગ્ન મને એમની ફોન પરની વાતચીત સાંભળતી રહી. ફોન પૂરો થતાં જ તે બોલી, 'શું હવે બહાર જવાનાં? ગાડી નવી લાવશો?'

'ના, મારી ગાડી તું છોકરાંને લેવા-મૂકવામાં વાપરે છે ને, તે કાલથી હું લઈ જઈશ.'

માનસી એમની વાત પૂરી થાય તે પહેલાં રસોડા તરફ નીકળી ચૂકી હતી. જીમમાં જવાનાં કપડાં પહેરી કંચનબહેને મૃદુ ટહુકો કર્યો, 'માનસી, છોકરાંને લેવા જાય ત્યારે મને જીમમાં મૂકતી જજે.'

(વાર્તાસંગ્રહ 'અનુજા'માંથી)

૧ મે, ૧૯૬૦ને દિવસે ગુજરાત રાજયનો જન્મ થયો. ૧ મે, ૧૯૮૦એ ગુજરાત ૨૦ વર્ષ પૂરાં કરે છે. સંવિધાન પ્રમાણે ૨૧ વર્ષ સમાપ્ત થયા બાદ નાગરિક પુખ્ત બને છે અને એને વોટ આપવાનો અધિકાર મળે છે. ગુજરાત જયારે પુખ્ત વયને ઉંબરે ઊભું છે ત્યારે નિષ્પક્ષ થઈને, જરાક ક્રૂર થઈને પણ એ વિચારવું પડશે કે ગુજરાતીઓ કોણ છે, શું છે, ક્યાં છે, કેવા છે?
('ગુજરાતી : મહાજાતિ કે મીની જાતિ?'માંથી)
ચંદ્રકાંત બક્ષી

# ફ્લાય રાઈટ



**સુચિ વ્યાસ**
ફિલાડેલ્ફિયા, પેન્સિલ્વેનિયા

અમેરિકામાં આવ્યા બાદ આમને આમ ઘણાં વર્ષો આડેધડ જ્યાંત્યાં નોકરિયું કરી માંડ માંડ આખરે એક ધંધામાં જીવ રેઢો બેસાડી લાઈને ચડી. મારા પિતાશ્રી જ્યારે 'અખિલ હિંદ નશાબંધી'ના પ્રમુખ તરીકે રાષ્ટ્રસેવાનું દાન આપતા હતા ત્યારે સપને પણ ખ્યાલ નહોતો કે હું પણ ક્યારેક ડ્રગ-આલ્કોહૉલના પ્રોફેશનમાં કામ કરીશ!

૧૯૮૨ની સાલમાં હેરોઇન, કોકેઇન, મારિવાના અને જાતજાતની પ્રિસ્ક્રાઇબ્ડ મેડિસિનને મહાલતા ખૂનખાર ગુનેગારોને કાઉન્સલિંગ કરવાની જવાબદારી મેં સ્વેચ્છાએ સ્વીકારી. બકરીને શું ખબર કે એ મશક થવાની! પહેલાં તો નવા નવા ડ્રગના નામની પણ ખબર નહોતી. મારા કુંવારા કાન સાવ અમલ હતા. ફિલાડેલ્ફિયાની આવી એક મેથડોન ક્લિનિકમાં બેનબા ચાલ્યાં સાસરે... નોકરીનો પહેલો દિવસ શરૂ થયો. ગામના ઉતાર ગુંડાઓ, ચોર, ડાકુ, કાદુ મકરાણીઓ, ભૂપત બહારવટિયાઓ અને પુરુષોને પણ ડર લાગે એવી બાઈઓ, છોકરીઓ, રાંડો, વેશ્યાઓની કતારો આવતી રહી. દે ધનાધન, લાકડાની તલવારે યાહોમ કરીને અંદર ઝંપલાવ્યું.

બે ત્રણ દિવસના ઓરિએન્ટેશન પછી મને એક અઘરો કેઇસ સોંપવામાં આવ્યો. મારા એ ક્લાયન્ટનું નામ ફ્લાય રાઈટ! સાચું નામ રૉબર્ટ જિલિયન. ફ્લાય રાઈટ એટલે ધસમસતું વાવાઝોડું. આ વાવાઝોડાને પંખાની સંયમિત હવામાં કેમ રૂપાંતરિત કરવો એ જ સમસ્યા હતી. ફ્લાય રાઈટ બ્લૅક અમેરિકન જમાતનો સરદાર હતો; ઊંચો, કદાવર, દેખાવડો, હાથમાં ચાંદીની મૂઠવાળી લાકડી રાખીને હરતોફરતો ખલનાયક હતો. ફ્લાય રાઈટનું આગમન થાય ત્યારે બાઅદબ, બામુલાઈઝા જેવા પોકારો સાથે દુંદુભિનાદ થતા. એવું લાગે કે જાણે રામની સવારી આવી રહી છે. ફ્લાય રાઈટ પાસે હજારો ડિઝાઈનર સૂટ હતા. કપડાંમાં મૅચિંગનો ભારે શોખીન! જેવા સૂટ એવા બૂટ! મોજાં, ટાઈ અને લાકડીના વૉકિંગ સ્ટિકના ઢગલા. પોશાકની બાબતમાં ફ્લાય રાઈટ બહુરૂપી હતો. કોઈ વાર આરબ થાય, કોઈ વાર સાવ આફ્રિકન થાય તો કોઈ વાર સૂટેડ-બૂટેડ જેન્ટલમૅન જેવો બની નીકળે. આખું વેસ્ટ ફિલાડેલ્ફિયા એનાથી થથરે. સાચું પૂછો તો ફ્લાય રાઈટ વેસ્ટ ફિલાડેલ્ફિયાનો ડ્રગ લૉર્ડ કહેવાય!

મારા સુપરવાઇઝરે પહેલી વીકલી ટીમ મીટિંગમાં ફ્લાય રાઈટનો કેઈસ મારા માથે ઠોક્યો. આપણે મોઢે તમાચો મારી ગાલ લાલ કરી નીચી મૂંડીએ હા પાડી. આમેય નોકરીમાં કસોટીના સ્ટેઇજમાંથી પસાર થઈ જવાની ગભરામણ તો હતી જ! આખોય સ્ટાફ મૂછમાં મરક મરક હસવા લાગ્યો. બૉસે કહ્યું, 'ફ્લાય રાઈટને સાચા રસ્તા ઉપર લઈ જવાનો છે. ગભરાતી નહીં. અમે બધાં તારી સાથે જ છીએ. તું જો ફ્લાય રાઈટનું કાઉન્સલિંગ કરીશ તો થેરાપ્યૂટિક કમ્યુનિટીમાં અનુભવનો એક પહાડ ઊભો થઈ જશે.' સિક્યોરિટી ગાર્ડે કહ્યું, 'અમે ખડે પગે ઊભા રહેશું.' મારે બુધવારે બપોરે એક વાગ્યે ફ્લાય રાઈટને મળવાનો સમય નક્કી થયો.

આમ તો હું ભડભાદર માણસ કહેવાઉં છું. કોઈના બાપની સાડાબારી ન કરું પણ મંગળવારની રાત્રે ઊંઘ ન આવી. બુધવારે વહેલા નહાઈ ધોઈ શ્રી હરિને પ્રાર્થના કરી, 'મારી રક્ષા કરજે.'

બરોબર સાડા બાર થયા નથી અને કટ્રીના જેવું વાવાઝોડું ફૂંકાયું હોય એમ ફ્લાય રાઈટની સવારીને પહેલાં આવતાં સાંભળી અને પછી જોઈ! 'ફ્લાય રાઈટ આવી રહ્યો છે' એવા ગગન સુધી પહોંચતા નારાઓ રણક્યા. આગળપાછળ ફ્લાય રાઈટના સાથીદારો છડી પોકારતા આવતા હતા. આ દૃશ્ય જોઈ મારા પગ ધ્રૂજી ઊઠ્યા. અમે તો નાનપણમાં દ્વારકાધીશના મંદિરમાં પહેલી વાર શ્રી કૃષ્ણની છડી પોકારાતી સાંભળેલી અને અમેરિકાના પ્રેસિડેન્ટ નૅશનલ સ્પીચ આપે ત્યારે તેની છડી પોકારતો માણસ ટીવી ઉપર જોઈએ. પણ બાપુ, આ તો ફ્લાય રાઈટની, ડ્રગ લૉર્ડની સવારી હતી. એનો માભો, એના હોકારા-પડકારા, અને ધસમસતી ચાલ રૂઆબદાર હતાં. ઓહોહોહોહો રૂવાબ અસ્સલ ગરાશિયા જેવો; આંખ્યું લાલચોળ ધોલર મરચાં જેવી; કલાકો સુધી કાતરણી કરેલ દાઢી અને ધારદાર મૂછો. ક્લિનિકમાં એણે ખલનાયકની જેમ સ્ટાઈલથી એન્ટ્રી મારી. આવા તૂફાની તમંચા સામે હું થથરી ગઈ. હું તો દોટ મૂકીને મીંદડીની જેમ મારા બૉસની ખુરશી પાછળ સંતાઈ ગઈ. સાવ સાચું કહું તો મૂતરી પડીશ એવો ભય લાગ્યો.

સિક્યોરિટી ગાર્ડ્ઝની હિંમત અને હૂંફ જોઈ મેં જય અંબે કહી ફ્લાય રાઈટને મારી ઑફિસમાં પધારવા આમંત્રણ આપ્યું. મોઢામાંથી આગ ફુંકવતો, ચાઈનાટાઉનમાં જોયેલા ડ્રૅગન જેવો ફ્લાય રાઈટ ગાળુંનો વરસાદ વરસાવતો, ચાંદીની મૂઠવાળી લાકડી ઉલાળતાં ઉલાળતાં ઉદ્ધતની જેમ બેઠો. 'હું એક કલાક બેસીશ અને એક શબ્દ નહીં બોલું.'

શરીરના તમામ સ્નાયુઓ, શક્તિઓ ભેગી કરી મેં કહ્યું 'આપણે ક્યાં મોટી મોટી થેરાપ્યૂટિક વાત કરવી છે? આપણે એકબીજાને મળીએ, ઓળખીએ, એવી હળવી મનની વાત કરવી છે.' મેં ચાલું રાખ્યું કે હું કોણ છું, મને કેટલાં છોકરાં છે, કેટલા વખતથી પરણેલી છું, આ દેશમાં ક્યારે આવી વગેરે વગેરે વાતો કરતાં મેં એને દસ-વીસ મિનિટ વાઘના પાંજરામાં રાખ્યો. આવતા બુધવારે ફરી એક વાગ્યે મળશું કહી છુટ્ટાં પડ્યાં. આવા અનેક બુધવાર પછી, બે ત્રણ વર્ષે માંડ માંડ ફ્લાય રાઈટની જિંદગીમાં મને અધખૂલે બારણે પ્રવેશ મળ્યો.

આપણો ફ્લાય રાઈટ છેલ્લાં વીસ વર્ષમાં ધામેધૂમે હેરોઇન વેચવાના ધંધામાં સારો એવો પૈસો કમાણો છે. કાદુ મકરાણીની જેમ વેસ્ટ ફિલાડેલ્ફિયાના વિસ્તારમાં કોઈની તાકાત નથી કે એનો હરીફ બને. અઢારથી ચાલીસ વર્ષની એની જિંદગીમાં લાંબો સમય જેલમાં અને થોડો સમય ગલીઓમાં ગાળ્યો. જેલમાં જાય, બહાર આવે, કોકેઇન વેચે. લાખોની ઊથલપાથલ, ખૂનામરકી, શાગિર્દો, ચમચાઓ, ગુલામો અને બે-ચાર-છ બેગમોનો બાદશાહ. સતત ભયમાં જીવન જીવવાની ટેવ પડી ગયેલી. પોલીસ, પ્રોબેશન ઑફિસર, કરેક્ષનલ ગાર્ડ્ઝ બધાં એના ધંધા જાણે. ચોર-પોલીસની રમતથી એ હવે થાકેલો.

ખોવાયેલો, દિશા ચૂકેલો જીવડો! છેલ્લીવાર એનો ગુનો નામદાર જજસાહેબે

પ્રોબેશન સ્ટિપ્યુલેશન સહિત માફ કરી એને અમારી ક્લિનિકમાં મોકલેલો. એના જ શબ્દોમાં કહું તો 'આઇ ઍમ મચ સોફ્ટર નાઉ'. મેં ત્રિરાશી માંડી કે તે જો અત્યારે સોફ્ટર હોય તો પહેલાં કેવો હશે! અસ્સલ હિંદી મૂવીમાં અમિતાભ કહે છે ને કે,'અબ તક તો હમ નર્મીલા હૈં.'

ફ્લાય રાઈટની મા પોતે બે વર્ષનો હતો ત્યારની સ્વર્ગે ચાલી ગયેલી. ફ્લાય રાઈટને બીજા બે મોટા ભાઈઓ. બાપ રેઇલરોડમાં કામ કરે. તેણે છેક બૉસ્ટનથી નૉર્થ કેરોલાઈના સુધી રેલવેના પાટા બાંધવામાં તનતોડ મહેનત કરી, રીતસરની કાળી મજૂરી કરી. દિવસો સુધી ઘરે ન આવે. માબાપની ગેરહાજરીમાં દાદીમાએ ત્રણ છોકરાનું ધ્યાન રાખ્યું. ફ્લાય રાઈટની જિંદગીનું એક માત્ર પાત્ર દાદી જેને ફ્લાય રાઈટ બહુ વહાલો. નાનો દીકરો, મા વગરનો છે એમ માનીને બહુ મોઢે ચડાવેલો. ચિરણજીવી ફ્લાય રાઈટને પણ દાદી તરફ બહુ વહાલ. દાદીની વાતો કરતાં એ આંખો લૂછે અને કલાકો દાદીની વાત કરતાં ન ધરાય. બસ એક દાદીને જ ફ્લાય રાઈટ સાચા દિલથી વહાલ કરતો હતો.

આ બાજુ બાપ તનતોડ મહેનત કરી ઘરે આવે ત્યારે ચકચૂર દારૂ પીએ, નતનવી રાંડું ઘરમાં ઘાલે અને દાદીને ઘરખર્ચના પૈસા આપી પોતાની બાપ તરીકેની ફરજ પૂરી પાડ્યાનું મન મનાવે. ઘરે આવેલ બાપ સાથે વાતો કરવાનું, રમવાનું, પ્યાર કરવાનું, દિવસોથી સાચવેલું સપનું હંમેશાં ફ્લાય રાઈટના દિલમાં ચૂરેચૂરા થઈ જતું. ફ્લાય રાઈટ ઘણી વાર દાદીમાને કહેતો કે, 'મને બહુ દુ:ખ થાય છે. ડૅડ નેવર હૅઝ ટાઈમ ફોર મી.'

બીજી બાજુ બે મોટા ભાઈઓએ પણ દારૂ, મારિવાના ફૂંકવાનાં શરૂ કરી દીધેલાં. શેરીના ભેરુ, ભાઈબંધુંની વાંસે વાંસે ફ્લાય રાઈટ પણ ટણક ટોળીમાં ભળવા લાગ્યો. નશો કરવા ખુલ્લું મેદાન, વણલખી કૌટુંબિક પરવાનગી સાથે ફ્લાય રાઈટનું ચોક્કસ અને ત્વરિત ગતિએ અધોપતન થતું જ રહ્યું. રોજ રાતે દાદી વહાલથી, પ્રેમથી કહેતી, 'દીકરા આ રસ્તો ખોટો છે. ભાઈ, રહેવા દે. પાછા આવવું હોય તો પણ નહીં અવાય. ભાઈ, ધીરો પડ.' વહાલસોયી દાદીની વાત સવાર પડ્યે જેમ ઝાકળ સુકાઈ જાય તેમ સુકાઈ જતી.

બાવીસ વર્ષની હેરોઈનની લત છોડવા માટે મેથડોન ટ્રીટમેન્ટ લેવાની ફરજ પડેલી. એની સાથે અઠવાડીએ એક વાર બે કલાકનું કાઉન્સલિંગ થાય. બાપ, દાદી બન્ને મરી ચૂકેલાં. બે મોટા ભાઈઓને ફ્લાય રાઈટની કોઈ દરકાર નહોતી. કોને ખબર કે બન્ને ભાઈઓ જેલમાં છે, મરી ગયા છે કે ક્યાંક બીજા ગામમાં ડ્રગ વેચવાનો ધંધો કરે છે.

દાદીના જૂના મકાનમાં પોતે એકલો રહે છે. ત્રણ ચાર બિલાડીઓ પાળી છે જેનું જતનથી ધ્યાન રાખે છે. એક કપટી ભાણિયો મહિનામાં ૧૦-૧૨ દિવસ ભેગો રહે છે. બાકીના દિવસો પોતાની બેનપણીઓ સાથે રહે છે. ફ્લાય રાઈટ્ને લાંબી ઍડિક્ટિવ લાઈફસ્ટાઈલ પછી આવું સાધુડા જેવું જીવન ગમતું નથી, ફાવતું નથી. હેરોઈન બંધ કર્યું છે. પણ રોજ રાતે પાડોશના બારમાં દબદબા સાથે તૈયાર થઈ ભાઈબંધુંનો દરબાર ભરી બેસવાનું, રાંડો નચાવવાની, જરૂર પડે તો પહેલાની જેમ નહીં પણ નાનો મોટો ડ્રગનો ધંધો, દલાલી, ડ્રગ અને ગુંડાઓની બાતમીની આપ-લે એવું કામ નિરંતર ચાલુ રાખેલું. પ્રોબેશન ઑફિસરથી છાનું છપનું, ધીમું ધીમું ડ્રગનું ઝેર શરીરમાં રેડાતું જ રહ્યું.

દસ બાર વર્ષના પરિચય પછી ફ્લાય રાઈટને મારા તરફ દાદીમા જેટલો નહીં તો પણ ઘણો પ્રેમ અને વિશ્વાસ ઊભા થઈ ચૂકેલા. હવે ગાળું દેવાને બદલે મિસ સુચિને 'મામા સુચિ' કહેતો. આમ ધીરે ધીરે એક વિકરાળ ફ્લાય રાઈટની અંદર રહેલા એક ધબકતા, લાગણીશીલ માણસનાં અને છેવટે એક ગભરુ બાળકનાં દર્શન થવાં લાગ્યાં.

વધતી જતી ઉંમર, લાંબી ઍડિક્ટિવ લાઈફસ્ટાઈલને લીધે એનું શરીર લથડવા લાગ્યું. ફરી નવી સમસ્યાઓ ઊભી થઈ. રોજ રોજ માથાં ફોડવાનું ચાલુ. સામ, દામ, દંડ ભેગાં કરી કાલાવાલાં કરું કે, 'ફ્લાય રાઈટ, હાલ તને ડૉક્ટર પાસે લઈ જાઉં.' કરોડરજ્જુ, હાથ, પગ બધું શિથિલ થવા લાગેલું. માથું પણ નીચું પડી ગયેલું. આખરે એક દિવસ હારીને હું રડી પડી. 'ફ્લાય રાઈટ, તું મરી જઈશ! ડૉક્ટરને દેખાડ...' ત્યારે ફ્લાય રાઈટે તેની જિંદગીનું એક ગુપ્ત પ્રકરણ ખોલ્યું.

'લગભગ આઠ વર્ષની ઉમ્મરે મને એકી બંધ થઈ ગયેલી. મને પીનસમાં પસ ભરાઈ ગયેલું. અનહદ વેદના ઊપડતાં મારી દાદી મને ડૉક્ટર પાસે લઈ ગયેલી. ત્યારે ક્લોરોફોર્મ આપ્યા વગર એ ડૉક્ટરે મને સુન્નત કરેલી. તે દિ'ની વાત, એ વેદના હું હજી ભૂલ્યો નથી! મરી જઈશ પણ કોઈ ડૉક્ટર પાસે હું નહીં જઉં!!'

આ મુલાકાત પછી ફ્લાય રાઈટ આઠ દિવસ સુધી દેખાણો નહીં. તેના બે ચાર દોસ્તારો અને કપટી ભાણિયાને પૂછતાં ખબર પડી કે ફ્લાય રાઈટ ખાટલામાંથી ઊઠી શકતો નથી. એનું કોઈ નથી. મેં બૉસ પાસે વિચાર રજુ કર્યો કે તરત જ એના ઘરે જઈ ક્લિનિક પર લઈ આવું. હું અને એક સિક્યોરિટી ગાર્ડ એના ઘરે ગયાં. ફ્લાય રાઈટ બહુ ખુશ થયો કે એનું કોઈ નથી એવું નથી. ફરી એક વાર ડિઝાઈનર સૂટ પહેરી, લાકડી લઈ ઘરમાંથી બહાર નીકળી હસતો હસતો ગાડીમાં બેસી ગયો. ક્લિનિકમાં બધાએ એને વધાવ્યો. આઠ દસ દિવસની મેથડોન એને ઘરે લઈ જવા આપી. એકાદ કલાક પછી એને ફરી ઘરે મૂકવા જતી હતી ત્યારે ફ્લાય રાઈટ નાક, આંખો લૂછતો લૂછતો બોલતો હતો, 'ગ્રાન્ડમા, આઈ ઍમ કમિંગ હોમ... ગ્રાન્ડમા, વેઇટ ફૉર મી. મામા સુચિ ઇઝ ડ્રાઈવિંગ મી ટુ યૉર હોમ...'

બે ત્રણ મિનિટ મેં તેને બોલવા દીધો. પછી મેં પુછ્યું, 'ફ્લાય રાઈટ, ગ્રાન્ડમા તો ક્યારનીયે સ્વર્ગમાં ચાલી ગઈ છે. તું કોની સાથે વાત કરે છે?'

ત્યારે જવાબ આપે છે કે, 'ડૂ નૉટ ડિસ્ટર્બ મી. આઇ ઍમ ટૉકિંગ ટુ માઈ ગ્રાન્ડમા.'

એનું ઘર આવ્યું - ૩૨૪૦ ચેસ્ટર ઍવન્યૂ. ગાડી ઊભી રાખી, બારણું ખોલી મેં ફ્લાય રાઈટને હાથ આપી કહ્યું કે ધ્યાન રાખજે. ઘરનાં પગથિયાં ચડતાં ફ્લાય રાઈટ ૩૨૪૨ નંબરના ઘર તરફ જવા લાગ્યો ત્યારે મેં બૂમ પાડી કહ્યું, 'ફ્લાય રાઈટ, તારું ઘર ૩૨૪૦ છે...'

પાછળ જોયા વગર એ એટલું જ બોલ્યો, 'આજે હું સાચા ઘરે જઉં છું. હવે તું પાછું ફરીને મારી તરફ ન જોતી.'

બરોબર તે સાંજે છ વાગ્યે ક્લિનિકમાં ખબર આવ્યાં કે ખરેખર એ દાદીમાને ઘરે સિધાવ્યો. સત્તર અઢાર વર્ષની મારી ફ્લાય રાઈટની યાત્રાનો પ્રશ્ન મારા મનમાં રમે છે...

'હૂ ઇઝ હીલિંગ? યૂ ઓર મી? રૂઝ કોને વળે છે, તને કે મને?'

('સમર્પણ'માંથી સાભાર)

જો તમારી જિંદગીનાં દસ વર્ષ બાકી રહ્યાં છે તો તમારે આ 'ક્વોલિટી' શબ્દની ચિંતા શરૂ કરી દેવી જરૂરી છે. ૧૦ વર્ષ એટલે ૧૨૦ મહિના એટલે ૩,૬૫૦ દિવસો એટલે ૮૭,૬૦૦ કલાકો -- બસ, એટલું જ તમારે જીવવાનું છે. એમાંથી એક એક કલાક, એક એક દિવસ, એક એક મહિનો, એક એક વર્ષ તમે તમારી આંખો સામે ઓગળતું જોઈ રહ્યા છો! આ ૮૭,૬૦૦ કલાકોમાંથી ઊંઘના ૩૦ ટકા એટલે કે ૨૬,૫૮૦ કલાક બાદ કર્યા પછી આંખો ખુલ્લી છે એવું જાગ્રત જીવન ૬૧,૦૨૦ કલાકોનું જ રહેશે! હવે જે કંઇ કરી લેવું છે એ આવતાં દસ વર્ષોના આ ૬૧,૦૨૦ કલાકોમાં જ કરી લેવું છે. ક્વોલિટી ટાઇમ અને ક્વોલિટી લાઇફ બસ આ જ કલાકોમાંથી બચાવી લેવાનાં છે.

ચંદ્રકાંત બક્ષી

# દાદાની દાદાગીરી



**કિશોર રાવળ**
ફિલાડેલ્ફિયા, પેન્સિલ્વેનિયા

આ મારા ભાવનગરની જે જમાનાની વાત કરું છું તેમાં ગામની સીમાઓ નાની હતી. ઘોઘા દરવાજાથી ખાર દરવાજા સુધીના બે માઇલના પટમાં શહેરની મુખ્ય બજાર અને મોટા ભાગની વસ્તી. એક ફાંટો વોરા બજાર અને નાગરપોળમાં થઈ રૂવાપરી દરવાજે અને પારસીના ભસ્તા પાસે નીકળે અને ત્યાંથી રૂવાપરી મંદિર સુધી જાય. બીજો ફાંટો હેરિસ રોડથી આંબા ચોક, સંઘેડિયા બજાર અને સ્ટેશન જઈ વિરમે. તેની પેલી બાજુ સ્મશાન.

ઘોઘા દરવાજાની એક શાન હતી. એક બાજુ ગંગાજળિયાનું તળાવ અને તેને કાંઠે કોઈ કાબેલ શિલ્પીએ આરસમાં કંડારેલી ગંગાજળિયાની દેરી. તળાવમાં બારે માસ પાણી રહે. તળાવની બીજી બાજુએ મોતીબાગનો મહેલ જેમાં મહારાજા કૃષ્ણકુમારસિંહનો દરબાર ભરાય. બાગમાં દેશી ઝાડવાંઓ, આસોપાલવ, આંબા, લાલ, પીળી અને સફેદ કરેણ, જાસૂદ.

બીજું ફરવાનું સ્થાન તખ્તેશ્વર મહાદેવનું મંદિર. મોતીબાગ પૅલેસથી ડાબી બાજુ જાઓ તો રસાલો આવે, ત્યાંથી જમણા વાઘાવાડી રોડ ઉપર હાલ્યા જાઓ ત્યાં જમણી બાજુ ટેકરી ઉપર ફરફરતા ધજાગરાવાળું મંદિર ગમે ત્યારે જઈને બેસવાં જેવું સ્થાન છે. આજે જ્યારે બોર તળાવ તળાવ રહ્યું નથી ત્યારે આ એક જ જોવા જેવી જગ્યા રહી છે અને તેનું આકર્ષણ આજે પણ એવું ને એવું જળવાયું છે. તળેટીથી રસ્તો ગોળાઇમાં આરસનાં પગથિયાં સુધી પહોંચાડે. બે-ત્રણ ઇંચ ઊંચાઈનાં, છીછરાં ત્રીસ-ચાળીસ પગથિયાં ચડો તો આરસનું એક લંબગોળ આંગણ, ફરતી એકાદ ફૂટ ઊંચી, દીવાલ કહો તો દીવાલ અને બેસવાની જગા કહો તો તે. એ આંગણની વચ્ચે નાના મંદિરનું શિખર એ જમાનામાં ગગનચૂંબી લાગતું હતું. ભાવુક હો કે ન હો, પણ માનવીની પોતાના મનની ઉત્કર્ષ ભાવનાને સાક્ષાત સ્વરૂપ આપવાની શક્તિ ઉપર તો ફિદા થઈ જવાય. ભાવનગર જાઓ તો ન્યાં ગ્યા વગર પાછા નો આવતા.

વાઘાવાડી રોડ પર હાલ્યા જાઓ તો ગધાડિયું ખેતર અને તેની પાછળ ગોળીબારની ટેકરી. રાજાના સિપાઈઓ રોજ ગોલંદાજીની તાલીમ લે. સીધા જાઓ તો ભવ્ય શામળદાસ કોલેજ અને વાઘજીભાઈની વાડી.

આ ભાવનગરમાં જઈને મારા દાદા વસેલા. ચાર ચોપડી ભણેલા અને નોકરીની ચટપટી લાગેલી. કોઈનું પાઘડું માગી, લોટામાં કોલસા નાખીને ડગલાને અસ્ત્રી મારી, હતી તેના કરતાં વધુ ઉંમર દર્શાવી એક નોકરીના ઇન્ટર્વ્યૂમાં પાસ થયા અને પોસ્ટ ઓફિસમાં કામ મેળવ્યું. ખંત અને નિષ્ઠાથી પ્રગતિ કરી.

એક વખત કોઈ બળવાખોરની ટપાલ હાથવગી કરવા એક ગોરા સાહેબે તેમના ઉપર ગેરકાયદે દબાણ કર્યું. તેનો અડગ રહીને સામનો કર્યો તે બદલ તો બીજા ગોરા સાહેબે પ્રશંસા કરી અને મોટું બિરુદ અપાવ્યું અને દાદાનું નામ ભાવનગરમાં ઝળહળતું થયું.

ભાવનગરના રાજાને એક બૅંક ખોલવા વિચાર આવ્યો અને મારા દાદા તેમની નજરમાં આવ્યા. તેમને મૅનેજૅર બનાવ્યા. દાદાએ પોતાના ગોઠિયાના દીકરા જગજીવનને આસિસ્ટન્ટ મૅનેજૅર બનાવ્યો. જગુ એક તો બ્રાહ્મણ અને તરવરાટ ઘણો. દાદાની પૂરી આમન્યા રાખે એટલે સરસ મેળ જામ્યો.

એમાં ભાવનગરમાં વાત ઊડી. "ઇંગ્લાન્ડમાંથી રાજાએ સીધો દિલ્લી ઓલા વાઇસરૉય લિનલિથગોને તાર કરી ઘઘલાવ્યો કે એલા આટલા વખતથી ન્યાં પડ્યો છ ને રૂડું ભાવનગર જોવા નથ ગ્યો!" એટલે વાઇસરૉય એની પલટન લઈને ભાવનગર આવે છે. ધૂમ તૈયારીઓ થવા લાગી.

મોટી બજારનો રસ્તો તો સમજ્યા પણ પીરછલ્લાની ગલી અને ભા દેવાની શેરીના ખાડાખબડા એક રાતમાં પુરાઇ ગયા. સાવરણીએ સાવરણીએ ગામ આખું વળાયું. મોતીબાગ પૅલેસને નવો ડિસ્ટેમ્પરનો રંગ લાગી ગ્યો. ગંગાજળિયાની દેરીની બગલમાંથી વર્ષોના જામેલા લીલના પોપડા નાળીયેરનાં કાચલાંથી ઘસીને સાફ કર્યા. તાર-ઓફિસ અને પોસ્ટઓફિસને પીળી માટીથી અને બેંકને ગળિયલ ચૂનાથી ધોળ્યાં.

આજના માર્કેટિયરો મોંમાં આંગળા ઘાલી દ્યે તેવું એક કૌતક થયું. પારિસ હેર કટિંગ સલૂનમાં, ન્યૂ ફાઈન કોલ્ડ-ડ્રિન્ક ડીપોમાં, બેંકુંમાં, સ્ટેશન પર, નવરાબાગની બાજુમાં સિનેમાનાં પાટિયાં પર લોર્ડ લિન્લિથગો અને મહારાજા કૃષ્ણકુમારસિંહના ફોટાઓ ચોંટી ગયા. સાંભળ્યું છે કે સ્મશાનની દીવાલો પર પાપીઓ પણ ચિતા ઉપરથી ઊઠી પશ્ચાત્તાપ કરવા લાગે તેવાં યમરાજાનાં અને નરકની વાસ્તવિકતાનાં ભયંકર ચિત્રો વચ્ચે પણ કોઈએ વાઇસરૉયની છબી લગાડેલી.

કાચની ભૂંગળીમાં ઝીણી વરિયાળીની પીપરમીટ ભરી બે છેડે બૂચ મારી અને એક છેડે ગુંદરથી ચોંટાડેલા યુનિયન જૅક ઘરે ઘરે વહેંચવામાં આવ્યા. વાઇસરૉયનો વરઘોડો ક્યાંથી અને ક્યારે ઉપડશે અને કયે માર્ગે જશે તેની ચારે બાજુ જાહેરાત કરવામાં આવી. નહાતી વખતે અને નાહ્યા પછી આંખમાં કોકા કરાવતાં હું ધમપછાડા કરતો ત્યારે મારાં બા કહેતાં કે "ઓલો વાઇસરૉય જો ભાળી જશે તો કે'શે કે આ કોનો નઠારો છોકરો છે, લઈ જાવ ધોબીઘાટે સાફ કરવા." અને હું ડાહ્યોડમરો થઈ જતો.

મહારાજાની બે બગીઓ પર ઉકા મિસ્રીનાં, અમરત દરજીનાં અને ફીરોઝ મિકેનિકનાં નજર અને હાથ ફરી વળ્યાં. નવી ગાદિયું સિવડાવાઈ ગઈ અને એને ભળતાં, કપડે મઢેલાં બટનો ટંકાવાઈ ગયાં. રસાલામાંથી છ અરબી કાળા ઘોડાઓ ધમારીને સજ્જ કરવામાં આવ્યા. ગફુર મિયાં અને તખુભાને વાઇસરૉય દીપી ઊઠે એવાં નવાં કપડાં અને વિલાયતથી મગાવેલી, ક્યાં લાકડી પૂરી થાય અને ક્યાં દોરી શરૂ થાય તે ખબર ન પડે તેવી સફેદ ચાબુકો મળી. ગાડીની પાછળ ઊભા રહેવાવાળા પસાયતા પોતાનો નવો ગણવેશ પહેરીને કુટુંબીજનો અને મિત્રો આગળ પ્રદર્શન કરતા.

મંદિરોની ધજાઓ ધોવાણી - અને જે વર્ષોનાં સૂર્યસ્નાન કરીને ઝળી ગઈ હતી તેને રાતોરાત જે મળે તે રંગના કપડામાંથી નવી સિવડાવીને બદલાવી દીધી. પોલીસની બંધૂકુંને પાલીસ થઈ ગયા અને પોલીસલાઈનમાં દિવાળીની યાદ આપે એવા ધડાકા ભડાકા સાથે તાલીમ ચાલુ થઈ.

ભાવનગર સ્ટેટ રેલ્વે બીએસઆરને લોકો બ્રાહ્મણોની ગેરહાજરીમાં 'બામણ સંકટનિવારણ રેલ્વે' કહેતાં. જેને ડાબે ખંભે જનોઇ હોય તેને ત્યાંની નોકરીમાંથી કોઈ દિ' જાકારો નથી મળ્યો. મહારાજાને ગૌ-બ્રાહ્મણ-પ્રતિપાળ અમથા નહીં કીધા હોય! રેલ્વેના ઍન્જિનોનો ચકચકાટ વધી ગયો, મોટા ઉપરીએ પોતે આવીને રંગની પોપડી ઊખડી ગયેલા, જુવાની વટાવી ગયેલા ડબ્બાઓને નોખા કરી થોડા દિ' ગઢેચીના યાર્ડમાં દેશનિકાલ કર્યા. એન્જિનને વાઇસરોયના આવવાના આગલા દિવસે ફૂલતોરણથી નવાજી અને બધી ટ્રેનુંને નવોઢા જેવી કરી મૂકી.

રાજના બધા અમીર, ઉમરાવ, ઑફિસરો, ગામના નગરશેઠ, તેલના ઘાણાના માલિક આબિદભાઈ, લોખંડ બજારના બેતાજ બાદશાહ સી. ચંપકલાલ (સી ચિરણજીવીનો કે ચોરનો એની ચર્ચા અવારનવાર ચૌટે ચૌટે થઈ પણ હજુ તેમાં કોઈ એકમત નહોતો), "આધુનિક આઇસ ફૅક્ટરી"ના માલિક પેસ્તનજી પસ્તાકિયા વગેરેને મોતીબાગ પૅલેસમાં વાઇસરોયના રિસેપ્શન માટે આમંત્રણ આપ્યું કે નવને ડંકે મોતીબાગ મહેલમાં આવી જવું. "એક મિનિટ મોડું થાય તો સામુકું માંડી જ વાળજો - પછી જોયું જશે. વાઇસરૉય તમારી વાટ નો જોવે.", એમ મોઢેથી સમયની 'અગત્યતા' ગળે ઉતારવામાં આવી.

દાદા અને જગુભાઈને પણ એ કંકોત્રી મળી હતી. સામાન્ય રીતે દાદા કામે જાય ત્યારે એક ધોતિયું, ઉપર એક પૂરી બાંયનું લિવરપૂલના શર્ટિંગમાંથી જેરામ દરજી પાસે સિવડાવેલું પહેરણ, ઉપર એક છપ્પન ઇંચનો બંધ ગળાનો ડગલો, માથે મલમલનો ફેંટો, પગમાં પરમાણું આપીને મેપા મોચી પાસે બનાવેલા, ખબ દઇને પહેરાય અને ખબ દઈને કઢાય તેવા જોડા હોય. પહેરણના ખિસ્સામાં એક ભગવા રંગની પારકર પેન, ડગલાના અંદરના ખિસ્સામાં સાંકળીથી બાંધેલું ૨૭ હીરાવાળું સ્વિસ ઘડિયાળ. ગળે રુદ્રાક્ષની માળા. બધાં કપડાં સફેદ. રોજ ધોવાઈને દોરી ઉપર સૂકવાય, ત્યાંથી સીધાં પહેરી લેવાનાં. જગુભાઇએ માંડ ગળે ઉતાર્યું કે આ પ્રસંગે ઇસ્ત્રીવાળાં કપડાં જરૂરી છે. હા પાડી એટલે જગુભાઈએ ચક્રો ચાલુ કર્યાં. કપડાંને ગળી નાખી ધોવરાવ્યાં. ધોતિયું અને સાફાને ભાતના ઓસામણમાં ઝબોળી આર ચડાવરાવી. ધોબીની ઇસ્ત્રીનો પ્રબંધ થઈ ગયો.

રોજ તો કાયમની ઠેરવેલી ઘોડાગાડી દાદાને લેવા આવે. પણ આજે મહારાજાએ વિક્ટોરિયા મોકલી આપી. વાઇસરૉય જોઈ જાય કે મોટા ઑફિસરો ઘોડાગાડીમાં આવે છે તો રાજાને નીચાજોણું થાય ને?

ટાપટીપ કરીને દાદા વિક્ટોરિયામાં બેઠા અને રસ્તામાંથી જગુભાઈને ઉપાડ્યા. એમણે તો કેટલાં દિ'થી લઈ રાખેલાં મોજાં હિંમત કરી આજે પહેર્યાં હતાં. ડગલા પાછળથી પહેરણની બાંય દેખાતી હતી અને એને કાંડે સોનાની કફ-લિંક દેખાણી. દાદા તેમને નખ-શિખ નીહાળી રહ્યા. જગુભાઈ બેઠા એટલે પહેલો પ્રશ્ન કર્યો. "જગુભાઈ, તેં આજે પાઠ પૂજા કર્યાં હતાં કે રહી ગયું?"

"અરે બાપુજી, આજે જરા વધુ સમય તેને માટે ગળાય તેથી હું ચાર વાગે ઊઠી ગયેલો એટલે આજે મંત્રોચ્ચાર પૂરા કરી શક્યો."

"એટલે રોજ પૂરા નથી કરતાં એમ?" દાદાએ પકડ્યા.

"એમ તો નહીં...." જગુભાઈએ લોચા વાળ્યા. દાદાને થયું કે જવા દો બાપડાને. સંઘ દ્વારકે પહોંચ્યો. નિશ્ચિત જગ્યાઓ પર બધા ગોઠવાવા લાગ્યા હતા. બામણિયા ચાયની વ્યવસ્થા શિવશંકર મહારાજની ઉપર હતી. તેમને ખબર કે દાદા કૉફી જ પીએ છે એટલે 'પેશીયલ કાફી' બનાવીને લાવ્યા, જગુભાઈ માટે ચા. આમ તો બહારનું કોઈ દિ' કંઈ દાદા પીએ નહિં પણ આ તો બ્રાહ્મણના હાથની કૉફી એટલે સતેજ રહેવા ખાતર પી ગયા.

વાજાં, બેંડનાં અવાજો દૂરથી સંભળાયા અને વરઘોડો પાસે આવતો લાગ્યો. મને સુરવાળ, કફની ને ઉપર આભલે ભરેલી બંડી પહેરાવી, પફ પાવડર અને કોકા કરી, ગાલે મેશનું એક ટીલું; કોઈની નજર નો લાગે ને?, બે હાથમાં પહોંચી અને પગમાં લાલ મોજડિયો, હાથમાં પીપરમીટવાળો ધજાગરો પકડાવી મારાં બા અને બાપાજી બીજા દોસ્તો સાથે તળાવે લઈ ગયાં. વરઘોડામાં આગળ ઘોડા, પછી ઝૂલતો હાથી, પોલીસની કતારું, પછી વાજાંવાળાઓ "મારાં ભાભી કેવાં સોહામણાં" વગાડતા વગાડતા આવ્યા. નવા પડેલા નાટક "બિંબિસાર"નું લોકપ્રિય ગીત હતું અને ભાવનગરની પ્રજાને ગાંડી કરી મૂકી હતી. અજાણ્યો આંગણે આવે ને તેની વહુને ભાભી કહીએ તો તેને કેવું મીઠું લાગે? આનાથી સારું કયું ગીત આજ માટે મળે?

એટલું જોયું અને મારી આંખો ઘેરાણી. વાઇસરૉયને જોયાનું યાદ નથી.

પોલીસનું બૅંડ મોતીબાગમાં આવી એક ખૂણામાં ગોઠવાઈ ગયું. બાકીના વાજાંવાળા માટે પાછળ ચાપાણી અને જલેબી ગાંઠિયાનો બંદોબસ્ત હતો એટલે હડેડાટ ત્યાં ઊપડી ગયા. વાઇસરૉય, અને તેનો એક હાથ પકડી તેની મઢમ, ધીમે ધીમે પગથિયાં ચડી હૉલમાં દાખલ થયાં. તેની પાછળ રાજકોટથી એજન્સીનો એક ગોરો એની બાયડી હારે આવ્યો. રાજા તેના મોભામાં સિંહાસને બેઠા રહ્યા. દીવાનસાહેબે સામા જઈને વાઇસરૉયને આવકાર આપ્યો અને રાજા પાસે લઈ ગયા. રાજાએ ઊભા થઇને શેકેન કરી. પછી પટ્ટણી સાહેબ હૉલ ફરતા વાઇસરૉય અને તેની મઢમને લઈ ગયા અને એક પછી એક બધા માણસોની સાથે પરિચય કરાવ્યો. પેલા પેસ્તનજીનો વારો આવ્યો એટલે એમણે વાઇસરૉય સાથે શેકેન કરી અને પછી પેલી મઢમ સામે હાથ ધર્યો. પેલી બેશરમ મઢમે પણ જરા ય અચકાટ વગર પેસ્તનજીનો હાથ પકડી શેકેન કરી.

પેસ્તનજી પછી આબિદભાઈએ અને બીજા એક બે જણાએ મઢમ સાથે હસ્તધૂનન કર્યું. ત્યાં દાદાનો વારો આવ્યો. દાદાએ વાઇસરૉયની સાથે હાથ મિલાવ્યા અને તેની વહુ સામે બે હાથ જોડી નમન કર્યું. એણે, મારી વાલીએ, પણ સામે નમસ્તે કર્યા. ક્યાંથી શીખી હશે તે રામ જાણે!

જગુભાઇનો વારો આવ્યો. બહુ ઉત્સાહથી તેણે વાઇસરૉય સાથે હાથ મેળવ્યા અને પછી હાથ લાંબો કરી તેની મઢમને ધર્યો. સ્મિત આપી મઢમે પણ હાથ લંબાવી શેકેન કરી અને ધીમેથી બોલી "પ્લીઝ઼ડ."

દાદા કતરાતી આંખે તાલ જોઈ રહ્યા અને અંદરથી ધૂંઆપૂંઆ થઈ ગયા. ગુસ્સો માંડ દાબી રાખ્યો. પ્રસંગ પૂરો થયો અને માણસો વિખરાણા એટલે "મારે ગામમાં જવું છે. તું તારે ગાડીમાં ઘરે પહોંચી જા. હું મેળે આવી જઈશ. અને જગુભાઈ, સાંજે તું જરા આવીને મળી જજે." તેમ કહી દાદા જગુભાઈથી છુટ્ટા પડ્યા.

સાંજે સાડા ચારે દાદાનો રોજનો કાર્યક્રમ કે ઘરમાં કૉફી પી, 'ટાઇમ્સ ઑવ ઇંડિયા' લઈ બહાર બાવરની બાજુમાં, પીપળા નીચેના બાંકડે જઈને બેસે. અંગ્રેજી ભાષાની આંટીઘૂંટીઓ સમજવા પ્રયત્ન કરે. તેમાંથી અંગ્રેજી સરકારની કાબેલિયત પર અચંબો પામતા. આ માળા સાળા જાતે ઢેઢિયાં, પણ કેટલાં આગળ વધ્યાં છે? એમના અનુભવમાં જે જે ખ્રિસ્તીઓ આવેલા તે બધા હિંદુ ધરમ તજીને વટલાયેલા જ મળ્યા હતા. અને બધાં અંગ્રેજો ખ્રિસ્તી, તેમાંથી તેમને ચોખ્ખું ફલિત થયું કે બધાં અંગ્રેજો મૂળમાં ઢેઢિયાં જ.

જગુભાઈ આવી ગયા અને બાજુમાં બેઠા. બેઠા એટલી વાર. દાદાએ આખી બપોર શું કહેવું અને કેવી રીતે તેના શબ્દો ગોઠવવામાં ગાળી હતી.

"જગુ, ચોરાશી લાખ જન્મે માંડ માનવીની યોનિમાં જનમ મળે છે. તેમાંથી બ્રાહ્મણ કુટુંબમાં જનમ તો બહુ જ ભાગ્યશાળીને જ મળે. આવેલી આ એક તક કોઈ એળવી નાખે તેને શું કહેવું? તને જરાય શરમ નો આવી કે તારો બાપ જાણશે તો કેટલો કચવાટ થશે? કુટુંબનાં પુણ્યો બધાં એક નબીરાએ પળમાં વેચીસાટી ખાધાં? આપણી આખી જ્ઞાતિને મોઢે મશ ઢળી ગઈ!" ભવાં ઉપર ચડી ગયાં, રોષ પૂરો પ્રજ્વલિત દેખાતો હતો. જગુને ખબર ન પડી કે તેનાથી આવો તે શું કાળો કામો થઈ ગયો હતો.

"પણ, બાપુજી, મને ખબર નથી પડતી કે મારાથી શું ભૂલ થઈ ગઈ."

"કીકલો છો તે ખબર ન પડે? બે છોકરાનો બાપ થ્યો અને ખબર નો પડે કે શું કર્યું,

એ છોકરાંને શું ઉછેર આપવાનો? બીજાની બાયડીને હાથ લગાડે તે બ્રાહ્મણના સંસ્કાર કહેવાય?"

હવે જગુભાઈને સમજાણું. "પણ બાપુજી, આ તો એ લોકોની રસમ છે. એમના સમાજમાં હાથ મેળવવાનું અજુગતું નથી!"

"એ તો ઢેઢિયાં છે. ખ્રિસ્તી થઈ જા પછી વાંધો નહીં. ડંકો વગાડીશ કે ઇતિહાસમાં આ પહેલો બામણ ખ્રિસ્તી થઈ ગ્યો. બહુ રૂપાળો લાગીશ. જગુ મટીને જૅકસન થાઈશ? વરવો લાગીશ કોટ પાટલૂનમાં, વરવો! હં.."

"પણ બાપુજી, પેલા પેસ્તનજી..."

"ઈ પસ્તાકિયો ઔદીચ્ય બ્રાહ્મણ છે? એ કૂવે પડે તો તું પડીશ?" પછી એક નવો વિચાર આવ્યો. "આ નાતમાંથી કાઢી મૂકશે તો તારા છોકરાને કોઈ કન્યા નહીં આપે ઈ ખબર છે?"

જગુભાઇ સમજી ગયા કે મામલો બગડ્યો અને વધુ બગડે તે પહેલાં જરા મોડવી લેવો રહ્યો. ઊભા થયા અને બાપુજીના પગ પકડી લીધા ,"બાપુજી, ભૂલ થઈ ગઈ. હું મારગ ભૂલ્યો. મને માફ કરો. હવે તમે કહો તે કરું. બાપુજી, બાપુજી!" ધ્રુસ્કે ધ્રુસ્કે પોક મૂકી.

"આમ બાયડીની જેમ રડવા કેમ માંડ્યો. છાનો રે." ધોતિયાને છેડે જગુએ આંખો લૂછી. દાદાએ બૂમ મારી ભીખાને બોલાવ્યો અને પાણીનો પ્યાલો મગાવ્યો. જગુભાઈ સ્વસ્થ થયા, દાદાનો ગુસ્સો જરા ઓસર્યો.

"જગુ, મને ખબર છે કે દિલનો તું ચોખ્ખો છો. પ્રાયશ્ચિત્ત કરી નાખ. અને નાતને જમાડી દે, એટલે સૌ સારાં વાનાં થઈ જશે. અને જો, બહુ ડાયો થઈને શેનું પ્રાયશ્ચિત્ત છે એનો ઢંઢેરો નો પીટતો. શંભુરામ ગોરને કહેવું કે જરા મનશુદ્ધિની જરૂર છે એટલે કરું છું. ન્યાતમાં કહેવું તેં પગારવધારા માટે બાધા રાખી તે ફળી એટલે યજ્ઞ કરાવ્યો અને સૌને જમાડ્યા, એટલે બધું બરોબર થઇ જશે."

જગુ આ તક છોડે? "બાપુજી, બીજાં તો ઠીક પણ આ મંછી તો કહેતી ફરે કે નાત જમાડી પણ મેં કાંઈ કોઈ પગાર વધારો જોયો નથી તો તકલીફ થાય...."

દાદા ખડખડ હસી પડ્યા, "મારો બાપ નીકળ્યો હો! જો, પાણી મૂક કે કોઈ દિ' કોઈ મઢમડીનો હાથ નહીં પકડું."

પાણી હાજર હતું. જગુએ પાણી હાથમાં લઈ શપથ લીધા.

"કાલે બેંકમાં પગાર વધારાના કાગળની યાદ દેજે. ભૂલતો નહીં."

જગુ એ ભૂલે? "વાઇસરૉયના રિસેપ્શનમાં ભાવનગર ગામની સારી છાપ પાડવા માટે જગજીવન ત્રિવેદીને મહિને પાંચ રૂપિયાનો પગાર વધારો કરવામાં આવે છે." એવો તુમાર લખાણો.

ગોર મા'રાજનું તરભાણું ભરાણું, બ્રાહ્મણો લાડુ જમ્યા, મંછા ગામમાં પહોળી પહોળી થતી ફરતી કહે "એમણે એવો તો છાકો વાઇસરૉય અને એની મઢમ ઉપર બેસાડ્યો કે બાપુજી મોઢામાં આંગળા નાખી ગ્યા કે કોક દિ' આ મારી ગાદી લેશે."

"અને ઓલા વાઇસરૉયે," ભાવનગરમાં વાત ઉપડી કે, "રાજાને રિપોટ મોકલાવ્યો કે આંઈ ફાંફળ છે, દોમદોમ સાયબીથી રે છે, અને વાંદરાએ કીધું કે જકાત વધારિયે તો વાંધો નહીં. તો મારે બેટે બંદર ઉપર નાકાબંધી કરી અને દીવાન સાહેબ બેઠાં બેઠાં રોવે છે કે ક્યાં આ બલાને આટલાં માનપાન દીધાં!"

(વાર્તાસંગ્રહ 'અમે ભાનવગરનાં'માંથી)

# હાથ



**રમેશ શાહ**
જર્સી સિટી, ન્યૂ જર્સી

છેવટે ભાઈસાહેબનો જમણો હાથ ભાઈસાહેબથી છૂટો થયો! છૂટો થયો એટલે ખરી પડ્યો.

ખરી પડવાનું કારણ હાથની ઇચ્છા, ભાઈસાહેબની નહિ. કારણકે હાથને ખરી પડતો રોકવા ભાઈસાહેબે અનેક પ્રકારની ડૉક્ટરી સારવાર લીધી હતી, પણ ડૉક્ટરનો કોઈ ઈલાજ હસ્તગત ન રહ્યો; ને છેવટે હાથ ખર્યો... હાથ ભાઈસાહેબથી કંટાળ્યો હતો.

ભાઈસાહેબ સ્વભાવે મહા આળસુ હતા. સખત કામચોર હતા. સ્ફૂર્તિનું નામનિશાન નહિ. ઉત્સાહનું સાફ મેદાન નહિ. જ્યારે જુઓ ત્યારે થાકેલા, હવા કાઢી નાખેલા ફુગ્ગા જેવા! વાત કરવા જાઓ, તો નિરાશાના ડુંગર જેવા! આંખોમાં અફીણી ઘેન ને પગોમાં લકવા જેવું રેણ! શરીર જાડું ને મન જડ. માત્ર જમણો હાથ થનથન... પણ બીજાં અંગો સામે એનું ચાલે શું? છેવટે એ સખત કંટાળ્યો. એણે મન, બુદ્ધિ, શરીર -- સૌ સામે બળવો કર્યો અને સૌથી -- એટલે ભાઈસાહેબથી -- એ છૂટો થયો.

આ પહેલાં ભાઈસાહેબ સામે પત્ની, મિત્રો, સગાવહાલાંએ બળવો કર્યો હતો. પત્ની તો રોજ બળાપો કરતી. નહાવાનું પાણી કાઢી પત્ની બૂમો પાડે પણ ભાઈસાહેબ ઝટ ઊઠે જ નહિ. જમવાનું ઠંડું થઈ જાય, પણ ભાઈસાહેબ રસોડે જાય નહિ. જમે તેય ન જમ્યા જેવું. પત્નીને નાટકસિનેમા જોવા લઈ જાય નહિ. બજારમાં ખરીદી માટે જવાનું હોય તો એમનું માથું દુઃખે. કોઈ વાર પત્ની શાક સુધારવા આપે, તો એ શાક સામે જોયા કરે. બૂટને પૉલિશ કરાવે એ બીજા. બટન તૂટ્યું હોય તો બટન વિના ચલાવે. સાઇકલને પંક્ચર હોય તો નોકરીએ જાય નહિ, મનમાં સાઇકલનો આભાર માને! ઘડિયાળને ચાવી ન આપે, નખને ન કાપે, વાળ ટૂંકા રાખે જેથી હોળવા ન પડે! ગંજી પહેરવાનો કંટાળો, બુશશર્ટ ગમે -- ઝટ પહેરાયને! બૂટની દોરી બાંધવી ન ગમે, ચંપલ ફાવે... ને વગર ચંપલે તો બહુ ફાવે! આ બધા વિશે પત્ની રોજ સંભાષણ કરે, પણ ભાઈસાહેબના કાન કશું સાંભળે જ નહિ. હા, હાથ સાંભળે, સમજે ને સમસમે!

મિત્રોનાં ઘણાં કામ ભાઈસાહેબે રઝળાવ્યાં હતાં. આજનું કામ કાલે કરવું અને કાલનું કામ ક્યારેય ન કરવું, એમ ભાઈસાહેબ સ્પષ્ટ માનતા. મિત્રો ચિઢાતા, સલાહ આપતા, ધમકાવતા ને ઘણીવાર ભાઈસાહેબને રઝળાવતા...

લગભગ પંદરેક નોકરીઓમાંથી ભાઈસાહેબ રઝળી પડ્યા હતા. દરેક નોકરીમાં ભાઈસાહેબનો બૉસ તેમનાથી સખત નારાજ રહેતો. ભાઈસાહેબનો હાથ આ બધાનો સાક્ષીભૂત રહેતો. ઘણીવાર હાથ કામ કરી બતાવવા ઊછળતો; પણ ભાઈસાહેબ બન્ને હાથ ખિસ્સામાં જકડી રાખતા. ઘણીવાર ઊંચકાયેલા પેન સહિતના હાથને ટેબલ પર માત્ર સહી કરવાની હોય, તોય બળપૂર્વક ટેકવી દઈ ભાઈસાહેબ સહી કરવાનું ટાળતા. હૈયાનું કર્યું હાથને વાગતું! હાથ હાડોહાડ સળગતો... ક્યાં સુધી આવા માણસને સાથ દેવો -- હાથ દેવો? એના કરતાં એનાથી જુદા પડી નવજીવન જીવવું બહેતર! હવે હાથે નવજીવન શરૂ કર્યું ...

તે દિવસે હાથ ખરી પડવાનું બહાનું હોવાથી ભાઈસાહેબ ઑફિસે ગયા નહિ. પણ ભાઈસાહેબનો જમણો હાથ ૧૦:૪૫એ ઑફિસે પહોંચી ગયો. મસ્ટરરોલમાં સહી કરી દીધી. રોજ ભાઈસાહેબ સાડા અગિયારે જતા એટલે આજે આટલા વહેલા કેમ આવ્યા હશે એ જોવાજાણવા એમના સ્ટાફના માણસો એમના ટેબલ પાસે ગયા. સૌએ આશ્ચર્ય વચ્ચે જોયું કે એક હાથ ઝડપથી, કુનેહથી ટેબલ પરના તુમારને ઓછો કરી રહ્યો હતો!

ફાઇલિંગ પૂરું કર્યું. જવાબો લખી નાખ્યા. પછી ડિસ્પૅચિંગ ચાલુ રહ્યું... નકામા કાગળો ફાડી નંખાયા. ટેબલ વ્યવસ્થિત ગોઠવાયું... પછી મહત્ત્વના કાગળોના જવાબ વિશે બૉસનો અભિપ્રાય લેવા, પેન-કાગળ સહિત હાથ બૉસની કૅબિનમાં ઊપડ્યો!

કૅબિન બહાર કલીગ કાન દઈ સાંભળતા રહ્યા... બૉસના ત્રુટકત્રુટક શબ્દો સંભળાતા હતા... ઘણી બધી વાર પછી બારણું ખૂલ્યું... હાથ કાગળો લઈ પોતાના ટેબલ પર ગોઠવાયો. બૉસ કૅબિનના બારણામાંથી જોઈ રહ્યા... રીસેસમાં સૌએ હાથ વિશે ચર્ચા કરી. તે દિવસે સૌએ ઓછું કામ કર્યું. હાથ મોડે સુધી કામ કરતો રહ્યો.

સાંજે ભાઈસાહેબનો હાથ ઘેર પહોંચ્યો. એણે હાથ ધોયા -- ધોયો. બૂટ સરખા ગોઠવ્યા. ટેબલ વ્યવસ્થિત કર્યું. કપડાં હૅંગરે લટકાવ્યાં. કૅલેન્ડરની તારીખ સરખી કરી. શાક સુધારી આપ્યું. ભાઈસાહેબ તો બેઠાબેઠા જોયા જ કરે. પત્નીએ દૂધ લાવી આપવા ભાઈસાહેબને બૂમ પાડી, તો ડોલચું પકડી હાથ ઘડીના છઠ્ઠા ભાગમાં દૂધ લઈ આવ્યો. કપડાંની ગડીઓ વાળી, કચરો વાળીઝૂડીને સાફ કરી નાખ્યો. પથારીઓ પાથરી દીધી. ભાઈસાહેબની પત્ની તો રાજી રાજી. આજે ભાઈસાહેબ નિરાંતે ઊંઘી ન શક્યા...

શરૂશરૂમાં હાથને જોવા લોકોનાં ટોળાં ઊમટતાં. કોઈ એને દૈવી શક્તિ લેખતા, તો કોઈ એને આસુરી પંજો ગણતા. કોઈ એનું ટીખળ કરવા મથતા, તો કોઈ એને પકડવા જતા. કોઈ એના તરફ પથ્થરનો ઘા કરતા. પણ આવા ગેરવર્તનને દાબી દેવા હાથે કોઈને લાફો ફટકાર્યો, કે કોઈને ગળચીએ પકડી ધક્કો માર્યો. બસ, હવે લોકો નમસ્કાર કરવા લાગ્યા. હાથ પોતાના બળે કામ કરતો અને કાગળ-પેન્સિલની મદદથી વાત કરતો. જીવનના રૂટીનમાં હાથ ગોઠવાઈ ગયો. એના તરફનું લોકોનું આશ્ચર્ય શમી ગયું.

હાથના કાર્યથી એનું મૂલ્ય વધવા માંડ્યું. કોઈના આંગણામાં ગંદકી જુએ કે હાથ તરત સફાઈ શરૂ કરે. કોઈ આંધળાને રસ્તો ક્રૉસ કરવો હોય, તો એની આંગળી પકડી હાથ રસ્તો ક્રૉસ કરાવે. રસ્તા પર ઊભેલી ગાયોને હાંકી રસ્તો ખુલ્લો કરી આપે. ખુલ્લી ચકલીમાંથી પાણી વહી જતું હોય, તો ટપ દઈ ચકલી બંધ કરી દે. 'હાથભાઇ, આટલી ટપાલ નાખી આવશો?' ને હાથ ટપ કરતો ટપાલ બૉક્સમાં નાખી આવે. નવરો પડે કે બાબુ ધોબીનાં આઠ-દસ કપડાંને ઈસ્ત્રી ફેરવી આપે. જયંતી દરજીનાં પાંચ-પંદર કપડાંને પલકવારમાં બટન ટાંકી દે. મોહન મારવાડીની હાથલારીને ટેકો દેવાનું એ ચૂકે નહિ. એમ. કિરણનું બ્રશ લઈ એ ચીતરવા બેસે ત્યારે કિરણભાઈને એમ લાગે કે 'આવો હાથ મારે હોય તો... !' બસ, કોઈ કામ બતાવે તો હાથ હરખે કામ કરી દે, છૂટા હાથે કામ કરી દે, સહેજે કંટાળો નહિ, એકેય વાયદો નહિ. એમાંથી કશું ખાઈ જવાની તો દાનત જ નહિ.

પછી લોકો એને માનપૂર્વક બોલાવે જ ને? એને ઊંચા આસને બેસાડે જ ને? અરે, કામને સરળ બનાવવા માટે હાથની સલાહ લેવાતી. શુભપ્રસંગે એના હાથે કુમકુમ તિલક થતું. હાથનો હાથ શુકનિયાળ ગણાતો. હાથને નેતાપદ મળ્યું. ચૂંટણી આવી. લોકોએ હાથને ચૂંટણીમાં ઊભા રહેવા સમજાવ્યું. હાથે જણાવ્યું, 'એ કામ મારું નહિ. કામ કરવું એ જ મારું કામ.' લોકોએ કહ્યું, 'અમે તમને કામ કરવા જ ઊભા રાખીએ છીએ.' છતાં હાથે લોકોની વાત ન માની. છેવટે હાથના નિશાન વડે ચૂંટણી લડાઈ. લોકોએ હાથના નિશાનવાળા પક્ષને જંગી બહુમતીથી ચૂંટ્યો. હારેલો વિરોધપક્ષ હવે હાથવિરોધી પક્ષ ગણાયો.

ભાઈસાહેબની ઑફિસમાં પણ હાથના વિરોધીઓ વધવા માંડ્યા. એક તો હાથના ગધ્ધાવૈતરાને કારણે સૌને વધારે કામ કરવું પડતું હતું. વળી હાથને વધારાનાં ચાર ઇન્ક્રિમેન્ટ્સ મળ્યા તેથી વિરોધીઓનો ઈગો ઘવાયો હતો. અસંતોષીઓ, ઈર્ષ્યાળુઓ અને કામચોરોનું ગ્રૂપ સંગઠિત થયું. હાથને પજવવાના પેંતરા રચાવા લાગ્યા. હાથની ભૂલો શોધાવા લાગી. બીજાની ભૂલો હાથની ભૂલો તરીકે ગણવાના પ્રયત્નો થવા લાગ્યા. પણ બૉસ સમજુ હોવાથી વિરોધીઓ ન ફાવ્યા. એટલે તેઓએ રાજકારણમાં ઝંપલાવ્યું. તેઓ હાથવિરોધી પક્ષમાં ભળ્યા.

સત્તાસ્થાને બેઠેલો હાથના નિશાનથી જીતેલો પક્ષ હવે મદાંધ બની છકવા લાગ્યો. કામચોરી, કરચોરી, દાણચોરી, ધનચોરી ફૂલીફાલી. તુમાર વધ્યો, કામ વધ્યું, સત્તાલાલસા ભરતીની જેમ ઊછળવા લાગી. ખુરશીની ખેંચાખેંચ કૂતરાંની જેમ થવા લાગી. કાચની જેમ પક્ષ તૂટવા લાગ્યો. મેઢકની જેમ ભાગાભાગ શરૂ થઈ.

એટલે વિરોધીઓ ફાવ્યા. સત્તાધીશોને ઉથલાવ્યા. વચનો વધ્યાં. આક્ષેપો ઊગ્યા. ખાસ કોર્ટો રચાઈ. હાથને સપડાવવા કાવતરાં રચાયાં. પણ હાથનું નિષ્કલંક ચારિત્ર્ય વિરોધીઓના હાથ હેઠા પાડતું. છેવટે કોઈએ સૂચવ્યું, ભાઈસાહેબને ફસાવો.

ભાઈસાહેબ પર આરોપ મુકાયો : 'ઑફિસમાં ગેરહાજર રહી મફતનો પગાર ખાધો છે. લોકોને બેઠાડુ બનાવી દીધા છે. લોકોની પ્રગતિ રૂંધી છે. વગેરે વગેરે...'

ભાઈસાહેબને બે વરસની સખત કેદની સજા થઈ. વિરોધીઓનું હાથ સાથેનું વેર શમ્યું નહિ. એમનું ઝનૂન વધી રહ્યું...

તેવામાં એક ફ્લૅટમાંથી એક લાશ મળી આવી. ચાકુથી ઘા કરી ખૂની નાસી છૂટ્યો હતો, લાપતા હતો. હવે વિરોધીઓએ ભાઈસાહેબ પર ખૂનનો આરોપ મૂક્યો.

ભાઈસાહેબે પોતાના બચાવમાં કહ્યું, પોતે તો જેલમાં છે. ખૂન કેવી રીતે કરે?

ફરિયાદ પક્ષના વકીલે કહ્યું, 'જમણા હાથથી, મિલૉર્ડ! ભાઈસાહેબનો જમણો હાથ એમનાથી છૂટો પડી ભટકતો ફરે છે. આ ખૂન જમણા હાથથી થયું છે. આ ખૂન ભાઈસાહેબના જમણા હાથથી જ થયું છે!'

જજને વિશેષ સાબિતીઓની જરૂર ન જણાઈ. ભાઈસાહેબને ફાંસીની સજા થઈ!

ભાઈસાહેબના મૃતદેહ સાથે લોકોએ ભાઈસાહેબના જમણા હાથને પણ સળગાવી દીધો!

(વાર્તાસંગ્રહ 'અચલ'માંથી)

મોહનદાસ કરમચંદ ઉત્તમચંદ ગાંધી અને મહમ્મદઅલી ઝીણાભાઈ પૂંજાભાઈ : બધાં જ છાપાં કાઢતા હતા
ચંદ્રકાંત બક્ષી ‘

# ડિઝાઇનર ગર્લ



**રજની પી. શાહ**
ન્યૂ હાઇડ પાર્ક, ન્યૂ યોર્ક

ઈસવી સન ૧૯૬૭. એ વર્ષે દિનુ, ઉર્ફે ડીનો, ભારત છોડીને અમેરિકા આવેલો. ઘર, ગામ, શહેર, દેશ બધું જ ચોવીસ કલાકમાં છોડી દીધું હતું. તેથી સ્વજનોને છોડતાં આંખમાં ઝળઝળિયાં તો આવી ગયેલાં, પણ શહેરના મુશળધાર વરસાદથી બધું છુપાઈ ગયું. અંતે પ્લેનમાંથી જ્યારે એ કેનેડી ઍરપોર્ટ ઊતર્યો ત્યારે ખિસ્સામાં માત્ર આઠ ડૉલર હતા.

નોકરીના કૉન્ટ્રૅક્ટ મુજબ ન્યૂ યોર્કની ઉત્તરે, લક્ષ કરેલા ગામમાં જ્યારે એણે પગ મૂક્યો કે એણે સ્વર્ગની પળો અનુભવેલી. કંપનીના નાના પ્રાઇવેટ હાઉસમાં એને રહેવાનું હતું. પહેલે જ દિવસે, શૂઝ કાઢીને એ ઘરના બૅકયાર્ડની લીલીછમ લૉનમાં ચાલેલો ત્યારે એને પોતાના ગામની લીલી ધરોની મહેક આવી ગયેલી. બીજે દિવસે સવારે જે દૃશ્ય એણે જોયું તો એ આભો જ બની ગયેલો. સામે જાંબલી શેડવાળી ઍડિરૉન્ડૅક પર્વતની હારમાળા. અહા! ઘરથી ફક્ત સો મીટર દૂર તો લેક પ્લૅસિડ નામનું છલોછલ સરોવર. કોઈ ભૂરા સ્ટુબન ગ્લાસના જેવું ચોસલેદાર નિર્મળ પાણી! ઉપર બબ્બેની જોડમાં સારસ બેલડીઓ તરતી નજર આવે. બ્રહ્માનાં સફેદ ઝૂલ્ફાં જેવાં વાદળાં એ સરોવરના પાણીની સમાંતરે સરકતા નજરે ચઢે. એ વાદળાંની કાંગરી વચ્ચે ક્યારેક અમેરિકી ગરુડ પાંખો પ્રસારીને સ્લો મોશનમાં ચકરાવા લે! એ દૃશ્યને થોડીવાર તાકીને તમારી નજર સ્થિર કરો, તો આખી પૃથ્વી ફરતી દેખાય.

તળાવની પાળે પાળે ચાલો તો આવે એક ઘોડાનો તબેલો. એના ઘોડા ભાડેથી મળતી રાઇડો માટે વપરાય. ત્યાંનું કચરું, ડોલ, ચણા, બ્રશ, ચામડાના તેલિયા પટ્ટા, ફાનસ, ચાબુક, લાદ, દાબડા બધું પરિચિત લાગે. ત્યાંના કાને એરિંગ પહેરેલા મુછાળા, દૃંદાળા માણસોને તમે હાથ ઊંચો કરી 'હાઇ' કરી આગળ ચાલો કે એક બૅન્ડસ્ટૅન્ડ આવે. ત્યાં તમને એક આર્ટિસ્ટ અચૂક મળે જ મળે. એ એક ફોલ્ડિંગ ખુરશી પર બેઠો હોય. એના પહોળા કરેલા બે ઘૂંટણ વચ્ચે મહોગનીની લાકડાનું એક ઍન્ટીક વાજિંત્ર 'ચેલો' હોય. જતા આવતા, એકલદોકલ પર્યટન કરનારાઓને એ એની રમૂજી ધૂનો સંભળાવતો. ક્યારેક ક્યારેક એ બૅન્ડસ્ટૅન્ડની ચોતરફના ગાર્ડનમાં અચાનક ઑટોમૅટિક સ્પ્રિંક્લરોમાંથી પાણીની ફુવારીઓ ફૂટતી, તો એ પિચકારીઓના તાલે એ આર્ટિસ્ટ ચેલોના ટૂંકા ટૂંકા સ્ટ્રોક્સ મારી તાલ મેળવતો ને એની જુગલબંદી કરતો.

લોકો એને તાળીઓથી વધાવી લેતા, ત્યારે એ નીચો વળી બધાંને હસતાં હસતાં 'બાઉ' લેતો. અભણ સૅનિટેશન કર્મચારીઓ, ટાઇલ્સની ચૂનાની ફૅક્ટરીમાં કામ કરતા મજદૂરો, શાહુડી જેવા વાળની સ્ટાઇલ મારતા જુવાનિયા કે દાંતે મેટલની બ્રેસિસ પહેરેલી કુમારિકાઓ ત્યાં ચેલો સાંભળવા થોડી થોડી મિનિટો થોભતાં. પરિણામે ગામ આખું બેટોવન કે શૂબર્ટની શાસ્ત્રીય ધૂનો સાંભળતું. રૉક સંગીત, એમટીવી, ભારતીયો, હબસીઓ કે સ્પૅનિયાર્ડોને આવવાને હજુ બે ત્રણ દાયકા વાર હતી. ત્યાં સુધી લાલઘૂમ ગરદનવાળી શ્વેત પ્રજા ત્યાં રોટલો પાડતી હતી. દરમિયાનમાં ડીનોના મગજમાંથી એની માતૃભાષા લોપ થતી જતી હતી. એની આંગળીનાં ટેરવાં પરથી અક્ષરો, વ્યંજનો, અનુસ્વારો, હ્રસ્વ-દીર્ઘો બધાં લોંચાઈ ગયાં હતાં.

* * *

'હું અહીં બેસી શકું?' એક શ્વેત યુવતીએ બૅન્ડસ્ટૅન્ડ આગળની એક બેંચ પર બેઠેલા ડીનોને પૂછ્યું. 'યસ, ઑફકોર્સ' કહેતાં કહેતાં બ્રિટિશરોની શિસ્તથી ડીનો ઊભો થઈ ગયો.

'થૅન્ક યૂ.' કહીને એ યુવતી એ બેન્ચ પર બેઠી. ડીનો પણ બીજે ખૂણે બેસી ગયો. ન કોઈ સંવાદ, ન કોઈ નજરોં કા ખેલ.

દૂર મરીના ક્લબની મોટરાઇઝ્ડ બોટના બઝ્ઝ સંભળાતા હતા. સરોવરના શાંત પાણીમાં અચાનક કોઈ કંસારી જેવું જંતુ પટકાય, પાણીમાં એક ચીપકી થાય અને ત્યાંથી એ બિંદુમાંથી વર્તુળો ફેલાય. બન્ને જણાં એ જોવામાં લીન થઈ જાય. બાકી બધું મૌન. પછી જેના પર મહાકાવ્યો રચાયાં છે, તે પ્રસંગો બનવા માંડ્યા. બન્ને જણાં ચૂપકે ચૂપકે મનમાં ટાઇમિંગ લઈને એ જ મુકરર કરેલી બેન્ચ પર આવીને બેસવા માંડ્યાં. ડીનો ક્યારે પણ વાત શરૂ કરે તે શક્યતા ન હતી, કારણ એ પોતાના અંગ્રેજી ઉચ્ચારણો પ્રત્યે બહુ સભાન હતો. એને ડર હતો કે એની 'ઍક્સેંટ'થી એ યુવતી એની મશ્કરી કરશે.

ત્યાં તક મળી. બૅન્ડસ્ટૅન્ડના ગાર્ડનમાં એક કાર્નિવલ આવ્યું. કાર્નિવલ એટલે ડીનોના ગામનો તરણેતરનો મેળો. મેળામાં મોટું જાયન્ટ વ્હીલ આવ્યું, મોટું ચગડોળ આવ્યું. પંદર દિવસનો ઇટાલિયન ફીએસ્ટા મહા માહોલ હતો. ચગડોળ પર એકસરખા આઇવરી રંગના લાકડાના ઘોડા. એમના નાકમાંથી નીકળતી લાલ-લીલી ઇટાલીના રાષ્ટ્રધ્વજ જેવી લગામની દોરીઓ. ઘોડાના શરીર પર શાઇનિંગ મારે તેવું પોલીયૂરીથેઇનનું કોટિંગ અને પીઠ પર મરૂન રંગનાં જીન. એ જીનની નીચે લટકે બે ફ્લેક્સિબલ પેંગડા. કેશવાળીમાં રંગબેરંગી લટો, લટોને છેડે મોતી પરોવેલા, તેથી એ અશ્વો સાચે જ કામાતુર લાગે. ચગડોળની ઇલેક્ટ્રિક સ્વિચ પડાય કે આ સેક્સી પ્રાણીઓ પાછા લયબદ્ધ ઊંચાનીચા થાય! ગતિ વધતાં એ પરાકાષ્ઠાએ પહોંચી, પછી ધબ કરતાં સ્ટૉપ થાય.

* * *

'મારું નામ સૅન્ડી," એ યુવતીએ જ પહેલ કરી.

'સૉરી. મારું નામ દિનુ.' કહેતાંકને પાછો એ બૉય-સ્કાઉટની જેમ ઊભો થઈ ગયો.

'ઓહ! ડીનો? ... ઇટાલિયન નામ લાગે છે. જો આ બધી દુકાનો પર કેવાં કેવાં નામ લખ્યાં છે... ટીનો, લેનો, ડિનેરો, ફીનો... ને હવે તારું નામ... ડીનો!!'

બન્નેએ પ્રલંબ હસ્તધૂનન કર્યું. દિનકર - દિનુ, તે દિવસથી 'ડીનો' થયો.

'તને કાર્નિવલ ગમે?' પેલીએ પૂછ્યું.

'યસ ઑફકોર્સ!' ડીનો એના ફેવરિટ શબ્દો બોલી ગયો.

'તો ચલ, ત્યાં ઘોડા પર બેસીને રાઇડ લઈએ... લેટ્સ ગો.' કહી એણે બે હાથ લંબાવ્યા. પછી એક આઇવરી ઘોડા પર બેસી ગઈ અને ઝડપથી ડીનોને પોતાની પાછળ બેસવા ઇશારો કર્યો. 'ચાલ, હોલ્ડ મી!'

ઘોડાની એટલી સાંકડી સૅડલ ઉપર બે જણાં બેસી શકે તેમ હતું જ નહીં, છતાં ડીનો, સૅન્ડીના કહેવાથી એની પાછળ, એને ચીપકીને બેસી ગયો. ચગડોળે સ્પીડ પકડી. એની

સાથે અશ્વોએ પણ ઉપર-નીચેની ગતિ પકડી. ડીનોએ સૅન્ડીની કમ્મરે પોતાના બે હાથ મૂક્યા. ધીમે ધીમે એ હાથે એણે સાંકળ બનાવી એના પેટ આગળ સેરવી. ચગડોળની ગતિથી એના હાથની ઉપલી ધાર સૅન્ડીના સ્તનને અલપઝલપ સ્પર્શવા લાગી. કોઈ અકળ ઊર્જાથી ડીનોના હાથ કમ્મરેથી સરકીને ઉત્તર દિશાએ વળવા માંડ્યા. સૅન્ડીએ એનો કશો વિરોધ ના કર્યો, ઉલટાનું એ બોલી, 'યસ, હોલ્ડ મી ટાઇટ!'

ડીનોએ એ હુકમ માથે ચઢાવ્યો. હાથની સાંકળમાંથી એણે હથેલીઓને મુક્ત કરી, જે હવે સ્વતંત્ર યુનિટ તરીકે કાર્યમગ્ન બની. મારતે ઘોડે જેમ કાઉબૉયઝ હાંફે, તેમ બન્ને હાંફવા માંડ્યાં. સૅન્ડીએ પેલાં ફ્લેક્સિબલ પેંગડાંમાં ભરાવેલી પગની પાનીથી ઘોડાના પેટમાં લાત મારવા માંડી. એણે એકદમ માથું પાછળ ફેરવી, ડીનોને એના હોઠ પર એક ચુસ્ત કિસ કરી લીધી. તે ઘડીએ ડીનોને તો એમ જ લાગ્યું કે સૅન્ડીએ એના ગળાના ટૉન્સિલ ખેંચી કાઢ્યા! એનાથી એક આછી ચીસ નંખાઈ ગઈ, 'આહ!!'

એ ઘટનાનું એક પરિણામ આવ્યું. થોડા અંગત મિત્રોની હાજરીમાં બન્ને પરણી ગયાં.

* * *

'તારું કોઈ ભૂતકાળમાં પ્રેમબ્રેમનું લફરું ખરું?' સૅન્ડીએ મસ્તી શરૂ કરી. પછી આગળ ચલાવ્યું, 'જો, હું તને મારી બધી જ વાતો કરી દઉં...., પછી તું તારી વાતો કરીશ? લેટ્સ બી હૅપી.'

'એટલે? આપણે અત્યારે હૅપી નથી?'

'ના, એવું નથી... આ તો આપણે એકબીજાંને પ્રામાણિક હોવાં જોઇએ.'

'યસ, ઑફકોર્સ!' ડીનોએ ટહુકો પૂર્યો.

'જાણે મને એવું લાગ્યા કરે છે કે તારો ભૂતકાળ ક્લિયર નથી. હું મારી જાતને પૂછું છું... મને આટલો સારો હસ્બંડ મળી જ કેવી રીતે શકે?'

'હું તો કાંઈ પૂછતો નથી કે મને આ આટલી રૂપાળી સૅન્ડી કેવી રીતે મળી!'

'ઓ..કે, ઓ..કે. ચાલ, તારી ભેદભરમની વાર્તા કર.' સૅન્ડીએ એની ઝીણી સાપોલિયા જેવી જીભ ડીનોના કાન પર ફેરવવા માંડી. ડીનોએ એક લાંબો શ્વાસ લીધો.

* * *

'યસ, ઑફકોર્સ. મારે એક લફરું હતું. હું એક છોકરીના પ્રેમમાં હતો.'

'બૅક હોમ?'

'યાહ.'

'એટલે? ત્રીસ વર્ષ પહેલાં?'

'યાહ, થર્ટી ઇયર્સ!'

'કૌન થી... કૈસી થી?' સૅન્ડીએ વકીલની અદાથી અમસ્તાં જ પૂછ્યું. હસી પડી.

'કૌન થી? વો ઇલા કરકે એક લડકી થી. કૈસી થી? અરે, વો એક ડિઝાઇનર છોકરી થી.'

'ડિઝાઇનર છોકરી? ક્યાંય એવું સાંભળ્યું નથી!'

'ઇલા એટલે દરેક પુરુષનું ડ્રીમ. ભીંત પર, મેજ પર, વૉલેટમાં, કારના રીઅર મિરર આગળ, સીડી પ્લેયર પર... બધે એનો ફોટો ચોંટાડવાનું મન થાય તેવી છોકરી. ધૅટ સેંટ ઑફ એ વુમન -- સુભાનલ્લાહ! એની સાથે મેં હજારો કલાક વાતો કરી હશે. એમાંનો એકે શબ્દ યાદ નથી... યાદ છે માત્ર એની વીસ્પર્સ!'

'તો પણ... એ કોના જેવી દેખાય? સહેજ હિંટ આપ... જસ્ટ!'

'મારા માટે અઘરું છે.' ડીનોએ નાદારી બતાવવા માંડી.

'લાગે છે તું એના પ્રેમમાં હતો. સામાન્ય પ્રેમબ્રેમ નહીં... પણ ચકચૂર... કેમ?'

'રાઇટ... ચકચૂર. હજુ ય એ રાતે મારા લમણા પર આવીને બેસી જાય છે. એ અજંપામાં કેટલાંય બાથડિયાં મારું છું. કોઈ પ્રસંગ તો એવો યાદ આવે, જાણે મારું અને એનું નાટક ભજવાય, આ મારી કીકીઓ પર!'

'વા...ઉ!' સૅન્ડીને એ વાતમાં રસ પડ્યો, 'ડિઝાઇનર ગર્લ... હં?'

* * *

સૅન્ડીના ચહેરા પર બાળક જેવું વિસ્મય હતું. સેક્સી લાગતી હતી. એની ચામડી શ્વેત, તેથી એના કંઠે પહેરેલી કાળી દોરીવાળી જ્વેલરી દીપી ઊઠતી હતી. પોનીટેઇલમાં સોનેરી વાળનો ગુચ્છ, સાદા કટનું બ્લૂ બ્લાઉઝ... ને ક્રીમ કલરનું સ્કર્ટ. એણે એકદમ ધડાકો કર્યો:

'એક કામ કરીએ. ચાલ, આપણે તારી ઇલાને મળવા જઈએ.'

'શું કહ્યું! ઇલાને મળવાની વાત તું કરે છે? ... નૉન્સેન્સ!'

'એ ના ભૂલતો એ તારી લવર હતી... તારી જૂલીએટ!! તારે તારી પ્રેમિકાને મળવું જ જોઈએ. યૂ મસ્ટ... યૂ મસ્ટ... યૂ મસ્ટ!

'ઇલાની વાર્તા ક્યારની ફિનિશ થઈ ગઈ.'

'લવ સ્ટોરીઓ તો ભવોભવની! ચાલ, નેટ પરથી એને શોધી કાઢીએ. જો! પહેલાં આપણે એને દૂરથી જોઈશું... પછી ડોરબેલ વગાડવાનો... ટીંગ ટૉંગ. ટીંગ ટૉંગ!! ને જેવું એ બારણું ખોલે... કે એને મળવાનું... ફેઇસ ટુ ફેઇસ!!!'

* * *

કોઈ સાહસકથાની જેમ બન્ને પ્લેઇનમાં ચડી બેઠાં. ધારેલા અમરિકી શહેરમાં, ધારેલી સ્ટ્રીટ પર, મુકરર નંબરવાળા ઘરની સામે આવીને બેઉ થોભ્યાં. ડીનોએ કાળું ટી-શર્ટ ને ઉપર સ્પોર્ટ્સ જૅકેટ પહેરેલાં. સૅન્ડીએ આછા વાદળી રંગનું ફૂલકા બાંયનું બ્લાઉઝ પહેરેલું. ઉપર ગળે પીળો સ્કાર્ફ. અંદર કોઈ મ્યૂઝીઅમ પ્રિન્ટ હતી. મૅરિલીન મનરો જેવા કાળા સનગ્લાસિસ ચઢાવી, એણે પર્સમાંથી મૂઠીમાં માય તેવો હૅન્ડીકૅમ વિડીઓ કૅમેરા કાઢ્યો.

'કેવી દેખાતી હશે... તારી પ્રેમિકા? સૅન્ડીએ ડીનોને મસ્તી કરવા પૂછ્યું.

'ખબર નથી મને... કદાચ ડેબી રેનોલ્ડ્ઝ જેવી...' એટલું કહેતાં એને ગળે શોષ પડ્યો. પણ કોણ જાણે કોઈએ સ્પ્રિંગવાળી ચાવી ચઢાવી હોય તેમ આપોઆપ બોલવા માંડ્યો --

'મને ખાત્રી છે, એના દાંત હજુ અકબંધ હશે. કદાચ ખાખી સ્કર્ટ પહેર્યું હશે. એના કપાળ પર એક લટ હશે... એની ડોક પર એ જ આછી રુવાંટી હશે જેના પર પ્રભાતનો ત્રાંસો, સોનેરી સૂર્યનો પ્રકાશ પડશે... ત્યારે એ ચંચળ હરણી જેવી લાગશે. હળવાં હળવાં પગલે એ છૂમંતર થઈ, મારી રૂમમાંથી એને ઘરે ભાગી જશે... ને બીજે દિવસે પાછી મારી સામે હાજર થશે.'

ત્યાં ઘરનાં કિંવાડ ખૂલ્યાં. કોઈ સ્ત્રી ગાર્બેજ મૂકવા બહાર આવી. ડીનો સફાળો થઈ ગયો. એણે એને ધારી ધારીને જોવા માંડી. હા, એ ઇલા જ હતી. એ શું જોઈ રહ્યો હતો?

કોઈ દુ:સ્વપ્ન!

... કે એની આંખો એને દગો દઈ રહી હતી! રીયલી, એ ઇલા છે? 'આ ઇલા જ છે... આઇ ડોન્ટ બિલીવ ધિસ' એ મનોમન બબડ્યો. એ ધૂંઆપૂંઆ થઈ ગયો. સૅન્ડી થોડી દૂર જતી રહી કારણ એને આ પ્રેમ-મિલનની સરસ વિડીઓ ઉતારવી હતી.

'આઇ ડોન્ટ બિલીવ ધિસ! ઓ ગૉડ!' ડીનો મોટેથી બોલ્યો. સામે પ્લાસ્ટિકનો ગાર્બેજનો કોથળો પકડીને ઊભી હતી એક જાડી ભોલ સ્ત્રી. બૉબ્ડ કટ વાળ. ઓપન ગળાનો લૂસ બ્લાઉઝ, તેથી બોચી પર ચડતા ઢાળ જેવો લાબડા-ચરબીનો થર... દૂરથી દેખાય તેવી ડબલ ચિન... લગભગ દૂંટીના લેવલ સુધી ઊતરેલું વક્ષસ્થળ...

'ક્યાં ગઈ મારી હરણી? ક્યાં ગઈ મારી ડેબી રેનોલ્ડ્ઝ? એના પગમાં ઝણઝણાટી શરૂ થઈ. પોતાની કોઈ ક્રૂર મશ્કરી થતી હોય તેમ એ શરમિંદો થવા લાગ્યો. એણે દૂરથી સૅન્ડીને ઇશારો કર્યો. --

'સૅન્ડી, ચાલ, ઘેર પાછાં જઈએ... મારે એને મળવું નથી... ઇટ્સ ઇનફ!!'

'નો, નો. અરે! આપણે એને મળવા તો ખાસ અહીં આવ્યાં છીએ... એને સરપ્રાઇઝ આપ! એકાદ ફિલમનું ગાયન ગાઈ નાખ... તારી ડૉક્યુમેન્ટરી ફિલ્મ ઉતારું... જા. જા.' કહેતાં કહેતાં સૅન્ડીએ કૅમેરા ઇલાના ઘર તરફ ફેરવ્યો. લાલ ઈંટોનું ઇગ્લૂ જેવું મકાન. ઉપર છજામાં હીંચકો. મુખ્ય દરવાજા તરફ જતો કાળી સ્લેટની લાદીનો બનાવેલો વૉક-

વે. આખું ટાઉન ડિઝની વર્લ્ડ જેવું હતું. લાલ, પોપટી, બેઇજ, પિન્ક દીવાલવાળાં મકાનો, રતૂમડી માટીની જાળીવાળી પાળીઓ, ટ્રોપિકલ ફૂલોના ક્યારાઓ. ડીનો ઇલા તરફ ચાલવા માંડ્યો. સૅન્ડીએ લૉંગ શૉટમાં વિડીઓ ઊતારવા માંડ્યો.

'ધિસ ઇઝ એ મિસ્ટેઇક... મારું ડ્રીમ નંદવાઈ ગયું. આ સૅન્ડી શું વિચારતી હશે? ત્રીસ વર્ષ પહેલાં મારું આ ધોરણ હશે એવું એ માની લેશે... ઓહ ગૉડ! આ બાઈએ ગલોફામાં લૉલીપૉપ મૂક્યું છે. એક એક કૅલરી એના માટે ઝેર છે... ત્યાં આ લૉલીપૉપ...' એ આગળ વધ્યો. ધીમેથી બોલ્યો, 'યૂ લિટલ પિગ!!'

'એક્સ્ક્યૂઝ મી!' ડીનોએ મોટેથી હાક મારી.

'યસ?'

'તમારું નામ... ઇલા છે, રાઇટ?'

'યસ, ઇલા...' કહી ઇલાએ મોંમાંથી લૉલીપૉપ બહાર કાઢી. 'તમારી ઓળખાણ?'

'હું દિનકર. દિનુ, યાદ છે ત્રીસ વર્ષ પહેલાં?'

'ઓ દિનુ? મહાવીર નિવાસ?'

'યસ. જો ત્યાં મારી વાઇફ... સૅન્ડી આપણી ડૉક્યુમેન્ટરી ઊતારે છે.'

'ક્યાં છો તમે?'

'અપસ્ટેઇટ ન્યૂ યોર્ક.' ડીનોને ખાત્રી થઈ, એ અવાજ તો ઇલાનો જ હતો.

એને થયું, જે એના હૈયે છે, તે હોઠ પરથી કહી દે. એને કહેવું હતું --

'ઓ મારી ઇલા, ઇલુ, ઇલ્લી, ઇલાક્ષી, રોજ રાતે તને ઓશીકા પર કાન દબાવી, મારા નેત્રપટે તને હાલતીચાલતી જોઉં છું. આપણે સંવાદો કરીએ છીએ. પણ તું આમ ભદી કેમ થઈ ગઈ? ઓ મારી ડિઝાઇનર છોકરી! કાળ તને ભરડો દઈ રહ્યો છે!'

પણ એ શબ્દો એની છાતીમાંથી બહાર ના આવ્યા.

ત્યાં કંઈ જુદી જ ઘટના બની. ઇલાએ દિનુને ફેઇસ ટુ ફેઇસ જોયો. એ હસી.

'ઓય મા! દિનુ, આ શું થયું તને? તારા આ દેદાર? આ શું સાવ કાચીંડા જેવો થઈ ગયો છે તું... જો તારો ફેઇસ... આ ચામડીની કોથળીઓ... બૉલ્ડ ક્યારે થયો? યૂ લૂક સો ટેરિબલ!' ડીનોની ઉપર જ બૂમરૅંગ થયું!

'એમ કર, તું અને તારી વાઇફ સાંજે અમારા ઘરે આવો.'

'ના, થૅંક્યૂ. ફરી કોઈવાર.'

'તું ખાસ મને મળવા અહીં આવ્યો?'

'યસ, ઑફકોર્સ.'

'તો સાંજે ડિનરમાં આવ... મારાં બાળકોને તારી ઇન્ટ્રો કરાવું.'

'શું કહીશ એ ઇન્ટ્રોમાં?' ડીનોએ દેવદાસની અદાથી પૂછ્યું.

'કહીશ... લૂક ઍટ ધિસ મૅન. ધિસ મૅન કુડ હૅવ બીન યોર ફાધર! પણ તને કહી દઉં... તને જોઈને મારાં ચિલ્ડ્રન ખીખી કરીને હસવા માંડશે.'

'ઇલા, સ્ટૉપ ઇટ.' ડીનોનો અહમ્ ઓગળતો જતો હતો.

'ખબર છે... કેમ ખીખી કરશે તે?'

'ના, આઇ ડોન્ટ કૅર.'

'કારણ આખો દિવસ એ મૉન્સ્ટરો કાર્ટૂન જુએ છે... તું પૉપઆઈ જેવો દેખાય છે. દેશમાં મિયાં ફૂસકી જોતાં'તાં તેવો...'

કાળચક્રમાં પોતે પણ પિલાઈ રહ્યો છે, તેનું ભાન થતાં દિનુએ હાથ ઊંચો કર્યો, ફક્ત એટલું જ બોલ્યો, 'બાય... સો લૉંગ', ઝડપથી એ સૅન્ડી તરફ ચાલવા માંડ્યો.

'સૅન્ડી, ચાલ... પાછા જવાની ફ્લાઇટ પકડી લઈએ...' એણે પોતાના માથે હાથ ફેરવ્યો. સરિયામ ટાલ પર પ્રસ્વેદ બિંદુઓ ફૂટી નીકળ્યાં'તાં.

('શબ્દસૃષ્ટિ'માંથી સાભાર)

# સપ્તર્ષિ



**હરનિશ જાની**
યાર્ડવિલ, ન્યૂ જર્સી

તમે ક્યારે ય વૃદ્ધ પુરુષને રડતો જોયો છે?

તે દિવસે બાપુજી મારી આગળ રડી પડ્યા હતા. મેં રડવા દીધા હતા. ભલભલાની છાલ ઉતારી નાખે એવો અમદાવાદનો જૈન વેપારી મારી હાજરીમાં આંસુ સારતો હતો. બાપુજી સાથે મારે લોહીની સગાઈ નહોતી. તે મારા મિત્ર નયનના બાપુજી હતા.

અમેરિકામાં, ન્યૂ જર્સીમાં એડિસન શહેરમાં આવેલી ભવ્ય કેનેડી હૉસ્પિટલમાં અમે હતા. શાંતિકાકા અને રમાબા ઉનાળામાં ફરવા આવ્યાં હતાં. દેશ પાછા ફરવાના બે અઠવાડિયાં અગાઉ બાએ શ્વાસ લેવાની તકલીફની વાત કરી. તેમના નાના દિકરા નયન અને તેની પત્ની મીનળે તેમને હૉસ્પિટલમાં મેડિકલ ચેકઅપ માટે ભરતી કર્યાં. રમાબાને લંગ કૅન્સર નીકળ્યું. બે-ત્રણ વરસથી તેમને શ્વાસ લેવામાં તકલીફ હતી. પરંતુ ક્યારેય તેમણે ચર્ચા કરી નથી. આજે ખબર પડી કે તેમને ફેફસાંમાં કૅન્સર હતું.

રમાબાના ઇન્ટેન્સિવ કૅર રૂમની લૉબીમાં, બાપુજીની સાથે હું અને મારી પત્ની મીના ઊભાં હતાં. તેમનો નયન અને મીનળ પણ હતાં. ત્યારે બાપુજીએ નયન તરફ જોઈને કહ્યું, 'હરીશ સવારનો અહીં ઊભો છે. તો તેને નીચે કાફેટેરિયામાં ગરમ ચૉકલેટ પીવા લઈ જઉં છું.' મારી પત્ની નયન અને મીનળ સાથે ઊભી રહી.

બાપુજી મારો હાથ પકડીને એલિવેટર તરફ ચાલવા માંડ્યા. હાથ હૂંફાળો હતો, ધ્રૂજતો હતો. એલિવેટરમાં અમે બે જ જણા હતા. બાપુજીના હાથની પકડ મારા હાથ પર મજબૂત થઈ. મેં જોયું તો તેમણે બીજા હાથ વડે ચશ્માં કાઢી નાખ્યાં. તેમની આંખોમાં આંસુ હતાં. મારો હાથ છોડી દીધો. રૂમાલ વડે આંખો લૂછવા લાગ્યા. મારી આંખોમાં જોઈને કહ્યું, 'હરીશ, તને કેમ લાગે છે?'

મેં કહ્યું, 'ના, ના. બાને કાંઈ નહીં થાય. આ અમેરિકા છે.'

'પણ ઓલા ડૉક્ટરે તો તેમને ચોવીસ કલાક જ આપ્યા છે.' થોડોક શ્વાસ લઈને બોલ્યા, 'જો એને કાંઈ થઈ જશે તો હું મરી જઈશ... મરી જઈશ.' તેમણે બન્ને હાથ મારા ખભા પર મૂકી દીધા અને ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડ્યા. તે જોઈને મને આંચકો લાગ્યો. એલિવેટર હૉસ્પિટલની લૉબીના ફ્લોર પર આવી ગયું, બારણાં ખૂલી ગયાં, તો ય

બાપુજીએ રડ્યા કર્યું.

કાફેટેરિયામાં જતાં પહેલાં લૉબીમાં તેમને પાણી પિવડાવ્યું. કાફેટેરિયામાં અમે બે ચીઝ સૅન્ડવિચ, બટાકાની તળેલી ચિપ્સ અને ગરમ ગરમ ચૉકલેટવાળું દૂધ લઈને એક ટેબલ પર બેઠા. શાંતિકાકા — બાપુજીએ તેમનો એક હાથ મારા હાથ પર મૂકી દીધો. માંદગીમાં અને દુ:ખમાં બીજા મનુષ્યનો સ્પર્શ દુ:ખ અડધું કરી દે છે. સ્પર્શ એક જાતની થેરાપી છે. શાંતિકાકાનું ઘર અને અમારું ઘર સાથે સાથે હતાં. મારાં બા અને રમાકાકી રસોડાની બારીઓમાંથી વાતચીત કરતાં અને ખાસ કરીને ઉનાળામાં અમારાં બન્ને ઘરની અગાશીઓમાંથી વડીલો પણ વાતો કરતા. નયન અમેરિકામાં છે અને મોટો દીકરો પ્રકાશ તેમની સિંગરના સીવવાના સંચાની એજન્સી સંભાળતો હતો.

બાપુજીએ મને પાછું પૂછ્યું: 'તને કેવું લાગે છે? બા જીવશે?'

મેં તેમને ધરપત આપી: 'કાંઇ નહીં થાય. તમે ચિંતા ન કરો.'

તેમણે પ્લેટમાંની ચીઝ સૅન્ડવિચને જોયા કરી. પછી બોલ્યા: 'આવતે વરસે અમારે પરણ્યે પચાસ વરસ થશે. બાએ મને આટલાં વરસો સાચવ્યો છે. જો બા મરી જશે તો મારાથી નહીં જીવાય. જગતમા હું ક્યાંય હોઉં પરંતુ બા મારી સાથે જ હોય છે. તને એક ખાનગી વાત કહું? અમે પરણ્યાં ત્યારે લગ્નવેદિ પરથી શુક્લ મહારાજે અમને આકાશમાં સપ્તર્ષિ તારાઓના ઝુમખાનાં દર્શન કરાવ્યાં હતાં. તે દિવસથી અમે બન્ને રોજ રાતે આકાશમાં સપ્તર્ષિનું ઝુમખું જોઈએ છીએ.'

મારી આંખોના ભાવ બાપુજી સમજી ગયા. તે બોલ્યા: 'ઉનાળામાં અમે હંમેશા અગાશીમાં સૂતાં સૂતાં પથારીમાંથી આકાશમાં સપ્તર્ષિ શોધી નાખીએ અને એકમેકના હાથ પકડી અમે નક્ષત્રોની વાતો કરતાં. બા નાની હતી ત્યારથી તેને આકાશ જોવાની મઝા આવતી. હું દિલ્હી ગયો હોઉં કે મુંબઈ ગયો હોઉં તો હોટેલમાંથી બાને ઘેર ફોન કરું અને અમે બન્ને સાથે સપ્તર્ષિ જોઈએ. એક સાથે સપ્તર્ષિના ઝુમખાને જોવામાં અમને એકમેકના સ્પર્શનો ભાસ થતો, એકમેકની હાજરી અનુભવાતી હતી. આ સપ્તર્ષિ-દર્શન અમે જુવાનીમાં ચાલુ કર્યું હતું. અરે, અમે અમેરિકા આવતાં હતાં ત્યારે અરબી સમુદ્ર પર બાએ પ્લેઇનમાંથી સપ્તર્ષિ શોધી કાઢ્યા હતા.' આટલું બોલતામાં તો બાપુજીના મોં પર હાસ્યની લહેરખી આવી ગઈ. પછી ધીમેથી બોલ્યા, 'આ અમારું પ્રેમ-રહસ્ય કોઈને ખબર નથી. આજે તને કહ્યું.'

પાછા ગંભીર થઈ ગયા. પછી બોલ્યા: 'નયન કહે છે કે ઇન્ડિયા જતા રહો. અહીં બાની દવાઓના ખર્ચા બહુ થાય છે કારણકે અમારો ઇન્સ્યોરન્સ નથી. અને ઇન્ડિયાથી પ્રકાશ ફોન કર્યા કરે છે, નવા માલના ઑર્ડરની ડિલિવરી કરવાની છે, તેને મારી જરૂર છે. પણ બાને છોડીને મારાથી કેમ જવાય? એક વાત કહું, હરીશ? માણસ આખી જિંદગી ગધ્ધાવૈતરું કરીને પૈસા કેમ કમાય છે? કારણ કે ઘડપણમાં પૈસો કામ લાગે. અને મારો પૈસો હમણાં કામ ન આવે તો ક્યારે આવશે? મારા બન્ને દીકરાઓની નજર મારા પૈસા પર છે. એમને મા નથી જોઈતી. મારે મારી પત્ની જોઈએ છે. બધું જ મંગલ થતું હોય ત્યારે બાળકો પ્રેમ વરસાવે એ તો સમજ્યા, પણ અમંગલ સંજોગોમાં એટલો જ પ્રેમ વરસાવે તો આપણું જીવ્યું સાર્થક. આ તો બબ્બે ઘર છે, છતાં અમને 'હોમલેસ' બનાવવાની વાતો ચાલે છે!'

વળી પાછા બાપુજી રડી પડ્યા. મેં એમને સાંત્વન આપ્યું અને નયનને સમજાવવાની વાત કરી. અમે ઉપર બાના વૉર્ડ પાસે ગયા. ત્યાંથી વિઝિટિંગ સમય પૂરો થતો હોવાથી અમે સૌ છૂટાં પડ્યાં. બીજે દિવસે મેં નયનને સમજાવ્યું કે બા ઘેર ન આવે ત્યાં સુધી બાપુજીને ઇન્ડિયા જવા ન દેતો. નયન મારી વાત માની ગયો. પણ એક વાત મને ખૂંચી. તે બોલ્યો હતો: 'તને ખબર છે અહીંનાં ફ્યૂનરલ હોમ કેટલાં મોંઘાં છે તે - બા મરે તો સીધા દશ હજાર ડૉલર થાય! માટે એમની તબિયત વ્હીલચૅરમાં બેસવા જેવી થાય તો એમને પણ દેશ ભેગાં કરી દઈશ.'

મને લાગ્યું કે પૃથ્વી આખી 'જર, જમીન અને જોરુ'ની ચોપાસ ભ્રમણ કરી રહી છે. પૈસા-જમીન-સ્ત્રીએ તો પ્રેમ-સૌજન્યતા-વિવેકને ક્યાં ય ફંગોળી દીધાં છે.

સૌની પ્રાર્થનાથી કે પછી ડૉક્ટરોની દવાઓથી બાનાં ફેફસાં ચોખ્ખાં થવાં માંડ્યાં. હવે ચોવીસ કલાકમાં મરવાની વાતો બંધ થઈ ગઈ. બા વ્હીલચૅરમાં બેસતાં થઈ ગયાં, નયનને ઘેર આવી ગયાં. નયનના ઘરમાં એકે પગથિયું નહોતું એટલે તેમને વ્હીલચૅરમાં ખસેડવામાં વાંધો નહોતો આવતો. બા હવે લોકોને ઓળખી શકતાં હતાં. એમણે પોતાને હવે સારું છે એમ શાંતિકાકાને સમજાવી દીધું, અને શાંતિકાકા રમાબાને નયનને ઘેર છોડી ઇન્ડિયા ગયા. ઍરપોર્ટ પર મારો હાથ દબાવીને કહે કે, 'બાની કાળજી રાખજો. તું ય મારો દીકરો છે. બાને રોજ મળતો રહેજે.'

વાતને માંડ અઠવાડિયું થયું હશે અને બાની તબિયતે ઊથલો ખાધો. નયનનો ફોન આવ્યો. અમે હૉસ્પિટલમાં ધસી ગયાં. ડૉક્ટરે પાંચ-છ દિવસ હૉસ્પિટલમાં રાખ્યાં. કૅન્સર સ્પેશિયાલિસ્ટે એક સાંજે મને અને નયનને સામે બેસાડીને કહ્યું કે, 'બા એક અઠવાડિયું જીવે, કે એક વરસ પણ જીવે. જો દવાઓ આપ્યા કરીએ તો થોડું લાંબું જીવાય, પરંતુ હવે કૅન્સર દૂર નહીં થાય.'

બાને ઘેર લઈ આવ્યાં. બે-ત્રણ દિવસ પછી નયનનો ફોન આવ્યો. 'બાને ઘરમાં રાખવાના ઘણા પ્રૉબ્લેમ્સ છે. મારાથી કે મીનળથી બાને બાથરૂમમાં ટોઇલેટ માટે લઈ જવાતાં નથી. બાના સ્પંજ-બાથ પણ અઘરા પડે છે. અમારી બન્નેની ફુલ-ટાઇમ નોકરી છે. આમેય બાનાં બિલો પાછળ મારી બધી બચત ધોવાઈ ગઈ છે. વધુમાં મેડિકલ ઇન્સ્યોરન્સ નથી એટલે વિઝિટિંગ નર્સની શક્યતા નથી. એટલે તેમને 'આ દુનિયામાં કોઈ નથી' એવા હોમલેસ સ્ટેટસ પર નર્સિંગ હોમમાં દાખલ કરાવી દીધાં છે. આપણે એકે પૈસો ભરવાનો નહીં.'

આ નર્સિંગ હોમ મારી નોકરીના સ્થળ પાસે જ હતું. રોજ સાંજે વર્ક પછી ત્યાં બાની ખબર લેવાનું રાખ્યું. નયનને રોજ નોકરી પરથી આવીને બાને જોવા આવવાનો સમય નહોતો એટલે એ જવાબદારી મેં લઈ લીધી. આ નર્સિંગ હોમના આગળના ભાગમાં સુંદર ગાર્ડન હતો. બિલ્ડિંગ એક માળનું હતું. આગળના ભાગમાં ઑફિસો હતી. અંદર ત્રણ બાજુ પર અડોઅડ રૂમો હતી. બધી રૂમની બહાર ઓટલો હતો. વચ્ચેના ભાગમાં ખુલ્લી જમીન હતી. ત્યાં ઉનાળામાં સુંદર ફૂલો હશે એમ લાગતું હતું. ઉનાળો પૂરો થઈ ગયો હતો, હવે તો નવેંબર આવ્યો હતો. ઠંડી ચાલુ થઈ ગઈ હતી. બધાં વૃદ્ધ સ્ત્રીપુરુષો પોતાની રૂમોમાં બેસીને ટીવી જોવામાં સમય ગાળતાં. હું ત્યાંની નર્સો સાથે વાતો કરી બાની મુશ્કેલીઓ સમજાવતો. હવે બાનું કૅન્સર શરીરના બીજા ભાગોમાં વિસ્તર્યું હતું. બા મને કહેતાં કે આ બધી નર્સો તેમને વઢે છે, અને પથારીમાં બેસી રહેવાનું કહે છે.

હવે હું પહેલાં બાને જોઈને પછી નોકરી પર જતો. અને સાંજે વળતાં નર્સિંગ હોમ પર ઊભો રહેતો. નયન અને મીનળ શનિ-રવિએ આવતાં. બા મને કાયમ પૂછતાં કે 'તારા બાપુજીનો ફોન આવ્યો ખરો?'... જોકે લવારી કરતાં ત્યારે બાપુજી સાથે ઘણી વાતો કરતાં. રોજની જેમ તે સવારે હું નર્સિંગ હોમ પર ગયો. જોઉં છું તો બાની પથારી ખાલી હતી. નર્સને પૂછ્યું તો બોલી: 'ધૅટ હોમલેસ ઇન્ડિયન લેડી ઇઝ ડેડ. બૉડી હૉસ્પિટલમાં મોકલી દીધું છે.'

મારી આંખે અંધારાં આવી ગયાં. ઑફિસમાં જઈને ડૉક્ટર સાથે વધુ પૂછતાછ કરી. તેમના મારફત જાણવા મળ્યું, 'દરદી સ્ત્રી રાતે રૂમ છોડીને બહાર ઓટલા પર પગ લટકાવીને આકાશ તરફ ઊંચે જોતી બેઠી હતી. અડધી રાતે એવી હાલતમાં મરેલી મળી હતી. ગઈ રાતે ઠંડી કેટલી હતી? તે પાંચ-દશ મિનિટમાં મરી ગઈ હશે!' ડૉક્ટરે મારો હાથ હાથમાં લઈને કહ્યું, 'તેનાં ફેફસાં આમેય કામ નહોતાં કરતાં. મને એ નથી સમજાતું કે રાતે રૂમ છોડીને બહાર આકાશમાં શું શોધતી હતી?'

હું સમજતો હતો , પરંતુ કોઈને કેવી રીતે સમજાવું?

('ઓપિનિયન'માંથી સાભાર)

# મીરા કે પ્રભુ ગિરિધર નાગર



**રાહુલ શુક્લ**
વૉરન, ન્યૂ જર્સી

અઠ્યાવીસ વરસ પહેલાની વાત છે. ત્યારે હું અમદાવાદ સેઇન્ટ ઝેવિયર્સ કૉલેજમાં છેલ્લા વરસમાં હતો. આંબાવાડીમાં પરિમલ સોસાયટીમાં સુંદર મકાનમાં રહેતા હતા. સારુંય ભવિષ્ય નજર સામે હતું. દુનિયાને બદલી નાખવાની મનમાં હામ હતી.

ભગવાને મને આ જ સમયે આ પૃથ્વી પર જનમ દીધો એનું કંઈ કારણ તો હશે જ ને! મને થયું હું કંઈક કરી દેખાડીશ. કૅન્સરનો ઇલાજ શોધવાનું સંશોધન કરીશ, કે દુનિયાની ગરીબી દૂર થઈ જાય એવી વસ્તુનું પ્રોડક્શન કરીશ, કે યુનાઇટેડ નેશન્સનો સેક્રેટરી જનરલ બની સારીયે દુનિયાને શાંતિનો માર્ગ દેખાડીશ.

મારી મહત્ત્વાકાંક્ષાને કોઈ સીમા નહોતી, પણ મારી તાકાત અને ખંત મારી ઇચ્છાઓ જેટલાં બળવાન નહોતાં.

મીરાની મુલાકાત સાવ અનાયાસે જ થઈ હતી. ઘેરથી નવરંગપુરા મ્યુનિસિપલ માર્કેટમાં કૉફીનો નાનો ડબ્બો ખરીદવા ગયો હતો. બૉમ્બે પ્રોવિઝન સ્ટોરમાં મારી આગળ ઊભી હતી કોઈ નવજુવાન રૂપકડી છોકરી. મારા હાથમાં માત્ર કૉફીનું કૅન જોઈને એ કહે, 'મને તો વાર લાગશે. યૂ કૅન ગો અહેડ ઓફ મી.' આ સાવ અજાણી છોકરીના અવાજમાં જાણે જનમોજનમની ઓળખાણ હતી.

કૉફીના કૅનના ત્રણ રૂપિયા મેં દુકાનદારને આપ્યા, બેની નોટ, અને એક રોકડો રૂપિયો. દુકાનદારે પેલા રોકડા રૂપિયાને કાઉન્ટર પર ખખડાવી જોયો, એના કૅશના ડ્રૉઅરમાંથી લોહચુંબક કાઢી એણે રૂપિયા પર લગાવી જોયું, પછી કહે 'સાહેબ, આ રૂપિયો બીજો આપજો.'

મને થયું ભગવાન પણ ખરા તાલ કરે છે, આ રૂપકડી છોકરી પાછળ ઊભી જુએ છે, એના કાળા લીસા વાળ જાણે આકાશમાં કાળાં વાદળાંની ઘટા હોય એવા લાગે છે, એની લાંબી નાજુક ગરદન જાણે પારિજાતક ફૂલની દાંડલી હોય તેવી લાગે છે. એની ઊંડી આંખોમાં જાણે ઓળખાણનો દરિયો ઘૂઘવતો હોય એવું લાગે છે. અને હું મૂરખ ઘેરથી બરોબર ત્રણ રૂપિયા જ ખિસ્સામાં લઈને નીકળ્યો!

મેં સહેજ ક્ષોભથી દુકાનવાળાને કહ્યું: 'અરે યાર, હજુ સવારે તો લાલ દરવાજાથી બસમાં કન્ડક્ટરે પાંચની નોટના છૂટા કરીને આપ્યા.'

દુકાનવાળો કહે, 'સાહેબ, કન્ડક્ટર તમને બનાવી ગયો, આ જુઓ રૂપેરી કલર પર કેવી પીળી ઝાંય દેખાય છે?'

મેં કહ્યું: 'ભલે તો, હું ઘેર જઈ પૈસા લેતો આવું.'

મારી પાછળ પેલી ઘનઘોર ઘટાવાળી પરી મારી સામે જ જોઈ રહી હતી. પછી એ કહે, 'આ ખોટા સિક્કા બનાવનારા પોતાની કારીગરીને કેવા ખોટા રસ્તે વાપરે છે!'

'એ વાત તમારી સાચી,' મારો સંકોચ અચાનક દૂર થઈ ગયો, 'મને તો ખ્યાલ પણ ન આવ્યો કે કન્ડક્ટર ખોટો રૂપિયો ભટકાડે છે.'

એ કહે: 'તમારો ચહેરો ભોળો દેખાય છે, અને મને ખોટા રૂપિયા એકઠા કરવાની હૉબી છે.' એણે પર્સ ખોલ્યું, 'લાવો તમારો ખોટો રૂપિયો. બદલામાં આ લો મારો રૂપિયો. તમારે ઘર સુધીનો ધક્કો બચશે.'

એ કુમળી, રૂપાળી, તેજસ્વી છોકરીનું નામ મીરા જોશી હતું. ત્રીસ વરસ પહેલાનો સમય હતો. ફોન નંબર માગવાનો રિવાજ નહોતો. વાત ત્યાં પતી ગઈ.

* * *

થોડા મહિનાઓ પછી નવું રાજદૂત મોટરસાઇકલ લીધું. અને પછી મારમાર કરતો મિત્ર વિનોદને ત્યાં ગયો. એને લઈને ત્યાંથી લૉ ગાર્ડનમાં હેવમોરમાં ગયા. બહાર મોટરસાઇકલ રાખી અંદર ગાર્ડન સેક્શનના ટેબલ પર જઈને બેઠા. હું ઉત્સાહથી વિનોદને કહેતો હતો કે સ્કૂટર કરતાં મોટરસાઇકલમાં કેટલો બધો વધુ પાવર હોય છે — 'ડૅડી તો કહેતા હતા કે વાસ્પા કે લૅમ્બ્રેટા લે, પણ મેં ડૅડીને કહ્યું કે મારે તો બુલેટ જેવી સ્પીડ જોઈએ છે.'

'બહુ સ્પીડ કાંઈ સારી ન કહેવાય.' કોઈનો મંજુલ અવાજ પાછળના ટેબલ પરથી સંભળાયો.

મેં પાછળ જોયું તો સફેદ સાડીમાં, કપાળમાં મોટો પીળો ચાંદલો, ગળામાં સફેદ મોતીની માળા અને મરક મરક હસતી હતી મીરા.

મેં વિનોદ સાથે ઓળખાણ કરાવી કહ્યું: 'વિનોદ, આ મીરા જોશી અને હું સાવ અનાયાસે મળી ગયેલાં - ચાર મહિના અગાઉ ...'

'ત્રણ મહિના અગાઉ -' મીરાએ કહ્યું.

મેં કહ્યું: 'હું કાંઈક ખરીદી કરવા ગયો હતો.'

મીરા કહે: 'નેસકાફેનું ૧૦૦ ગ્રામનું કૅન -'

વિનોદ બધી વાત સાંભળી હસવા લાગ્યો. મને કહે: 'ગૌરાંગ, તું તો પહેલેથી બહુ સ્માર્ટ નથી, એમાં આ મીરા જેવી બ્યૂટિફુલ છોકરી ગપ લગાવે, તો તું તો એની બધી ગપને ઝીલી જ લેવાનો.'

મીરાની આંખમાં પ્રશ્નાર્થ ...

વિનોદ કહે, 'આ મીરાએ તારા પર દયા ખાઈને તને એક રૂપિયો આપ્યો. અને તેં આપેલ ખોટો રૂપિયો એણે ત્યારે ને ત્યારે મ્યુનિસિપલ માર્કેટની કચરાપેટીમાં નાખી દીધો હશે.'

મીરાએ તેજભરી નજરે વિનોદ સામે જોયું, મારી સામે જોયું, અને ધીમેથી એની પર્સ ખોલી. અંદરથી નાની મખમલની કોથળી ખોલી. એમાંથી રૂપિયાનો સિક્કો - પીળી ઝાંય વાળો - હેવમોરના ટેબલ પર મૂકી દીધો.

તે મુલાકાત વખતે હું મીરાનો ફોન નંબર અને સરનામું લેવાનું ન ભૂલ્યો.

મારી અને મીરાની નિકટતા વધતી જતી હતી. મારા જીવનમાં જાણે એક હેતુ ઊભો થતો જતો હતો. મીરાને મળ્યા અગાઉ હું જાણે સઢ વિનાનું વહાણ હતો, નકશા વગરનો મુસાફર ... મહત્ત્વાકાંક્ષાઓ ઘણી હતી પણ એને સાચી કરવાનું જોશ નહોતું. મીરાને મળ્યા પછી ફરી લાગતું હતું કે હું કદાચ કૅન્સરના ઇલાજનું સંશોધન કરી પણ નાખું.

બીએસસી પછી જિંદગીને ક્યાં લઈ જવી એ અંગે પહેલા તો વિચાર પણ નહોતો કર્યો.

મીરા કહે: 'એમબીએ.નું ભણ.'

મેં કહ્યું: 'કૅન્સરનું સંશોધન કોણ કરશે?'

એ કહે: 'પહેલાં આ તો કર.'

અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટમાં આખા હિંદુસ્તાનના હોંશિયાર છોકરાઓ અપ્લાય કરતા હતા. 'મીરા, મને આમાં ઍડ્મિશન કેમ મળશે!' મેં કહ્યું.

એ કહે: 'સાચા દિલથી જે ઇચ્છીએ તે મળી જાય. ઇફ યૂ વોન્ટ ઇટ, યૂ વિલ ગેટ ઇટ.'

એમબીએનાં બે વરસો તીરવેગે જતાં હતાં. મીરા અને હું બધે સાથે ને સાથે જ ફર્યા કરતાં. મીરાના ફાધર ગુજરાત કૉલેજમાં પ્રોફેસર હતા. એમને મળવાનો વખત આવે ને મારા હૃદયના ધડકારા વધી જતા.

એક વાર મીરા કહે: 'ચાલ અંબાજી ફરવા જઈએ.' મારા રાજદૂત મોટરસાઇકલ પર પાંચ કલાકનું ડ્રાઇવિંગ કરી અંબાજી પહોંચ્યાં હતાં. એ વાંકાચૂકા રસ્તા રસ્તા પર તીરવેગે મારું રાજદૂત ઊડતું હતું. મારી મીરાએ પાછળ બેસી બંને હાથે મારી કેડ પકડી રાખી હતી. જેટલી વાર રસ્તા પર વળાંક આવે તો મીરાના લીસા સુગંધી વાળ મારા ગાલ અને ગળા પર ઊડી આવતા.

મંદિરના ફળિયામાં બેસી અમે અમારા ભવિષ્યની વાતો કરતાં હતાં.

'મને તારા પ્રોફેસર બાપની બહુ બીક લાગે છે.' મેં કહ્યું.

'કેમ?'

મેં કહ્યું: 'તમે બ્રાહ્મણ, અમે વાણિયા; તારા ફાધરને ભાષા અને સાહિત્યમાં રસ, મારું કુટુંબ શૅર બજારમાં જાણીતું. તારા ફાધર તો કહેશે અમારે આવા કુટુંબમાં અમારી દીકરી નથી આપવી.'

મીરાએ મારો હાથ હાથમાં લીધો. એ કહે, 'ગૌરાંગ, હું અને તું એક બીજા માટે સર્જાયાં છીએ. ડૅડી કૅન નૉટ ચેઇંજ ધૅટ. ગૉડ કૅન નૉટ ચેઇંજ ધૅટ.'

એણે એની પર્સ ખોલી અંદરથી લાલ મખમલની કોથળી કાઢી. અંદર હતો પીળી ઝાંય વાળો રૂપિયો. એ કહે: 'આપણે પહેલી વાર મળ્યાં એની યાદગીરી - આ લકી રૂપિયો હું કાયમ સાથે રાખું છું. રાત્રે સૂવા જાઉં તો આ મખમલની કોથળી મારા ઓશીકા નીચે હોય છે.'

હું મીરાના ભક્તિવાળા ભોળા ચહેરાને જોઈ રહ્યો. મેં શું પુણ્ય કર્યાં હશે કે ભગવાને આ દેવીને મારી જિંદગીમાં મોકલી હશે!

* * *

એક મહિના પછી મારી ફાઇનલ એક્ઝામ હતી. જિંદગીને સ્થિર કરવાનો સમય આવી ગયો હતો. હું ફડફડતા હૃદયે મીરાના ડૅડી પ્રોફેસર જોશીને મળવા ગયો. માંડ માંડ કહી શક્યો કે 'મીરા સાથે લગ્ન માટે મંજૂરી માગવા આવ્યો છું.' એ ઊભા થઈને મને ભેટી પડ્યા. 'આઇ એમ સો પ્રાઉડ...' એમણે કહ્યું, 'કે મારી મીરાને આવો સરસ સાથીદાર મળ્યો.'

અમારા લગ્નની તારીખ પણ કેવી સરસ પસંદ કરી હતી -- પંદરમી ઑગસ્ટ.

કંકોત્રી છપાઈને આવી. હું ને મીરા કંકોત્રી જોતાં હતાં. અને એની આંખમાંથી દડદડ આંસુ પડવાં લાગ્યાં.

'મીરા, વ્હોટ ઇઝ ધ મૅટર?'

એ મને ભેટી પડી. એ કહે: 'મેં તને પહેલીવાર નવરંગપુરા મ્યુનિસિપલ માર્કેટમાં જોયો ત્યારથી મને ખબર હતી કે યૂ આર મેન્ટ ફોર મી.' એ કહે: 'જેમ મીરાબાઇને ભગવાન કૃષ્ણ હતા તેમ મારે તું છે!'

મેં એનાં આંસુ લૂછી નાખ્યાં. એની બંધ આંખો હોઠથી ચૂમીને કહ્યું: 'મારી ગાંડી ઘેલી મીરા!'

તે સાંજે અંગત મિત્રોને રૂબરૂ કંકોત્રી આપવા જતાં હતાં. મારો મિત્ર વિનોદ બે મહિના પછી અમેરિકા મૂવ થવાનો હતો. તો હું અને મીરા મારા રાજદૂત પર વિનોદને કંકોત્રી આપવા સરખેજ રોડ પર તીરવેગે જતાં હતાં. જૂન મહિનાની શાંત સાંજના અંધકારને મારું મોટરસાઇકલ એના ફડફડાટથી જાણે કાપતું આગળ ધસમસતું હતું.

* * *

મારી આંખ ખૂલી તો માથામાં અને શરીરમાં ખૂબ પીડા થતી હતી. મારો એક હાથ પ્લાસ્ટરમાં હતો. બીજા હાથે અડી જોયું તો માથા પર પાટાપિંડી. મારી સામે વિનોદ ઉદાસ આંખે ઊભો હતો.

'વિનોદ, વ્હોટ હેપન્ડ?'

એ કહે: 'તું ત્રણ દિવસથી બેભાન હતો. તે દિવસે સરખેજ રોડ પર તું સામેથી આવતી ટ્રક જોડે હેડ-ઑન અથડાયો હતો.'

'મીરાને કેમ છે?' મેં ચિંતાતુર અવાજે પૂછ્યું.

વિનોદ હીબકે ને હીબકે રડવા લાગ્યો. એ કહે: 'મીરાને ભગવાને બોલાવી લીધી.'

મારી દુનિયા ભગવાને ઘડીના છઠ્ઠા ભાગમાં ઉજાડી દીધી. મારું જીવતર ઝેર થઈ ગયું. હૉસ્પિટલના એ રૂમને મેં દિવસ-રાત મારાં ડૂસકાંથી ભરી દીધો.

સામેથી આવતી ટ્રક મને ન દેખાઈ! આવી મૂર્ખામી મેં કેવી રીતે કરી? મારી અંદર ન સહન થઈ શકે એવું આક્રંદ હતું.

ડૅડી સવારસાંજ હૉસ્પિટલના રૂમમાં બેઠા રહ્યા. હું એમનો હાથ પકડીને રડ્યા કરતો... 'ડૅડી, તમે કહેતા હતા રાજદૂત ન લે, વાસ્પા કે લૅમ્બ્રેટ્ટા લે; મેં તમારું ન સાંભળ્યું... અને આ હું શું કરી બેઠો!'

હૉસ્પિટલમાંથી દોઢ મહિને રજા મળી. મીરાના ઘરે પ્રોફેસર જોશીને મળવા ગયો. એમના પગ પકડીને રડતાં રડતાં એમની માફી માગી: 'મને ટ્રક ન દેખાઈ, મને સામેથી આવતી ટ્રક ન દેખાઈ. મેં ભયંકર ભૂલ કરી નાખી...'

* * *

પછીનાં બે વર્ષ મેં અંબાજી, હરદ્વાર, મથુરા, રામેશ્વરની મુસાફરીમાં કાઢ્યાં. મારું મન ક્યાંય ચોંટતું નહોતું. મારી જિંદગી ઝેર થઈ ગઈ હતી. કૅન્સરના ઇલાજના સંશોધનની કોઈ ઇચ્છા રહી નહોતી. દુનિયા બદલવાની તમન્ના ખલાસ થઇ ગઈ હતી. વિનોદ અમેરિકાથી પત્ર ઉપર પત્ર લખતો: 'અમેરિકા આવતો રહે, એક નવી જિંદગી શરૂ કર...' મને નવી જિંદગી શરૂ કરવાનો કોઈ ઉત્સાહ હતો નહિ, પણ જૂની જિંદગીની યાદ રોજ રડાવી જતી હતી. આજથી પચીસ વર્ષ અગાઉ એક સૂટકેસ લઈને કેનેડી ઍરપોર્ટ પર ઊતર્યો.

વિનોદ ઍરપોર્ટ પર મને ભેટીને ઢીલો થઈ ગયો. મેં કહ્યું: 'હવે વીતેલા દિવસોની કોઈ વાત યાદ નથી કરવી. મારે અને ભગવાનને આ ઝગડાનો ફેંસલો તો રૂબરૂ મળીને કરવાનો...'

અમેરિકામાં વરસો વીતતાં વાર નથી લાગતી. થૅંક્સગિવિંગના લૉંગ વીક-ઍંડમાં ક્રિસ્મસની લાઇટ લગાવીએ પણ ક્રિસ્મસ જાય ત્યારે ઠંડી બહુ હોય એટલે લાઇટ કાઢતાં એપ્રિલ મહિનો આવી જાય. ઘડિયાળને એક કલાક આગળ કરીએ. સાંજના અજવાળું વધી જાય. લૉંગ કોટ અને મફલરને ક્લોઝેટના ઉપરના રૉડ પર રાખી દઈએ. લૉન-મોવરમાં ગૅસ પુરાવીએ, ઑઇલ ચેક કરીએ. સમરનાં અઠવાડિયાં તો પલકારામાં જતાં રહે, લૉન-મોવર સાફ કરીને ગરાજના ખૂણામાં મૂકીએ, ને સ્નો-બ્લોઅરમાં ગૅસ પુરાવીએ ત્યાં તો થૅંક્સગિવિંગનું વીક-ઍંડ આવે, એટલે પાછી બેઇઝમેંટમાંથી ક્રિસ્મસની લાઇટ કાઢીએ. વરસો એક પછી એક ઓગળતાં જાય, મોઢા પરની આછી કરચલી ઊંડીને ઊંડી ઊતરતી જાય, અને માથામાં જે એક-બે લટ ધોળી થઈ હતી તેમાં બધા વાળ ધોળા થઈ જાય.

મને અમેરિકા આવ્યે પચીસ વરસ થઈ ગયાં. પહેલા ઇન્ડિયાથી મમ્મી-ડૅડી લગ્ન માટે લખ્યાં કરતાં, પણ હું એ ટૉપિકનો મારા જવાબમાં ઉલ્લેખ જ ન કરતો. શરૂઆતમાં વિનોદ પણ કહ્યા કરતો, 'કોઈને મળી તો જો.'

મેં એકવાર વિનોદને બેસાડીને કહ્યું: 'આ ટૉપિક પર પહેલી અને છેલ્લીવાર હું વાત કરવાનો છું. મીરાને મન હું ભગવાન હતો. મેં એ ફૂલ જેવી છોકરીને સામેથી ધસમસતી

ટ્રક અને મારા રાજદૂતના સજ્જડ લોઢા વચ્ચે ચગદી નાખી. હવે લગ્ન કરીને મારું નવું ફૅમિલી બનાવવાનો અને મારા જીવનમાં ઉત્સાહ લાવવાનો મને કોઈ અધિકાર નથી.'

મારી એમબીએની ટ્રેઇનિંગને કારણે અમેરિકા આવ્યો પછી તરત જ જ્હૉન્સન ઍન્ડ જ્હૉન્સન ફાર્માસ્યુટિકલ કંપનીમાં માર્કેટિંગ એક્ઝેક્યુટિવની નોકરી મળી ગઈ હતી. બીજા સૌ મિત્રો થોડા થોડા વખતે નોકરી બદલતા, નાના ઘરમાંથી મોટા ઘરમાં રહેવા જતા. મેં એક જ કંપનીમાં પચીસ વરસ કાઢી નાખ્યાં. ઑફિસમાં મારે કામથી કામ, ન જાઉં કંપનીની પિક્નિકમાં કે કંપનીની ક્રિસ્મસ પાર્ટીમાં. મારા બૉસે એકવાર બોલાવીને કહ્યું: 'પોલિટિકલી, ધિસ ડઝ નૉટ હેલ્પ યોર કરીઅર.' મેં કહ્યું: 'મારી જિંદગીની અમુક વાત એવી છે કે જેની કોઈને ખબર નથી. હું એ વાત કોઈને ક્યારેય કહેવાનો નથી. પ્લીઝ ડુ નોટ ફોર્સ મી ટુ બે મોર સોશ્યલ.'

મારા ત્રેપનમા જન્મદિવસે મારી ઑફિસનું બારણું કોઈકે ખટખટાવ્યું. કોઈ પચીસેક વરસની સ્વરૂપવાન અમેરિકન છોકરી ખિલખિલાટવાળા અવાજે કહે: 'હૅપી બર્થડે.' પછી કહે: 'વોટ ઇઝ ધિસ આઇ હિઅર ધૅટ યૂ આર ઍન્ટિ-સોશ્યલ!'

એનાં સોનેરી વાળ, આસમાની આંખો અને સુંદર સપ્રમાણ ફિગર... મેં આ છોકરીને અગાઉ ઑફિસમાં જોઈ નહોતી. 'હૂ આર યૂ?' મેં પૂછ્યું.

એ કહે: 'આઇ એમ મૅરી બ્રાઉન...' એણે કોલંબિયામાંથી મહિના અગાઉ જ એમ.બી.એ. કર્યું હતું અને માર્કેટિંગ ડિપાર્ટમેંટમાં ઇન્ટર્ન - ટ્રેઇની તરીકે આવી હતી. મને કહે, 'લેટ મી બાઈ યૂ લંચ ટુ સેલબ્રેઇટ યોર બર્થડે.'

મેં કહ્યું, 'આઇ હૅવ અધર પ્લાન્સ.'

એ કહે, 'નો યૂ ડોન્ટ - ઇટ ઇઝ સેટલ્ડ; મીટ મી ઇન ધ રિસેપ્શન લૉબી ઍટ ટ્વેલ્વ.' મારાથી ના ન કહેવાઈ.

લંચમાં આ યંગ વુમન મને કેટલાય સવાલ પૂછ્યા કરતી હતી. 'ટેલ મી અબાઉટ યોર ફૅમિલી.' એણે કહ્યું.

'આઇ હૅવ નો ફૅમિલી - લેટ અસ ટૉક અબાઉટ સમથિંગ એલ્સ.'

મૅરી કહે: 'ઇફ યૂ હૅવ નો ફૅમિલી, ધેન આઇ વિલ પ્રિટેન્ડ ટુ બી યોર ફૅમિલી.' એ કહે: 'આપણે દર સોમવારે લંચ સાથે લેશું.'

દર સોમવારે સાડા અગિયાર વાગે ત્યાં મારા ફોનની રિંગ વાગતી. 'હેલ્લો ઓલ્ડ મૅન, વૉટ ડે ઇઝ ટુડે?'

હું કહેતો: 'મન્ડે.'

'ઓકે ધેન, સી યૂ ઇન ધ લૉબી ઍટ ટ્વેલ્વ.'

મૅરી એના બચપણની વાત કરતી, એના સીએટલના ઘરની, એનાં માતાપિતાની વાત કરતી. એ કહે: 'સિન્સ નાઈન્થ ગ્રેઇડ, આઇ હૅવ બિકમ એ વેજિટેરીઅન...'

મને પૂછે: 'ગૌરાંગ, ડુ યૂ પ્લે સિટાર?'

મેં એને સમજાવી કે 'નૉટ એવરી ઇન્ડિયન ઇઝ એ રવિ શંકર...'

હું મૅરીની વાતો સાંભળતો, એના નાજુક ભોળા ચહેરાને જોયા કરતો, પણ મારા ભૂતકાળની કોઈ વાત ન કરતો. મેં એકવાર એને કહ્યું: 'મારી જુવાનીના દિવસોમાં અજાણતાં મેં પાપ કર્યું છે અને મારું હૃદય એ ફટકામાંથી ક્યારેય ઊભું નહિ થઈ શકે.'

પછી ગયા વર્ષે કંપનીમાં કૉસ્ટ-કટિંગના પગલાં લેવાનાં શરૂ થયાં. નૉર્થ બ્રન્સવિકની ઑફિસ બંધ કરવાનું એનાઉન્સમેન્ટ આવી ગયું.

કંપની તરફથી અર્લી રિટાયરમેન્ટનું પૅકેટ રજૂ થયું. મારી પચીસ વર્ષની નોકરીને કારણે મને બાકીનાં વર્ષો માટે મહિનાનું ત્રણ હજાર ડૉલરનું પેન્શન મળે તેમ હતું. મહિનાના દોઢ લાખ રૂપિયા થયા. મારે અમેરિકામાં કોઈ નહોતું. મેં અર્લી રિટાયરમેન્ટની ઑફર સ્વીકારવાનું નક્કી કરી નાખ્યું અને હિંદુસ્તાન પાછા જવાની ટિકિટ પણ બૂક કરાવી દીધી.

તે પછીના સોમવારે મેં મૅરીને કહ્યું: 'આઇ એમ ગોઇંગ ટુ મિસ ધીઝ લંચિસ... ઍન્ડ આઇ વિલ મિસ યૂ.'

એ કહે: 'વ્હાઇ, વ્હોટ હૅપન્ડ?' મેં એને અર્લી રિટાયરમેન્ટની વાત કરી કહ્યું: 'આઇ એમ લીવિંગ ધિસ વીક-એન્ડ...'

એ તો સાવ હેબતાઈ ગઈ. એણે એનો ફોર્ક નીચે મૂકી દિધો, સલાડની પ્લેઇટ દૂર કરી. મારો હાથ મજબૂતાઈથી પકડ્યો, અને કહ્યું: 'ડોન્ટ ગો ટુ ઇન્ડિયા. યૂ કૅન્ટ...'

મેં કહ્યું: 'મારું અહીં કોઈ નથી.'

એ કહે: 'પણ તારું ઇન્ડિયામાંય કોઈ નથી.' એ કહે: ' આઇ વિલ બી યોર ફૅમિલી... આઇ વોન્ટ ટુ મૅરી યૂ, વી ઇલ હૅવ ચિલ્ડ્રન...'

હું હસવા લાગ્યો: 'ગાંડી મૅરી, નૉટ ઓન્લી ધૅટ આવર કલ્ચર્સ આર ડિફરન્ટ, બટ...', મેં એને સમજાવી કે મને ચોપન વર્ષ થયાં હતાં, અને એને ચોવીસ. અગર મેં યુવાનીમાં લગ્ન કરી લીધાં હોત તો મૅરી જેવડી તો મારે દીકરી હોત.

રેસ્ટોરાંમાંથી ઊભા થયાં ત્યારે એની આંખો બેબાકળી થઈ ગઈ હતી. 'ધિસ ઇઝ નૉટ રિઝૉલ્વ્ડ યેટ.' એણે મને કહ્યું.

સાંજે ઘેર ફોનની રિંગ વાગી. 'આઇ હૅવ ટુ સી યૂ, નાઉ.' મૅરીનો આજીજીભર્યો અવાજ.

એ એની કારમાં મને જ્હૉન્સન પાર્ક લઈ ગઈ. નદીકિનારે બેન્ચ પર અમે બેઠાં. નદીનો ખળખળ અવાજ આવતો હતો. મૅરીએ બંને હાથ મારા હાથમાં મૂકીને કહ્યું: 'ગૌરાંગ, આઇ વોન્ટ ટુ મૅરી યૂ. ઍન્ડ યૂ નો ધૅટ, ડીપ ડાઉન, યૂ વોન્ટ ટુ મૅરી મી.

'આઇ કાન્ટ, સ્વીટહાર્ટ!' મેં સહાનુભૂતિવાળા અવાજે કહ્યું. 'મારા હૃદયમાં દુ:ખના એવા તો દાવાનળ સળગે છે કે મારી તો ઠીક પણ મારી સાથે રહેનારની ખુશીને પણ એ આગ સળગાવી દેશે, પ્લસ ...', મેં એને કહ્યું: 'યૂ આર ઓન્લી ટ્વેન્ટી-ફોર.'

'યૂ ડોન્ટ અન્ડરસ્ટૅન્ડ, આઇ કુડ નૉટ બી ઍની ઓલ્ડર.' એણે એના બન્ને હાથ મારા ગાલ પર રાખ્યા. 'લૂક ઇન માઇ આઈઝ', એણે કહ્યું: 'ગૌરાંગ, યુ ડિઝર્વ ટુ બી હૅપી; ડુ નૉટ બી સો હાર્ડ ઓન યોરસેલ્ફ...'

'વ્હોટ ડુ યૂ મીન?' મને મૅરીની વાત સમજાતી નહોતી.

એ ધીમા અવાજે બોલી: 'ઇટ વોઝ નૉટ યોર ફૉલ્ટ.'

'અબાઉટ વ્હોટ?' મેં પૂછ્યું.

મૅરીની આંખ આંસુથી ભરાઈ ગઈ. એના ગાલ પરથી આંસુ દડવાં લાગ્યાં. એ કહે: 'ધ ટ્રક ડ્રાઇવર લાઈડ ...'

એ કહે: 'ઍક્સિડન્ટ પછી ટ્રક રસ્તા પર ગોળ ગોળ સ્લિપ થઈ એવી રીતે ફરી ગઈ કે લાગે કે સામેથી આવતી હતી.'

એણે એનાં આંસુ સહેજ લૂછ્યાં અને કહે, 'ધ ટ્રક હિટ અસ ફ્રોમ બિહાઈન્ડ. ધૅટ ઇઝ વ્હાઇ યૂ ડીડ નૉટ સી ધ ટ્રક. ધૅટ ઇઝ વ્હાઇ આઇ ગોટ હર્ટ મોર બૅડલી ધૅન યૂ ડિડ. ઇટ વોઝ નૉટ યોર ફૉલ્ટ. ધ ટ્રક ડ્રાઇવર લાઈડ.'

પછી એ કહે: 'બટ, ઈવન ઑન ધૅટ ડે, આઇ વોઝ કૅરીઇંગ માઇ લકી કોઇન. ધૅટ ઇઝ વ્હાઇ આઇ વોઝ એબલ ટુ ફાઇન્ડ યૂ અગેન.'

એ કહે: 'ડૂ નૉટ ગો ટુ ઇન્ડિયા... યૂ કૅન્ટ.

('આગામી વાર્તાસંગ્રહમાંથી)

# નિદ્રાવિયોગ



**બાબુ સુથાર**
ફિલાડેલ્ફિયા, પેન્સિલ્વેનિયા

એણે પડખું બદલ્યું. ડાબેથી જમણે. જમણેથી ડાબે. એને એમ કે પડખું બદલવાથી કદાચ ઊંઘ આવી જશે. પણ, ઊંઘ ન આવી. જરા એટલે જરા પણ નહિ. એટલે એ થોડી વાર પડી રહ્યો. ચત્તેપાટ. જાણે કે કોઈએ પલંગ પર લીટી દોરી ન હોય! એક છેડાથી બીજા છેડા સુધી. કદાચ. સાપની કાંચળીની જેમ. કદાચ. માંસના લોચાની જેમ. કદાચ. લોહીના સુકાયેલા રેલાની જેમ. કદાચ. હાડપિંજરની જેમ. કદાચ. સળંગ. નાળિયેરીનાં ઝાડ. કદાચ. નદી. ભડ ભડ બળે. કદાચ મડદાની જેમ બળે. મસાણમાં અંગારા પર ચાલે પવન. પીપળાના પાંદડે રમે ગામછેડાની માતા. લીલા જોડે રાતો થાય. કાળા રંગને કાળોતરાની મા પરણે. દાંતને છીંક આવે. જય અંબાજી. પડી રહ્યો એ. ચત્તેપાટ. પલંગમાં. ફાટી ગયેલા દૂધ જેવી આંખો સાથે. ઊંઘ આવે એની રાહ જોતો. એ પડ્યો પડ્યો તરવા લાગ્યો પોતાની આંખોના ડોળામાં. કરોળિયાના શબ જેવા ચાંદાની સાથે. સપ્તર્ષિના સાતેય મૃતદેહો સાથે તરવા લાગ્યો એ. પગ તળે કચડાઈ ગયેલા વંદા સાથે. ધોળા. કાળા. રાતા. તળે. ઉપર. ડબૂક. વચ્ચે. એણે પડ્યા પડ્યા બન્ને આંખના ડોળા કાઢ્યા. અર્થાત: કપાળમાંથી એણે કોહવાઈ ગયેલી તલવારની મૂઠો કાઢી. ધોળીપચ. પછી એણે એ ડોળાઓને કાચબાની પીઠ પર મૂક્યા. રમતા મૂક્યા. એ સાથે જ કાચબો ચાલવા લાગ્યો. ગળામાં ઢોલ પહેરી વગાડતો વગાડતો. એ પણ ચાલવા લાગ્યો કાચબાની પાછળ પાછળ. પગ. ઢેકા. ઢેકા. પગ. ઊંચા. નીચા. નીચા. ઊંચા. પગ. એણે જોયું: કૂકડાને માથે હોય એવી કલગીવાળા ચાર માણસો એક નનામી લઈને જઈ રહ્યા છે. બોલી રહ્યા છે: રામ બોલો ભાઈ રામ. એમની આગળ ચાલી રહ્યું છે એક ગીધ. ચાંચમાં દોણી લઈને. એ ઊભો થાય છે અને ચાલવા લાગે છે એ નનામીની પાછળ. એ પણ બોલવા લાગે છે: રામ બોલો ભાઈ રામ. પણ, એને ઊંઘ આવતી ન હતી. ગૉડ ઇઝ એ સ્કૅન્ડલ - એ લૂક્રેટિવ વન: બોદલેર. પડ્યા પડ્યા એણે પડખું બદલ્યું. ફરી એક વાર. નકશામાંથી દરિયો કાઢી વાડકીમાં મૂક્યો. ઘીની વાડીમાં વાઘ. ઊંટ હૂકાના પાણીની જેમ તડબડ બોલે. ભાંભરે. ફરી એક વાર. જમણેથી ડાબે. ડાબેથી જમણે. પણ, કંઈ નહિ. કંઈ નહિ કહેતાં કંઈ નહિ. અર્થાત કંઈ જ નહિ. પછી, એ બેઠો થયો. પલંગમાં જ. બેઠાં બેઠાં એણે વિચારવાનો પ્રયત્ન કર્યો. કશાક વિષે. ક્ષર વિષે. અક્ષર વિષે. વટવાગોળ વિષે. પાડોશણના ફૂલા વિષે. પણ એ વિચારવાની ઇચ્છાથી વધારે આગળ જઈ શક્યો નહિ. એને લાગ્યું કે એ વિચારવાનું ભૂલી ગયો છે કદાચ. કદાચ. પાંસળીઓમાં પવનનાં હાડકાં સડી રહ્યાં છે. કદાચ. એવું પણ બને કે વિચારવા માટેનાં રસાયણો સડી ગયાં છે એને થયું. કદાચ. એને કોઈ જ વિચાર ન આવ્યો. એને લાગ્યું કે એના મગજના એકે એક કોશમાં કાનખજૂરા ખજૂરીના પાન જેવા પહોળા થઈને બેઠા છે. કદાચ પલાંઠી વાળીને. કદાચ. અદબપલાંઠી વાળીને. એ બેઠા બેઠા કરી રહ્યા છે વાત કશાકની. ક્ષરની. અક્ષરની. વટવાગોળની. પાડોશણના ફૂલાની. શેષનાગની. ઈશ્વર તો એક કૌભાંડ છે. નિદ્રાના જેવું જ. એને લાગ્યું કે એનું મગજ કોઈક મરી ગયેલા કીડાના દેહની જેમ નિષ્ક્રિય પડ્યું છે એની ખોપરીમાં. ખોપરીના અંધકારમાં. એ કીડાના દેહને નથી કર્તા કે નથી કર્મ. એના ક્રિયાપદના પગમાં નર્યા કાંટા. વનમાં સોનબાઈ એકલાં. એને લાગ્યું કે એના મગજની બરાબર ઉપર. એટલે કે ટોચે. એટલે કે નીચેની વિરુદ્ધ દિશાએ. નીચેની સામે અર્થાત. મગજના શિખર પર, અર્થાત. એક કીડો પડ્યો છે. એને એ કીડાના દેહ પાસે કંઈક પડેલું દેખાયું. કંઈક. લાલ. પીળું. કદાચ સફરજન. કદાચ રીંગણ. કદાચ કંકોડાં. કદાચ. કશુંક. કદાચ કંઈક. કદાચ ક્યારેક. કદાચ કેવુંક. કદાચ કેટલુંક. કદાચ અક્ષર. કદાચ ક્ષર. કદાચ અક્ષરના પડછાયા. કદાચ મરી ગયેલા મંકોડા. કદાચ કદાચ. કદાચ કીડીનું પેટ. કદાચ પાડોશણના ઢેકા. કદાચ શાહીનું એક ટીપું વાદળ જેવડું. કદાચ એમાં સોનાનાં ઈંડાં. હણહણે એમ સડસણે એમ સડે. એને સડી ગયેલાં ઈંડાં ગંધાયાં. દૂંટી ગંધાઈ. પરસેવાથી લથપથ. વિરામચિહ્નોમાં ફાટી નીકળ્યો છે કૉલેરા. જ્યાં જુઓ ત્યાં ઝાડાઊલટી. વાક્યની પહેલાં. વાક્યની પછી. વાક્યની વચ્ચે. તીરે બેઠા જુએ તમાશો. એને દૂંટી ગંધાઈ. પરસેવે રેબઝેબ દૂંટી. દરિયો ગંધાયો પરસેવે રેબઝેબ. સ્ત્રીની બગલ ગંધાઈ પરસેવે રેબઝેબ. પછી ઉકરડાનું પેટ ફાટ્યું. પછી એ જ્યાં બેઠો હતો ત્યાંથી ખસ્યો. પલંગની એક ધાર પર. કૂવાને થાળે ખસ્યો. પછી ત્યાં ને ત્યાં જ બેસી રહ્યો. ત્યાં ને ત્યાં જ. પગ નીચે લટકાવીને. પાણીમાં પ્રતિબિંબ પડે એમ. પછી એણે પગ સામે જોયું. જોયું: બેઉ પગ લટકતા હતા, નીચેની તરફ. જમીનને અડે ત્યાં સુધી. એને થયું: આ પગ સડસડાટ જમીનની અંદર ચાલ્યા જાય તો કેવું! સડસડાટ. બસ સડસડાટ જ. ચાલ્યા જાય. ધરતીમાં. છેક. પાતાળ સુધી. પાતાળના તાળવા સુધી. છેક પાતાળની દૂંટી સુધી. જવા જોઈએ. એને એમ થયું. ફટાફટ. પછી એ થોડી વાર બેસી રહ્યો. હતો ત્યાં ને ત્યાં. રાહ જોતો. પગ જમીનમાં સડસડાટ ચાલ્યા જાય એની. એને એમ કે એણે વિચાર્યું છે એ પ્રમાણે જ થશે. એને એમ કે વિચારનો વસ્તુ પર પ્રભાવ પડશે. પગ જમીનમાં સડસડાટ ચાલ્યા જશે. સડસડાટ. પણ, એમ ન થયું. વિચાર વસ્તુ પર પ્રભાવ ન પાડી શક્યો. ચિત્ત વાંઝણું રહ્યું. એને થયું. નહોતું થવું જોઈતું હતું તો પણ એને થયું. એને થયું: પગ. એને થયું: પાછા. એને થયું: શરીરમાં. એને થયું: ચાલ્યા જાય. એને પ્રશ્ન થયો: તો કેવું? જમીનમાં નહિ તો શરીરમાં. આગળ નહિ તો પાછળ. એને થયું: સડસડાટ નહિ જાય તો પણ ચાલશે. એણે સમાધાન કર્યું. એની ઇચ્છા સાથે. એના પ્રોડક્શન સાથે. ભલે સડસડાટ ન જાય. પણ, કડકડાટ તો જવા જોઈએ. કડકડાટ. કક્કો બારાખડી બોલીએ એમ. ક ખ ગ ઘ જેમ. પછી એ પલંગ પર બેઠા બેઠા પગ લટકાવી પગ શરીરમાં પાછા ચાલ્યા જાય એની રાહ જોવા લાગ્યો. એને ખાતરી હતી કે સડસડાટ નહિ તો કડકડાટ તો જશે જ પગ પાછા અંદર. પણ, એમ ન થયું. પગ હતા ત્યાંને ત્યાં જ રહ્યા. લટકતા. અધ્ધર. પધ્ધર.

('નિદ્રાવિયોગ' કથા/મેડિટેશનમાંથી એક અંશ)

# બક્ષી, આઈ મિસ યુ

## મધુ રાય

જર્સી સિટી, ન્યૂ જર્સી

કલકત્તાના એલીટ સિનેમા પાસે આવેલા વાયએમસીએ બિલ્ડિંગ સામે સન ૧૯૬૦ની એક તડકીલી સવારે શિવકુમાર જોશીએ મારી ઓળખાણ ચંદ્રકાંત બક્ષી સાથે કરાવી હતી. તે સમયે હું અઢાર વરસનો હતો, કનુભાઈને ત્યાં નોકરી ટકાવી રાખવા ઝઝુમતો હતો કેમકે મારા પિતા અસ્વસ્થ હતા અને અમારા સાત જણનું ઘર મારે ચલાવવાનું હતું. હું કોઈને પણ ખરાબ લાગે એવું બોલવા કે કરવાથી મહા ડરતો હતો, કનુભાઈને તો નહીં જ, તેમના મિત્ર શિવકુમારનેય નહીં, અને શિવકુમારના મિત્ર બક્ષીનેય નહીં. પણ તે તડકીલી સવારે એલીટ સિનેમાની સાક્ષીએ મને સમજાવાનું હતું કે તે ક્ષણે હું લૉર્ડ ઑફ શૉક્ક ટ્રીટમેન્ટ, ગ્રાન્ડ માસ્ટર ઑફ એલફેલ, ઇન્સલ્ટના શાહ સોદાગર, ગાલિ-શ્રીમંત ચંદ્રકાંત કેશવલાલ બક્ષીની પનાહમાં ઊભો હતો.

વાયએમસીએમાં ઇન્ગ્લિશ પોએટ અને 'એન્કાઉન્ટર' નામે સાહિત્યિક માસિકના એડિટર સ્ટીવન સ્પેન્ડરનું વ્યાખ્યાન હતું. મને તે પોએટ વિશે કે જનરલ પોએટ્રી વિશે કે 'એન્કાઉન્ટર' વિશે કશી સમજણ નહોતી. એ વ્યાખ્યાનના બેએક કલાક જૈનોની અઠ્ઠાઈ જેવા એક 'તપ' સમાન હતા, જેના ફળરૂપે પ્રસન્ન થઈને શિવજી બક્ષીની ઓળખાણનો મોદક આપવાના હતા.

સભા પૂરી થયા બાદ જોશી અને બક્ષી પણ બહાર આવ્યા. બક્ષી વ્યાખ્યાતાને તેની બેવકૂફી બદલ ભાંડતા હતા; બેવકૂફી વ્યાખ્યાતાની હોય, કે તેના દેશની હોય, કે વાયએમસીએની હોય, તેની સાથે કોઈ લેવાદેવા નહોતી. બક્ષી પોએટ સ્પેન્ડર ઉપર ક્રુદ્ધ હતા. પછીથી મને સમજાવાનું હતું કે બક્ષી સ્પેન્ડર ઉપર, જોશી ઉપર, મારી ઉપર, તડકા ઉપર, વરસાદ ઉપર, સરકાર ઉપર, ડેસિમલ સિસ્ટમ ઉપર ક્રુદ્ધ હતા, અને અરે? યાર, આ શિવકુમાર સાલો બડો જેન્ટલમૅન છે; ને મધુબાબુ તમે યાર પ્યાર છૂટી જાય એવું લખો છો, ને આ સ્ટીવન સ્પેન્ડર એબ્સોલ્યૂટલી ગ્રેટ છે, ને 'એન્કાઉન્ટર' લિટરલી બેસ્ટ લિટરરી મૅગેઝિન છે. યુ ફૉલો? પણ તે ફ્લેશ ફૉર્વર્ડ છે, વર્તમાન ક્ષણે--

'આ આપણા વલ્લભભાઈ માસ્તરનો સન મધુ.' બક્ષીનાં બે વાક્યો વચ્ચે પડેલી ખાલી જગ્યા ઝડપીને શિવકુમારે કહ્યું.

'નમસ્તે.' ધડધડતી છાતી સાથે મેં હાથ જોડ્યા.

'હાવડુયુડૂ!' સટાક દઈને બક્ષીએ તેમનો કસરતી પંજો લંબાવી મારો હાથ મિલાવ્યો. 'મને નમસ્તે ફમસ્તે નથી આવડતું.'------શૉક્ક નંબર વન.

અમે ત્રણે સહેજ હસ્યા. 'નમસ્તે કરવા જાઉં તો મારો તો સવારનો દારૂ બગડે.'------શૉક્ક નંબર ટૂ.

* * *

શિવકુમારના મૃત્યુ વખતે કાંઈ પણ લખવાનો ઉત્સાહ નહોતો, હાલાંકિ શિવકુમાર વધુ આત્મીય હતા. પણ શિવકુમારને મળતાં સાત્ત્વિક ભોજનની તૃપ્તિ થતી જ્યારે બક્ષીને જોતાં પાણીમાં ફટકડી પડે તેમ મગજમાં એક કેમિકલ ચેન્જ આવતો, વાત શરૂ થાય તે પહેલાં ભાંગકી પકૌડી ખાધાનો નશો ચડતો. આજના પાંજરામાંથી સુંદરી નીકળશે કે સાવજ તેનો જીવલેણ સસ્પેન્સ રહેતો.

શિવકુમાર લિટરલી 'સાલો બડો જેન્ટલમૅન' હતા, એમનું સંસ્કૃતનીતરતું ગદ્ય સાલસ હતું. એમનો નાયક કંચુકીબંધ સુધી આવી અટકી જતો. જ્યારે બક્ષીની વાર્તાઓનો લુંગી પહેરેલો મુસલમાન ખલાસી મરઘીની ટાંગ પકડીને સિગારેટ પીતો પીતો દારૂખાનાની રંડીઓ સાથે ઉર્દૂમાં બહસ કરતો.------શૉક્ક નંબર થ્રી.

એ સમયે હું ચા નહોતો પીતો; બહારનું ખાતો નહીં. ડુંગળી લસણની પરહેજી રાખતો. જનોઈ પહેરતો. મારા પિતાશ્રીની માંદગીના કારણે શિવકુમાર મને પિતૃસમકક્ષ લાગતા. બક્ષી ખુલ્લેઆમ મને શિવકુમારનો અનૌરસ પુત્ર કહેતા. શિવકુમાર પાસેથી કોઈના પણ માટે ઘસાતું સાંભળવા ન મળતું, એમની સજ્જનતાનો પ્રભાવ મારા વર્તન ઉપર પડતો હતો. આ માણસ કરે તેમ કરવું.

એલીટ સિનેમા પાસેના એન્કાઉન્ટર પછી મારી એક વાર્તા બતાવવા હું ટ્રામમાં બેસીને છેક બક્ષીના શ્યામબાજાર પાસેના અલકા સ્ટોર ઉપર ગયો. બક્ષીએ આવકાર્યો, એમના થડા પાસે ઊભા ઊભા બક્ષીએ મને જણાવ્યું કે આ સ્ટોરમાંથી તેમને મહિને 'ફોર ફિગર' ઇન્કમ થાય છે. પછી અમેરિકા, ફિલિપીન્સ, સાઉથ આફ્રિકા, જાપાન એમ ગમે તે ખંડના ગમે તે લેખકની ગમે તે નૉવેલ કે સ્ટોરીની અનર્ગલ વાતો ત્રણેક કલાક ચાલી પછી બક્ષીએ પૂછ્યું, તમે આ બાજુ કેમ આવેલા? મેં વિનયથી, સંકોચથી ખિસ્સામાંથી ગડી કરેલાં વાર્તાનાં કાગળિયાં આપ્યાં.

'શું છે, વાર્તા છે?' કહી બક્ષીએ ત્યાં ને ત્યાં જ મોટેથી આખી વાર્તા વાંચી. હું મુગ્ધતાથી સાંભળતો રહ્યો, અને આંખો પટપટાવું ત્યાં બક્ષી સર્રસર્ર કરીને કાગળિયાં ફાડે છે, મારી આંખો સામે 'હટ્ આવી કાંઈ વાર્તા લખાતી હશે?' કહીને કચરાટોપલીમાં ફેંકે છે.------ શૉક્ક નંબર ફોર.

ત્યારથી સિનેમાના ટાઇટલની જેમ મારા મનની સ્ક્રીન ઉપર આવ્યું: આ માણસ મહિને ફોર ફિગર પાડે છે, ને એને વર્લ્ડની ટોટલે ટોટલ બુક્સોનું નૉલેજ છે, ને સવારે દારૂ બી પીવે છે, એ ફાવે તે કરે, એને વાંધો ન આવે. આપણે માસ્તરના દીકરા, કમાણી માંડ હજી ત્રીજા ફિગરે પહોંચી છે, આપણાથી આવું ન થાય, એ કરે એનાથી ઊંધું આપણે કરવું.

તેમની તે હરકતનો બદલો લેવા હું બીજી છ વાર્તાઓ એમની દુકાનના લેટર બોક્સમાં મૂકી આવ્યો. તે સમયે હું હડહડતી ગરીબીનો ગોવર્ધન ઉપાડીને ફરતો હતો; લખવાનો એકમાત્ર પ્રમોદ વિનામૂલ્યે મળતો હતો. જિંદગીની કોઈક વિટંબણાને રજૂ કરી હું મનગમતી રીતે વાર્તામાં તેનો ઉકેલ લાવતો કેમકે જીવનમાં હું મુફલિસ હતો પણ વાર્તામાં મારું રાજ ચાલતું. તે લખવા પૂરતો સમય મને મારા વ્યાધિઓમાંથી મુક્તિ મળતી હતી, તે કશીક સાહિત્યિક જડીબુટ્ટી હોય તેવો મને ભ્રમ નહોતો. તે વાર્તાઓ પણ બક્ષી ફાડી નાખે તો કશો રંજ નહોતો. તે વાંચે, ભયંકર ચિઢવાય તે જ વાર્તાઓ આપવા જવાનું પ્રયોજન હતું. તે પછી થોડા સમયે બુલેટપ્રૂફ બખતર પહેરી ફરી હું બક્ષીને મળવા ગયો.

'હલો, મધુબાબુ, કેમ છો?'

'મજામાં.' મેં કહ્યું, મનમાં થયું, હમણાં તો મજામાં પણ હવે પછી રામભરોસે.

'પેલી વાર્તાઓ હું મૂકી ગયેલો તે...' મેં પૂછ્યું.

'તમે એકદમ રાઇપ છો,' બક્ષી પાસે આવ્યા, હું પાછળ હટ્યો, તેમના ચશ્માંમાં લાઇટોનું રિફ્લેક્શન દેખાતું હતું. 'એક્ઝિસ્ટેન્શિયલિસ્ટ બનવા માટે તમે એકદમ રાઇપ છો!'

તે શું હશે તેની મને ખબર નહોતી. પછીથી જાણ્યું કે સાર્ત્ર નામના એક ફ્રેન્ચ માડુ એ નામનો એક વાદ ચલાવે છે, જેમાં બક્ષી ખૂબ માને છે, અને એમ પણ માને છે કે હું તેમાં જોડાવાને પાત્ર છું. સાર્ત્ર અને હેમિંગ્વે નામના અમેરિકન લેખક બક્ષીના લિટરરી કુળદેવતા હતા.

'લાસ્ટ વીક હું મારી સ્ટોરીઝ મૂકી ગયેલો...'

'હું એકી સપાટે છવ્વીસ માઇલ દોડી શકું છું.' બક્ષીએ કહ્યું. 'તમારે કસરત કરવી જોઈએ. તમારી વાર્તાઓ મેં 'કુમાર'ને મોકલી આપી છે. યાર, ગ્રેટ લખો છો તમે!'

વ્હૉટ?......શૉક્ક નંબર સેવન.

જમણું બાવડું શિવકુમારે, ડાબું બાવડું બક્ષીએ પકડીને મને ઊંચો કરી ઝુલાવ્યો હતો,

વન? ટૂ? થ્રી કહીને સાહિત્યના સરિતસાગરમાં ફંગોળ્યો હતો, જેમાં ડોકું પાણીની ઉપર રહે તેની છટપટાહટ હજી સુધી ચાલુ છે. શિવકુમારે શુદ્ધ સ્નેહથી અને બક્ષીએ ક્રુદ્ધ પ્રતિસ્પર્ધીની દિલદારીથી પ્રોત્સાહિત કર્યો, એ લીલી વયે મને ખ્યાલ ન રહ્યો કે તે બંનેનો મુખ્ય પેશો વેપાર છે, લેખન *ટાઇમપાસ* છે.

તે સાંજે બક્ષીએ બેતહાશા તારીફ કરીને તરબતર કરી દીધો. ભણવામાંથી ચિત્ત ઊઠી ગયું, નોકરી એક ટેમ્પરરી વિસામા જેવી લાગી, થોડા વખતમાં બેસ્ટ સ્ટોરી રાઇટર તરીકે પંકાવાનો છું. હવે "કુમાર"માં વાર્તાઓ છપાશે, છોકરીઓ મોહાશે, મારા ઑટોગ્રાફ માગશે, હું નહીં આપુ!

*　　*　　*

'મધુબાબુ, વળતી ટપાલે બચુભાઈએ વાર્તાઓ પાછી મોકલી આપી છે.'

ફરી મળ્યો ત્યારે બક્ષીએ કહ્યું. હું કાંઈ પૂછું તે પહેલાં એ હસીને બોલી ઊઠ્યા, 'એટલે વાર્તાઓ મેં મારા પબ્લિશર (શિવજી) આશરને મોકલી છે; તેણે બ્રોકરને બતાવી છે. શિવજી ખુશ છે, બ્રોકર ખુશ છે.'

મધુબાબુ ખુશ છે.

'શિવજી તમારો વાર્તાસંગ્રહ પબ્લિશ કરવા માગે છે.'

હું વાર્તાઓ લખવા માંડું છું. શિવકુમાર પોતાના ખર્ચે એક વાર્તા "ચાંદની"ની હરીફાઈમાં અને બીજી બે "સરિતા"ની હરીફાઈમાં મોકલે છે. બધી વાર્તાઓ ઇનામો જીતે છે. કલકત્તામાં સાહિત્ય પરિષદ ભરાય છે. તે નિમિત્તે પ્રકટ થતા વાર્ષિક 'કેસુડાં'માં, સુરેશ જોષીના "ક્ષિતિજ"માં, ઉમાશંકર જોશીના "સંસ્કૃતિ"માં અને હરીન્દ્ર દવેના "સમર્પણ"માં મારી વાર્તાઓ આવે છે. બાવીસ વાર્તાઓનું બંડલ હું શિવકુમારને આપું છું. તે ક્રમ ગોઠવી એડિટ કરી આપે છે. બક્ષી તેની પ્રસ્તાવના અને તથા બ્રોકર તેનો આમુખ લખે છે.

તે વાર્તાસંગ્રહ *બાંશી નામની એક છોકરી* ખરેખર પબ્લિશ થાય છે. હું તે શિવકુમારને અર્પણ કરું છું.

*　　*　　*

આજથી અરધી સદી પહેલાં, તે સમયે કલકત્તામાં હિન્દી, બંગાળી, ઇન્ડો ઍન્ગ્લિયન, અને અમે ગુજરાતી લેખકો દોરો-દમામથી લખતા, ઍંઠથી ચાલતા ને ઠાઠથી ફરતા, સરગર્મીથી ચર્ચા કરતા. કૉફી હાઉસમાં બંગાળી ફિલ્મસ્ટારો આવીને કાવ્યપાઠ કરતા, ઊગતા બંગાળી કવિઓ સામસામા ઇન્સ્ટન્ટ પોએટ્રી રચતા, અને કૉલેજ સ્ટ્રીટ ઉપરથી 'કવિતા' નામનું સામયિક મન્થલી, વીકલી કે ડેઇલી નહીં પણ *આવરલી* પ્રકાશિત થતું હતું.

આહ, રોમ ઊભાં થાય છે તે સમયને, તે કલકત્તાને યાદ કરીને.ઓગણીસસો સાઇઠથી સડસઠ એ સાત વરસમાં મારો સાહિત્યિક ઊછેર થયેલો. સડસઠમાં મેં કલકત્તા છોડ્યું. ચુંમોતેરમાં ઇન્ડિયા. આ અરધી સદી જેટલા સમય અને હજારો માઇલના અંતરની આરપાર નજર કરું છું ત્યારે બનાવોનાં પાનાં ઊલટસુલટ થાય છે, અને ઘટનાઓના વિસ્મૃતિથી છેદાયેલા છેડાઓને વાજબી અનુમાનથી જોડું છું.

કેમકે પહેલાં મુંબઈથી પ્રેરણાના ફોનથી એક 'ફાઇનલ શૉક્ક' લાગે છે, પછી ભરત નાયકના ઇ-મેઇલથી, પછી ક્રમશઃ અનેક મિત્રો, પરિચિતો... ધોખો કરે છે કે શૉક્કના સમ્રાટ બાબુ બક્ષીનો સ્વર્ગવાસ થયો છે------ફાઇનલ શૉક્ક, નંબર વન મિલિયન ઍન્ડ વન.

અને કલકત્તાના હમદમ ભરત ઘેલાણી કહે છે, લખો!

## - ૨ -

તે સમયે હું હિંદી અને બંગાળી ભરપેટ વાંચતો, હિંદી તો ડાબા હાથનો ખેલ હતી; પણ બક્ષીએ પૂંછડાં મરડ્યાથી યુસિસ, બ્રિટિશ કાઉન્સિલમાંથી લાવીને તથા ફૂટપાથ પરથી પહેલું પૂંઠું ફાડેલી પેપરબૅક્સ ખરીદીને ઇંગ્લિશ ચોપડીઓ વાંચતો થયો.

બક્ષીની શેહમાં ચાંદની ચોકની મુસલમાની હોટેલ સાબિર મધ્યે ચાયની પહેલી ચુસ્કી, બક્ષીની મહેફિલમાં મદિરાની પ્રથમ પ્યાલી, બક્ષીની દુકાન પાસેના બંગાલી ભઠિયારખાનામાં પ્રથમ મત્સ્યભોજન, બક્ષીની આગેવાનીમાં એક્સવાયઝેડ.....અમે મધમાખી જેટલી તન્મયતાથી એકઠા થતા બક્ષીની પાસેઃ હું, દિલીપ, બકુલ બક્ષી, જયંતીલાલ, દેવુભાઈ, પી. સી. દવે, બકુલ દવે, જગદીશ પરીખ, જિતેન્દ્ર તિલક, બીજા. જયંતીલાલ બક્ષીના રામકિંકર હનુમાન હતા. *ફુલ્લડિયા હનુમાન* વાર્તાસંગ્રહ ઉપરાંત એમણે *બક્ષી એક જીવની* નામે એક બક્ષીસ્તુતિની પુસ્તિકા લખી છે.

> હા, દર્દનું એક તોફાન હતું એમના હૃદયમાં.
> નામર્દ, લુચ્ચા, મીંઢા અને પોણિયા લેખકોની
> દગલબાજીઓ તથા છાની શરારતોનું દર્દ હતું. ઉજળા
> લિબાસમાં ફરતા શઠ સમાજસેવકોના ડંખોનું દર્દ હતું.
> અને બીજાં ઘણાં દર્દ હતાં, જેના કેફમાં તેઓ કલમ
> ચલાવતા હતા. અને પીડાઓને ઘોળી પીવી એ તેમનો
> મિજાજ હતો.
> દીપક બારડોલીકર
> ('ઓપિનિયન'માંથી)

ત્યારે નવું પુસ્તક બહાર પડે કે તરત કલકત્તાના સાહિત્ય મંડળમાં ડિબેટ ગોઠવાતી. અંગત મત જે હોય તે પણ ડિબેટના રોમાંચ ખાતર પક્ષ અને પ્રતિપક્ષની ટીમો બનતી. અગ્રણી ચર્ચકો હતાં જયંતીલાલ મહેતા તથા જયંતીલાલ શાહ, કનુભાઈ તથા જ્યોતિબહેન ભાલરિયા, યોગિનીબહેન, નલિનભાઈ પટેલ, શ્યામજી આશર, દિલીપ ગણાત્રા, બકુલ બક્ષી, ચંદ્રકાંત બક્ષી, હું... ઇત્યાદિ.

સાહિત્ય મંડળમાં શિવકુમારના *કંચુકીબંધ* માટે, અને બક્ષીના *પડઘા* માટે ગોઠવાયેલી તે ક્રમે *બાંશી* માટે ગુજરાતી સ્કૂલના ચોકમાં ડિબેટ ગોઠવાય છે. પ્રશિષ્ટ લેખનના પુરસ્કર્તાઓ તૂટી પડે છે, મધુની વાર્તાઓ અશ્લીલ છે, ક્લિષ્ટ છે, આત્મકથાના ઉતારા છે, આદિ આદિ. અને સામે મધ્યયુગમાં થતા તેવા તલવારના ડુએટમાં સટ, સટ, સટ કરીને સિફતથી પ્રતિસ્પર્ધીના કોટનાં બટન કાપી હેઠાં પાડે છે ચંદ્રકાંત બક્ષી. ચર્ચાસભા પછી બક્ષીના ઘરે ઊડે છે ખાણીપીણી ને ગાણીના ગુલછર્રા.

તે પછી બક્ષીની *આકાર* નવલકથા બહાર પડે છે. ફરી ડિબેટ. પક્ષમાં છે જયંતીલાલ મહેતા, અને નલિનભાઈ પટેલ; પ્રતિપક્ષમાં છે મધુ રાય અને દિલીપ. બાજ જેવી ઝપાઝપી અને ચિત્તા જેવી ચાલબાજીઓથી દલીલો થાય છે, મોડી રાતના સન્નાટામાં સભા પૂરી થાય છે, ફરી બામુલાહિજા બક્ષીના ડ્રૉઇંગરૂમમાં ઠહાકા ને કહકહાથી તરબતર 'રતજગા' મજલિસ.

"ક્ષિતિજ"માં રઘુવીર ચૌધરી 'બાંશી'નું નકારાત્મક વિવેચન લખે છે; બક્ષી તેની ખિલ્લી ઉડાવતો ઉત્તર છપાવે છે. ખબરદાર! મધુ રાય મારી ખોજ છે!

સાહિત્ય મંડળમાં મુંબઈ-ગુજરાતથી સાહિત્યકારો વ્યાખ્યાન આપવા આવે ત્યારે બક્ષી સૂટ પહેરીને સાંભળવા આવતા. ચાલુ વ્યાખ્યાને અચાનક કાન પાસે આવીને કોઈ પણ વાતના અનુસંધાન વિના કશીક ટ્રિવિયા માહિતી આપતાઃ આલિંગન એટલે શું, ખબર છે? લિંગને લિંગ અડે તેને આલિંગન કહેવાય.

એવી એક સભામાં મનસુખલાલ ઝવેરી એક હેટોરિક સવાલ પૂછે છે કે, 'કોઈ લેખક એવો હશે જે કેવળ પોતાના માટે લખતો હોય?' સભામાંથી હાથ ઊંચો કરીને બક્ષી પોકારે છે, 'મધુ રાય!'

બક્ષી સાથેની અનેક તકરારોમાં એક એ હતી કે મારી વાર્તાઓ જટિલ હતી. બક્ષી

કહેતા કે સમજાય નહીં તે વાર્તા કેવી? વાચક બોરીવલીથી મોંમાં પાન મૂકીને ટ્રેનમાં નૉવેલ શરૂ કરે, અને છેક ચર્ચગેટ ઉપર નૉવેલ પૂરી થાય ત્યારે પાન પૂરું થાય તેને 'નૉવેલ' કહેવાય! (હું કહેતો તેને 'પાન' કહેવાય.) તે જ વાતે તે સુરેશ જોષીના પણ ઉગ્ર વિરોધી હતા. હું બંગાળી ભાષા, નાટક, સાહિત્ય, ફિલ્મો અને યુવતીઓનો અને શિવકુમાર સંસ્કૃતના અનુરાગી હતા. તે કારણે બક્ષી બંગાળી ભાષા તથા બંગાળી લોકોને તદ્દન કુપાત્ર અને સંસ્કૃતને 'સાલી એક ડેડ ભાષા' માનતા. હું અને શિવકુમાર નાટક લખતા તે કારણે તે નાટકને 'લોઅર ક્લાસ આર્ટ' કહેતા. એમની એક અજાયબ શીખામણ એ હતી કે 'ણ' કે 'ળ' વાળા શબ્દો ન વાપરો તો લખાણ મર્દાના બની જાય છે. મુસ્લિમોના તથા ઉર્દૂ જબાન, જઝબાત અને જનાનાના તે ઇશ્કિયા શૌકીન હતા.

ઘણીવાર પૂજા નવરાત્રીની સીઝનમાં એમના સ્ટોરમાં જબ્બર ભીડ થતી. ત્યારે તે મને ગલ્લો સંભાળવા બોલાવતા. કોઈ ઘરાક *મને* સ્ટોરનો માલિક સમજે તો તેને ડાંટતા.

ઘણી વાર બક્ષી ક્યાંકથી આવેલા પુરસ્કારના મનીઑર્ડરની કાપલી બતાવતા. જે વસ્તુ લખવાની એમને ટેરિફિક મજા આવે છે, તે વસ્તુ લખવા માટે કોઈ એમને પૈસા આપે છે તે વાતે સ્વયં ઉપર તે મહા મુગ્ધ અને મગરૂર હતા.

ત્રણચાર કલાકની નવરાશ ન હોય તો એમને મળવા જવાનો અર્થ નહોતો. વાતો કરતા કરતા અમે અંબર બારમાં પીણી માટે જતા, ત્યાંથી વાતો કરતા કરતા અનારકલી હોટેલમાં ખાણું ખાતા, વાતો કરતા કરતા એ મને પહેરેલે લૂગડે તેમના ઘરે લઈ જતા, અને વાતો કરતા કરતા સવાર પાડતા. છૂટા પડ્યા પછી કાનમાં સનસન સનસન થયા કરતું, બક્ષીના અવાજના ભણકારા સંભળાતા. ભ્રમ થતો કે હજી કદાચ બક્ષી મનીઑર્ડરની કાપલી ફરકાવી ફરકાવીને એકલા એકલા વાતો કરતા હશે.

મારા લખાણમાં કશીક સેન્ટિમેન્ટલ વાત આવે તો બક્ષી અને દિલીપ એવી ઠિઠૌલી કરતા કે વાર્તા ફાડી નાખવાનું મન થતું. પણ યુસી, એ આધિભૌતિક મદિર સાંજોમાં અમારે લખવા ફખવાની વાતો થતી જ નહોતી. ફિલ્મો વિશે, કોઈ અંગ્રેજી નૉવેલ વિશે, મારી ઑફિસના સહકર્મીઓ વિશે, ખાવા, પીવા અને ચાહવા વિશે, દિલીપની બિહારી ગર્લફ્રેન્ડો વિશે અને જયંતીલાલ અમૃતલાલ મહેતાના 'ઓમનીબસ' જ્ઞાન વિશે બેફામ અટ્ટહાસ્યોનાં સત્ર થતાં. બક્ષી જાતે બૉડીબિલ્ડર હતા, રીંછ જેવી એમની બટુકડી કાયા સ્નાયુઓથી ઠસોઠસ હતી. હું 'ટ્રાન્ઝિસ્ટર રેડિયોના વાયર' જેવો પાતળો હતો. પર્સનાલિટીમાં મર્દાના રોબોરૂઆબ અને લખાણમાં બ્રેવિટી (સંક્ષેપ) તે બક્ષીની ધજાઓ હતી. ભીના મેલોડ્રામા, વેવલા રોમાન્સ, ખીખી ફારસને તે ફિટકારથી જોતા. તેમના સૌથી વધુ તિરસ્કારને પાત્ર હતી કવિતા. શરાબખોરીમાં તે ગમ્મતે ચડી જતા પણ કદી સતર્કતા ન ગુમાવતા. કલકત્તા હતા ત્યાં સુધી બક્ષી સદા 'હો...શિયાર'ની મુદ્રાથી ફિક્શન લખતા, નાટક કે કવિતા માટે જરૂરી "કન્ટ્રોલ્ડ લ્યુનસી" પણ તે સાંખી ન શકતા.

*બાંશી* પછી પ્રકાશકની ફરમાયેશથી મેં નવલકથા લખી, *ચહેરા*. તે છપાતી ગઈ તેમ તેમ પ્રકાશક આશર તેના ફર્મા બક્ષીની દુકાને મોકલતા ગયા. એક એક ફર્મો વાંચીને બક્ષી મહાલતા, પેન્સિલથી અન્ડરલાઈનો કરતા, હાંસિયામાં એકોક્તિ લખતા. એ પુસ્તક મેં અર્પણ કર્યું બક્ષીને.

* * *

હું અમેરિકાથી છેક નવ વરસે પિતાના સ્વર્ગવાસ નિમિત્તે ચાર દિવસ માટે ભારત આવેલો અને બક્ષીને મળેલો. બક્ષીનો કાયાપલટ થઈ ગયેલો. તે મુંબઈ સ્થિર થઈ ચિક્કાર કોલમો લખતા હતા. શિવકુમારને તેમ જ બક્ષીને બંનેને હાર્ટઍટેક આવી ચૂકેલા. તેમણે કવિતાઓ અને ઓહોહોહો નાટકો પણ લખેલાં! ત્યાર પછી જેટલી વાર ભારત આવતો તેટલી વાર તીર્થયાત્રીની તત્પરતાથી એમને મળતો. ફરી બાગોમાં બહાર આવતી અને આંખોમાં ખુમાર.

એક વતનયાત્રા દરમિયાન તેમનું 'બક્ષીનામા' ખરીદીને મેં એક પાન મોંમાં મૂક્યું ને ગુજરાત મેલમાં બેઠો. રાતોરાત ત્રણે ભાગ પૂરા કર્યા. ફરી રગોમાં જુવાની સળવળી ઊઠી. સુરમેદાર આંખોથી બક્ષીએ ચીતરેલું કલકત્તા મસ્તિષ્કને ફરી પ્યુબર્ટીમાં ખેંચી ગયું. મેસ્મરિઝમ એટલું પ્રચંડ હતું કે વાચન પૂરું થયા પછી જ મોંમાં મૂકેલું પાન ચાવવાનું યાદ આવ્યું.

> ન્યૂ યોર્કમાં ફિફ્થ ઍવન્યૂ પાસે સખત ઠંડી હવા ચાલતી હતી. મધુએ એનો જાડો મખમલનો કોટ શિવકુમારને આપી દીધો. શિવકુમારે પહેરી લીધો. મેં કહ્યું: 'પૅન્ટ આપું?' દોસ્તો માટે શું શું કુરબાન નથી કર્યું? મધુ ન્યૂ યોર્કની ભૂગોળને ઓળખતો હતો. એ અમને એટ્રિયમ નામના રેસ્ટોરાંમાં લઈ ગયો, ક્રોસાં નામની વાનગી ખવડાવી - મારે માટે અંદર હૅમ નખાવીને! ખૂબ વાતો કરી. શું દિવસો હતા, ક્યાં હતા, કેમ હતા? અને આ અજનબી શહેરમાં ફરીથી અથડાઈ ગયા. હસવામાં એ જ કલકત્તાવાળો પડઘો હતો, રમૂજો હજી એવી જ ખાટીમીઠી હતી, શિવકુમાર હજી સરસ ફોટા પાડી શકતા હતા, મંદ મંદ શાંતિનિકેતની સ્મિત કરી શકતા હતા, અમારો મધુ ગુજરાતી નાટકમાં અશ્વમેઘ યજ્ઞ કરીને નીકળી ગયો હતો એ વાતથી અમારી બન્નેની છાતી ફાટતી હતી.
>
> ચંદ્રકાંત બક્ષી
>
> ( લેખ-સંચય 'અમેરિકા અમેરિકા'માંથી)

તે પછી ૧૯૮૪માં મારી પત્ની પિયેર ગયેલી અને બક્ષી તથા બકુલાબહેન અમેરિકા આવેલાં. એમને લોસ એન્જલસ એરપોર્ટથી મારા ઘરે લાવ્યો. બકુલાબહેને મારા રસોડામાં ખીચડીનું આંધણ મૂક્યું. અમે શૅમ્પેનની બાટલી ખોલી. ખીચડી ખાધા વગરની રહી, બકુલાબહેન સૂઈ ગયાં. અમે સવારોસવાર શૅમ્પેનના સરોવરમાં સાંતાર કાટતા કાટતા વાતો કરતા રહ્યા.

મારે ત્યાંથી તે ન્યૂ યોર્ક ગયા. તેમના ગયા પછી તરત શિવકુમાર પણ થોડા દિવસ રહી ગયા, અને શિવકુમાર પણ ન્યૂ યોર્ક ગયા. પૂર્વેથી બક્ષી શિવકુમારનાં લખાણોને ભાંડતા બ્રોકરનાં, સુરેશ જોષીનાં, મારાં, એક્સનાં, ઝેડનાં, વાયનાં.... પણ વ્યક્તિ શિવકુમાર મળે ત્યારે ગભરાઈ જવાય તેટલો સ્નેહ કરતા.

તે ગાળામાં જ કોઈ કારણે મારે પણ ન્યૂ યોર્ક જવાનું થયું. પાગલ થઈને બક્ષીએ જમીન આસમાન હલાવ્યાં, 'આપણે ત્રણેએ મળવું જોઈએ.' મૅનહૅટનમાં ફિફ્થ ઍવન્યૂના ઇક્કૅટાઇટ ફુટપાથ ઉપર અમે ભેગા થયા. હાઇસ્કૂલના છાકટા છૈલાઓ શરમાય તેવી ચપળતાથી ધોલ-ધબ્બા ને 'આલિંગન' થયાં. હું એમને કાચની દીવાલોવાળા 'એટ્રિયમ' મહાલયના વરણાગી કાફેમાં લઈ ગયો. મહાલયની ભીતરના ચોકની વચ્ચોવચ્ચ ચાર માળ ઊંચાં વૃક્ષોની શોભાથી પુલકિત થઈ શિવકુમારે કશીક સાત્ત્વિક સૅન્ડવિચ માગી. બક્ષીએ કૅપિટાલિસ્ટ અમેરિકનોના ઠઠારાને ભાંડતાં 'જેમાં ગાયભેંસ હોય' એવા કશાકની ડિમાન્ડ કરી. મેં સડસઠમાં કલકત્તા છોડેલું ત્યારે કોઈએ એક ઝાડ હેઠળ ઊભા રાખીને અમારા ત્રણેનો ફોટો પાડેલો. સત્તર વરસ પહેલાંની એ દીવાનગીને પુનર્સર્જિત કરવા ત્રણેએ ફરી એક દરખતની નીચે પોઝ આપ્યો. કોઈ વટેમાર્ગુને કહી ફોટો પડાવ્યો. અચાનક અકારણ અમારી વચ્ચે સોપો પડી ગયો. આંખો ભીની થઈ. શિવકુમારે કહ્યું, સાલાઓ, મને બાળવા આવજો.

* * *

છેલ્લાં વીસેક વરસમાં બક્ષી લેખક કરતાં કૉલમ્નિસ્ટ અને લૉબીઇસ્ટ તરીકે વધુ ખીલેલા. હવે સંસ્કૃત તેમને દેવભાષા લાગતી હતી, જે ધર્મ માટે ફિટકાર હતો તેના તે

ધજાધારી થયેલા. જે પોલિટિક્સ માટે તિરસ્કાર દર્શાવેલો તેના સ્થાને પોલિટિશિયનોના પ્રીતિપાત્ર બનેલા. અને એકલા હાથે જગત સામે બહારવટે ચડ્યાનો વેશ લીધેલો બક્ષીએ.

સ્વયં સિવાયના લેખકો એમને વહેંતિયા લાગતા; જાતે છાપામાં લખતા કે એમણે ગુજરાતી સાહિત્યની આંખોમાં ભાલો ખોસી દીધો છે. કેમકે નર્મદ કરતાં બક્ષીના વાચકો વધુ છે. (હું કહેતો કે પોસ્ટરના વાચકો બક્ષીથી વધુ છે.) જ્યારે હું મુંબઈ આવતો ત્યારે જેને પણ મળું, લેખક, પત્રકાર, વાચક, રિક્ષાવાળો જે બી હોય તે બક્ષીની વાત કર્યા વિના ન રહે. ચટખારા બોલાવી બોલાવીને બક્ષીની નિંદા કરવાનો એક ગૃહઉદ્યોગ ચાલતો હતો મુંબઈ અને ગુજરાતમાં. અને એ વાત મને ફૅન્ટાસ્ટિક આનંદ આપતી હતી.

લંડનના વિપુલ કલ્યાણી ૧૬૧ વાચક સંખ્યાવાળું અખબાર ચલાવે છે, તેના સમારોહમાં તેમણે મને, બક્ષીને અને પન્નાબહેનને લંડન બોલાવેલાં. ત્યાં વિપુલભાઈના છાપા વિશે બોલવાના સ્થાને કોઈ નિમિત્ત વિના બક્ષી મુસ્લિમો માટે નઠારું બોલવા લાગ્યા, જે સભામાં મુસ્લિમ કવિઓ અને શ્રોતાઓ મોજૂદ હતા. ઘણા લોકો મુકદ્દરના એવા સિકંદર હોય છે કે ગટરમાં પડે તો પણ બહાર આવે ત્યારે બંને કાંડાંમાં ઘડિયાળો પહેરીને બહાર આવે. બક્ષીને એવું વરદાન હતું; તે ગમે તેને માટે ગમે તેવું બૂરું બોલી બેસે તો પણ તેમને કશું થાય નહીં.

તે પછી અમેરિકાની ગુજરાતી લિટરરી ઍકેડેમી મારું બહુમાન કરવાની હતી ત્યારે મેં આગ્રહપૂર્વક વિપુલભાઈ અને બક્ષીને બોલાવડાવ્યા. ત્યારે માઇક આગળ આવીને પ્રસંગની પરવા વગર બક્ષીએ બક્ષીનામું આદર્યું, 'આ બધું ઠીક છે પણ મને મારાં લખાણોમાંથી મહિને ત્રીસ હજારની આવક છે...'

પરંતુ એ બધો બાહરી મુખૌટો હતો જે સાચો નહોતો તેવું પણ નથી; છતાં અમે મળતા ત્યારે બક્ષી લેખક છે, કોલમ્નિસ્ટ છે, પોલિટિશિયન છે કે બૉડીબિલ્ડર છે તેના કરતાં કલકત્તાના જમાનાના *યાર* છે તે વસ્તુ જ કીકીઓમાં તરતી. બક્ષીના ગૈર-સાહિત્યિક મિત્રો જ બહોળી સંખ્યામાં છે. સકળજગતના લાભાર્થે અમે જાહેર તકરારો કરતા, તલવારો ઉછાળતા અને પરસ્પરની નામોશી કરતા. પરંતુ તે જ સાંજે બક્ષી મને ઉડિપીમાં ઢોસો ખવરાવતા અને હું એમને ન્યૂ યોર્કના નકશાવાળું ટીશર્ટ ભેટ આપતો.

***

મારી એક થિયરી છે કે બક્ષી મહા પૅશનેટ માણસ છે; તમને ચાહે કે ધિક્કારે તે વન ઍન્ડ ધ સેઇમ થિંગ છે. જ્યારે જ્યારે મળીએ ત્યારે, ભૂલ્યા વિના, રોજ મળ્યા હોઈએ તો રોજ, બક્ષી મને ભારત આવી જવા સમજાવતા, અને લાલચરૂપે પોતાને આવતા પુરસ્કારના ચેકો બતાવતા. હવે તે સિક્સ ફિગરે પહોંચેલા. તે અમદાવાદ શિફ્ટ થયા ત્યારે તો હું એટલો લલચાયેલો કે તે જ એરિયામાં ફ્લૅટ લેવા સખત હિલચાલ કરેલી. અમદાવાદનું, ભારતનું એક મહા આકર્ષણ હતું, બક્ષી. હું અમદાવાદમાં કલકત્તા ઊભું કરવાનાં ખ્વાબ જોતો હતો, હું સૅટલાઇટમાં ફ્લૅટ લઈને સેટલ થઈશ, રોજ બક્ષી સાથે દારૂ પીઈશું, જમીશું, ખાશું, પીશું, રાજ કરીશું.

બક્ષીનો એક બીજો કાયમી તકાજો હતો, 'મધુબાબુ યાર, તમે આત્મકથા લખો. આત્મકથા લખો. આત્મકથા લખો.' એમણે મારી આત્મકથા માટે ટાઇટલ આપી રાખેલું: 'રિટર્ન ટિકિટ'.

સો બસ્સો પાનાં હજી બીજાં લખાય તેટલી બધી સ્મૃતિઓનાં બ્યુગલ ખોપરીમાં વાગે છે. હું હાંફળો ફાંફળો થઈ ફાંફાં મારું છું, આ લખું, આ લખું, આ લખું? અને બક્ષીની હિદાયત યાદ આવે છે, બ્રેવિટી, બ્રેવિટી, બ્રેવિટી. બક્ષી, બક્ષી, બક્ષી.

કિંતુ બક્ષી હવે નથી. મન-વાનર કલ્પના કરે છે કે બક્ષીને લેવા આવેલા યમદૂતો એમને ઉપાડતાં બ્હીના હશે. કે ભાલો લઈને હવે બક્ષી યમરાજાની આંખો ફોડતા હશે.

બક્ષીના અવસાન મિષે સુચી વ્યાસ, હર્નિશભાઈ, દેવેન્દ્ર પીર, આર.પી., રાહુલ શુક્લ, રામ ગઢવી, વલ્લભ ભક્ત, પી.સી. દવે. ઠેકઠેકાણેથી અનેક લોકો આશ્વાસન આપવા ફોન કે ઇમેઇલ કરે છે. અને નોસ્ટાલ્જિયાથી આતંકિત બનીને હું દિલીપ ગણાત્રાને કલકત્તા ફોન કરું છું —

બક્ષી અમારા કરતાં દસેક વરસ મોટા હતા, હું દિલીપને કહું છું કે હવે આપણી પાસે દસેક વરસ છે. દિલીપ કહે છે કે હું એ વાતે ડરતો નથી.

કલકત્તાના ટાઇગર સિનેમામાં હું, દિલીપ અને બક્ષી 'ફૅની' નામની ફ્રેન્ચ ફિલ્મ જોવા ગયેલા. તેમાં મરણપથારીએ પડેલા મૉરિસ શેવૅલિયે કહે છે, મને મરવાનો ડર નથી. ડર એ છે કે હું તમને સૌને મિસ કરીશ.

દિલીપ કહે છે કે તેને મરવાનો ડર નથી, તેને ડર છે કે મરશે તો મિત્રોને મિસ કરશે. દિલીપ કહેતો નથી પણ ઇંગિત કરે છે કે પ્રસ્તુત મરનારને આપણે મિસ કરીશું.

બક્ષી, તમારી વાત લખતાં લખતાં હું મારી આત્મકથા માંડી બેઠો છું. આપણી મૈત્રીને વ્યાખ્યાના પાંજરે પૂરી શકાય તેમ નથી. એમ રોકડું કહી શકાય તેમ નથી કે આઈ લવ યુ કે આઈ હેઇટ યુ. પણ બક્ષી, આઈ મિસ યુ.

('ચિત્રલેખા'માંથી સાભાર)



સહર્ષ રજૂ કરીએ છીએ

## ગુજરાતી લિટરરી ઍકેડેમી ઓફ નોર્થ અમેરિકાની

## રજતજયંતી નિમિત્તે

# પાંચમું સાહિત્ય સંમેલન

બેસ્ટ વેસ્ટર્ન હોટેલ, લૅન્હૅમ, મૅરીલૅન્ડ

શુક્ર-શનિ-રવિ, સપ્ટેમ્બર ૮-૯-૧૦, ૨૦૦૬

## આમંત્રિત સાહિત્યકારો :

સર્વશ્રી હિમાંશી શેલત, ભોળાભાઈ પટેલ, સુરેશ દલાલ, નિરંજન ભગત, ધીરુભાઈ પરીખ

## કાર્યક્રમની પ્રાથમિક રૂપરેખા

શુક્રવાર, ૮-સપ્ટેમ્બર-૨૦૦૬

| | | |
|---|---|---|
| સાંજે | ૫:00 થી ૭:30 | **રજિસ્ટ્રેશન**, મિલન, ભોજન |
| | ૭:30 | **ઉદ્‌ઘાટન બેઠક** |
| | | સ્વાગત : શ્રી શંકરભાઈ પટેલ, શ્રી રામ ગઢવી |
| | | **'કવિતા માણવાની કળા'** -- શ્રી સુરેશ દલાલ |
| | ૯:30 | **લોક-સાહિત્ય સંધ્યા** - ગીત-વાર્તા-ભજન |
| | | શ્રી ભીખુદાન ગઢવી, શ્રી ભારતીબેન વ્યાસ અને અન્ય કલાકારો |

શનિવાર, ૯-સપ્ટેમ્બર-૨૦૦૬

| | | |
|---|---|---|
| સવારે | ૭:00 | **રજિસ્ટ્રેશન**, નાસ્તો |
| | ૯:00 | **પ્રથમ બેઠક : જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ગુજરાતી સાહિત્યકારો** |
| | | 'ઉમાશંકર જોશી, યુગદૃષ્ટા કવિ' — શ્રી નિરંજન ભગત |
| | | 'પન્નાલાલ પટેલ, માનવતાનો વાર્તાકાર' — શ્રી હિમાંશી શેલત |
| | | સંચાલન : શ્રી સુરેશ દલાલ |
| | ૧૧:00 | વિરામ |
| | ૧૧:30 | **જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ગુજરાતી સાહિત્યકારો** (ચાલુ) |
| | | 'રાજેન્દ્ર શાહ, કાવ્યનો કસબી' — શ્રી ધીરુભાઈ પરીખ |
| | | 'ત્રણ પ્રખર પ્રતિભાઓ' — શ્રી ભોળાભાઈ પટેલ |
| બપોરે | ૧:00 | ભોજન |

શનિવાર, ૯-સપ્ટેમ્બર-૨૦૦૬ (ચાલુ)

| | | |
|---|---|---|
| | ૨:00 | **દ્વિતીય બેઠક** : |
| | | શ્રી પ્રીતિ સેનગુપ્તાને **શ્રી ચુનિલાલ વેલજી મહેતા પારિતોષિક અર્પણવિધિ** |
| | | સંચાલન : શ્રી રામ ગઢવી |
| | | વિજેતાનો પરિચય : શ્રી ભોળાભાઈ પટેલ |
| | | પ્રતિભાવ : શ્રી પ્રીતિ સેનગુપ્તા |
| | | **'આધુનિક ગુજરાતી વાર્તા'** : શ્રી હિમાંશી શેલત |
| | 3:30 | વિરામ |
| | ૪:00 | **તૃતીય બેઠક : અસ્મિતાની શોધમાં – ગુજરાતી લેખિકા, દેશમાં અને વિદેશમાં** |
| | | સંચાલન : શ્રી પન્ના નાયક |
| | | વક્તાઓ : સર્વશ્રી હિમાંશી શેલત, મધુમતી મહેતા, પ્રીતિ સેનગુપ્તા, નંદિતા ઠાકોર |
| સાંજે | ૬:00 | ભોજન |
| | ૮:00 | **નાટ્યોત્સવ** : નાટકોની રજૂઆત |

રવિવાર, ૧૦-સપ્ટેમ્બર-૨૦૦૬

| | | |
|---|---|---|
| સવારે | ૭:00 | નાસ્તો |
| | ૯:00 | **ઍકેડેમીના સભ્યોની સભા** |
| | | 'ઍકેડેમીનાં પહેલાં ૨૫ વર્ષ' : શ્રી રામ ગઢવી |
| | | પ્રમુખ, મંત્રી અને ખજાનચીના અહેવાલો |
| | ૧૦:00 | **ચતુર્થ બેઠક : ઉત્તર અમેરિકામાં રચાતું ગુજરાતી સાહિત્ય** |
| | | સંચાલન : શ્રી ચંદ્રકાન્ત શાહ |
| | | 'અમેરિકાવાસી ગુજરાતી લેખકો – એક સમીક્ષા' : શ્રી મધુસૂદન કાપડિયા |
| | | **પઠન** : આમંત્રિત સાહિત્યકારો અને ચૂંટેલા સ્થાનિક સર્જકોનું ગદ્ય-પદ્ય પઠન |
| બપોરે | ૦૧:00 | ભોજન, **વિસર્જન** |

* * *

## સંમેલન યજમાન સમિતિ

સર્વશ્રી શંકરભાઈ પટેલ (અધ્યક્ષ), ડૉ. નટવર ગાંધી, મનુ ધોકાઈ, કિરીટ ઉદેશી
કનુ દોશી, પ્રણવ પંડ્યા, નિયતિ પંડ્યા, યશવંત પારેખ, ડૉ. વિનોદ શાહ, અપર્ણા પુરી

## સંમેલન વ્યવસ્થાપકો

શ્રી મનુ ધોકાઈ (૭૦૩-૯૧૪-૯૩૪૦), શ્રી કિરીટ ઉદેશી (૭૦૩-૪૪૯-૦૭૭૨)

## ઍકેડેમીની કાર્યવાહક સમિતિ

સર્વશ્રી રામ ગઢવી (પ્રમુખ, સંપર્ક ૯૭૩-૬૩૩-૭૪૭૩), રાજેશ ભગત, અશોક મેઘાણી, ડૉ. જયેશ શાહ
હરનિશ જાની, ચંદ્રકાન્ત શાહ, નીતિન તલસાણિયા, હિરેન માલાણી, દ્રષ્ટિ પટેલ

## પ્રમુખનો પત્ર

મિત્રો,

'દેશ-વિદેશ'નો અંક આપને મોકલતાં આનંદ થાય છે. આ અંકના આમંત્રિત સંપાદક મધુ રાયનો હું આભારી છું અને આશા રાખું છું કે આપને પણ આ 'માત્ર ગદ્ય' પ્રયોગ ગમે.

અગાઉના અંકમાં અમે જણાવેલું કે ઍકેડેમીની રજતજયંતી નિમિત્તેનું પાંચમું સાહિત્ય સંમેલન રાજધાની ક્ષેત્ર વૉશિંગ્ટન, ડી.સી.માં યોજાશે. ૮-૯-૧૦ સપ્ટેમ્બર, ૨૦૦૬ દરમ્યાન થનારા આ સંમેલનની તૈયારી જોરશોરથી ચાલી રહી છે. સંમેલનના કાર્યક્રમની પ્રાથમિક રૂપરેખા આ અંકના પૃ. ૨૬-૨૭ પર આપેલી છે. આ ઉજવણીમાં સામેલ થવા આવનાર ખ્યાતનામ સાહિત્યકારોની ઉપસ્થિતિનો લાભ લેવા આ સંમેલનમાં આવવા આપને અમારું ભાવભર્યું આમંત્રણ છે. સંમેલન રજિસ્ટ્રેશનની સામગ્રી અમે થોડા જ સમયમાં સભ્યોને પહોંચાડશું.

સંમેલનમાં આપને મળવાનો અભિલાષી,

રામ ગઢવી

## સંપાદકીય

ચંદ્રકાંત બક્ષી સાહિત્યકારથી ઘણા વિશેષ હતા. તેમના ગદ્યથી અનેક લેખકો પ્રભાવિત હશે અને એમના વિચારોએ ગુજરાતની પેઢીઓનાં જીવનને અસર કરી હશે. ઇન્દુલાલ યાજ્ઞિક કે કદાચ વલ્લભભાઈ પટેલની જેમ ઇતિહાસ એમની ગણના ગુજરાતના મહાપુરુષોમાં કરશે.

સાહિત્યકારોમાંથી ચંદ્રકાંત બક્ષી પોતાના બે પૂર્વસૂરિઓનો આદર કરતા, મુનશી અને મેઘાણી. તે સિવાયના પૂર્વ - કે ઉત્તરસૂરિઓને તે ગણકારતા નહીં. તેમની ફિતરતને તે વસ્તુ માફક આવતી અને એ મુદ્રા એમની યુયુત્સુ પ્રતિભાને ઔર દીપાવતી હતી.

આ અંકનું કામ શરૂ થાય ત્યાં અચાનક બક્ષીના સમાચાર આવ્યા તેથી આ ગદ્યવિશેષાંક અદ્વિતીય ગુજરાતી ગદ્યલેખક ચંદ્રકાંત બક્ષીની સ્મૃતિને અર્પણ છે.

આ અંકમાં અમેરિકા સ્થાયી થયેલા ગદ્યલેખકોની, ગદ્યની અલગ અલગ છટાઓ આવે તેવી, રચનાઓ છે અને તેવા બધા ગદ્યલેખકોને લઈ શકાયા નથી તેનો ખેદ છે. બક્ષીની સરખામણીએ વિનમ્ર, આ સંપાદક પોતાના તમામ પૂર્વ- અને ઉત્તરસૂરિઓ પાસે નતમસ્તક છે.

પ્રેસમાં જતાં ફરી અચાનક અવ્વલ પદ્યકાર રમેશ પારેખના અવસાનના સમાચાર મળે છે અને મન ખિન્ન છે.

મધુ રાય

મધુ રાયને આ અંકનું સંપાદન કરવા ઘણા સંકોચ સાથે પૂછ્યું ત્યારે એક મોટો લોભ એમનું પોતાનું લખાણ મેળવવાનો હતો. એમના લેખ સહિતનું એમણે કરેલું આ ગદ્યસંકલન રજૂ કરતાં ઘણો આનંદ થાય છે. આપને એ સમર્થ ગદ્યકારની લેખોની પસંદગી ઉપરાંત, એમની જ કરેલી આ અંકની ગોઠવણી અને વેશભૂષા પણ ગમશે. આ સંપાદન કરી આપવા માટે અને એક શિખાઉ સાથે દેખાડેલી ધીરજ માટે હું એમનો ખૂબ ખૂબ ઋણી છું.

સપ્ટેમ્બરના સાહિત્ય સંમેલન પ્રસંગે નીકળનાર વિશેષાંકના સંપાદનકાર્યમાં શ્રી નિયતિ પંડ્યા જોડાશે. એ અંક માટેની કૃતિઓ ટપાલથી (Ashok Meghani, 2912 Placid Drive, Baldwin, MD 21013) અથવા સ્કૅન કરીને ઈ-મેઇલથી (ashok@meghani.com) ૧૫ જુલાઈ પહેલાં અમને પહોંચાડવા વિનંતિ છે (ફૅક્સની વ્યવસ્થા નથી.). મળેલી કૃતિઓ પરત કરવાની અમારી અશક્તિ માટે દિલગીર છીએ.

અશોક મેઘાણી

---

GUJARATI LITERARY ACADEMY OF N.A.
4 ALES PLACE, WAYNE, NJ 07470

**NON-PROFIT ORG.**
**U.S. POSTAGE**
**PAID**
**WAYNE NJ**
**PERMIT No. 258**

To :